# માયા

લેખક

## સ્વામી માધવતીર્થ

# માયા



લેખક

સ્વામી માધવતીર્થ

પ્રકાશક :

વેદાન્ત આશ્રમ ટ્રસ્ટ

મુ. ફુલપુરા, પોસ્ટ - વલાદ, જિ. ગાંધીનગર

પીન : ૩૮૨૫૫૫

તૃતિય આવૃત્તિ, ૨૪-૭-૨૦૦૨

પ્રત : ૧૦૦૦

**પ્રકાશક :**

**વેદાન્ત આશ્રમ ટ્રસ્ટ, વલાદ**

મુ. ફુલપુરા, પો. વલાદ


જિ. ગાંધીનગર, પીન - ૩૮૨૫૫૫.

ફોન : (૦૭૯) ૩૨૭૭૩૧૬


**મુદ્રક :**

સોહમ પ્રિન્ટર્સ

બાપુનગર, અમદાવાદ.



**પ.પૂ. સ્વામિ માધવતીર્થજી મહારાજ**



પ.પૂ. સ્વામિ કૃષ્ણાનંદજી મહારાજ

# પ્રસ્તાવના

સંસારની માયા એવા પ્રકારની છે કે તે સમજવામાં ઘણા વિદ્વાન માણસોની બુદ્ધિ પણ થાકી જાય છે; તેથી અનેક પ્રકારના દર્શન માણસના સમાજમાં નજરે પડે છે. વળી હાલના કાળમાં વિમાન વગેરે વાહનની ઝડપી મુસાફરીની સગવડને લઈને ઘણા દેશોના સંસ્કારની ભેળસેળ થયેલી છે, તેથી તેમાંથી સાચું દર્શન પ્રાપ્ત કરી લેવું એ સામાન્ય માણસોને માટે મુશ્કેલ પડે છે. ખ્રિસ્તીઓનું દર્શન, મુસલમાનોનું દર્શન, પારસીઓનું, યહુદીઓનું, ચીનનું દર્શન અને હિંદુઓના ૧૨ દર્શન એ બધાનો સંબંધ વધારે નિકટ થયો છે. દરેક પોતાના દર્શનને સાચું માને છે. તે ઉપરાંત સાયન્સમાં છેલ્લા પચાસ વર્ષ થયાં ઘણા મોટા ફેરફારો થયા છે. તેમાં ખાસ કરીને પ્રો. આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદથી પશ્ચિમના દેશોમાં દૃષ્ટિ-સૃષ્ટિવાદ શરૂ થયો છે.

આત્મામાં પ્રીતિ અને સંસારના સુખમાં વૈરાગ્ય રાખવો એવું ઘણા પ્રાચીન ધર્મોમાં માનેલું છે, છતાં ભૌતિક સાયન્સની મદદથી ઈંદ્રિયોના વિષયોના ભોગ માટે માણસોને જે નવી જાતની સગવડો મળી છે તેનાથી પ્રાચીન કાળના ધાર્મિક સિધ્ધાંતો ભૂલાવા લાગ્યા છે, વસ્તી વધે છે અને તેની સાથે ભોગ પણ વધે છે. ભોગ વધવાથી, ઉત્પાદન અને વહેંચણીની મુશ્કેલી પણ વધી છે. તે મુશ્કેલીમાંથી નીકળવા માટે નવા અને સારા ઉપાય શોધવા પડશે. તે માટે કેટલીક સુચનાઓ આ પુસ્તકમાં પ્રકરણ - ૪માં આપવામાં આવેલ છે. બધા દુઃખનું કારણ શરીરનું અભિમાન છે, તેનું કારણ કર્મ છે, કર્મનું કારણ રાગદ્વેષ છે, રાગદ્વેષનું કારણ અજ્ઞાન છે અને અજ્ઞાનનું કારણ આત્માના જ્ઞાનનો અભાવ છે અથવા વિચારનો અભાવ છે.

સારા સંસ્કાર માટે ઉત્તમ કેળવણીની જરૂર છે. જો તેમાં ભૂલ થાય તો માણસ અનાત્માના ધર્મને આત્માના ધર્મ માની બેસે છે અને તેથી

સંસાર વધે છે. બધા ધર્મમાં કેટલીક વિધિઓ હોય છે. તેમાં ઘણો ભેદ હોય છે, તે પરસ્પર સહન કરી લેવી જોઈશે, પણ આત્મામાં પ્રીતિ વધે અને સંસારના ક્ષણિક સુખોમાં વૈરાગ્ય આવે તેવા જ્ઞાનની સમાજ માટે જરૂર છે. માણસના જન્મ પહેલાં અને તેના મરણ પછી કોઈ દેશ પોતાનો નથી. વચમાં થોડા વખતના જીવન માટે તેને દેશની ભાવના રાખવાની જરૂર પડે છે. તેનાથી લડાઈઓ થાય છે. તેનું એક મુખ્ય કારણ વસ્તીનો વધારો છે. હવે બધા દેશોના સાધુ પુરુષોએ ભેગા થઈને સારા સંસ્કાર માટે નવા ઉપાય શોધવા પડે છે. જે સમાજમાં ઘણા સંયમી નિઃસ્વાર્થી અને સાધુ જેવો પુરુષો ઉત્પન્ન થઈ શકે તે સમાજની ઉન્નતિ જલદી થાય છે. તેથી લગ્નની પ્રથામાં પણ કાંઈક ફેરફાર કરવો પડશે અને એક સંસ્કારી અને સંયમી વર્ગ સમાજમાં ઉત્પન્ન કરવો પડશે. સંસ્કારી વર્ગના લગ્નમાંથી સારા સાધુઓ મળી શકશે. એવી પ્રણાલિકા હિંદુધર્મની વર્ણાશ્રમ પદ્ધતિમાં છે.

જ્ઞાન-દૃષ્ટિએ આખો સંસાર મિથ્યા છે. મિથ્યા એટલે તદ્દન ખોટો નહિ, પણ સંસારની દશામાં જે સાચા જેવો લાગે અને જે બ્રહ્મ દશામાં બાધ પામે. એવી વિચિત્ર માયાની રમત સમજવા જેવી છે. તેનો ખુલાસો આ પુસ્તકમાં ઘણી જગ્યાએ કરવામાં આવેલ છે. માણસોએ વાર્તાઓના પુસ્તકો વાંચવા કરતાં તત્ત્વજ્ઞાનના પુસ્તકો વાંચવાની ટેવ પાડવી જોઈએ. તેનાથી સત્ય સમજાય છે. માણસના શરીરનું આયુષ્ય બહુ ટૂંકુ છે, તેથી નકામી વાતોમાં અને નકામા વાંચનમાં વખત ગાળવો જોઈએ નહિ અને જેમ સરકાર પાંચ વર્ષની યોજના ઘડે છે, તેમ દરેક માણસે ૬૦ વર્ષની યોજના પોતાનું જીવન ઠીક કરવા માટે ઘડવી જોઈએ, તે બાબતની સુચના ચોથા પ્રકરણમાં આપવામાં આવેલ છે.

વિષયો ભોગ કાળે જેટલું સુખ આપે છે તે કરતાં વિષયોના નાશ કાળે અનંત ગણુ દુઃખ આપે છે, તેથી વૃત્તિને વિષયોમાંથી હઠાવીને પ્રત્યગાત્મામાં લગાવવી જોઈએ, તત્ત્વનો વિચાર કરવાવાળાની દૃષ્ટિમાં અવિદ્યા અને સંસાર મિથ્યા છે, અને તેજ સંસાર વિચાર વગરના માણસો માટે વજ્રથી પણ વધારે કઠણ લાગે છે. અધિષ્ઠાનનું સામાન્ય રૂપથી જ્ઞાન અને વિશેષ રૂપથી અજ્ઞાન અને આરોપ્યના જ્ઞાનના સંસ્કાર એ ત્રણ સંસારની ભ્રાંતિના કારણ છે.

વિષયોની કામનાથી જ્યારે ચિત્ત વ્યાકુળ થઈ જાય છે ત્યારે પોતાનું સ્વરૂપ બ્રહ્માનંદ હોવા છતાં તિરોહીત થઈ જાય છે. સંસારમાં જે કામ સુખ છે અને સ્વર્ગમાં જે મહાન સુખ છે તે જે સુખ તૃષ્ણાના ક્ષયથી મળે છે તેના સોળમાં ભાગનું પણ નથી.

જેમ પશુના જ્ઞાનમાં અને માણસના જ્ઞાનમાં ફેર છે તેમ માણસના જ્ઞાનમાં અને બ્રહ્મજ્ઞાનમાં ઘણો ફેર છે. પ્રત્યક્ષ પ્રમાણ કોઈપણ રીતે અબાધિત અર્થને બતાવતું નથી. તેથી તેના ઉપર વિશ્વાસ રાખવો નહિ. જે વસ્તુ એક જ્ઞાનથી સાચી લાગે અને બીજા જ્ઞાનથી બાધ પામે તે મિથ્યા હોય છે. સૃષ્ટિ જાગ્રતના જ્ઞાનથી સાચી લાગે છે અને નિદ્રાના જ્ઞાનથી દેખાતી નથી તેથી સૃષ્ટિ સાચી નથી, છતાં અજ્ઞાન દશામાં સૃષ્ટિનો અનુભવ પણ થાય છે. તેથી આ બાબતમાં ખૂબ વિચાર કરવાની જરૂર છે. તેમાં આ પુસ્તક મદદ આપે તેવું છે.

આ પુસ્તકમાં ગરૂડજી અને સર્પનું ચિત્ર મુકવામાં આવેલ છે. ગરૂડનો અર્થ શાસ્ત્ર થાય છે અને સર્પનો અર્થ સંસાર થાય છે. જ્યારે શાસ્ત્રોદ્વારા વેદાંતનું મહાવાક્ય સંભળાય ત્યારે સંસારની વાસના રહેતી નથી અને મનનો નાશ થાય છે તેથી માયા જીતાય છે, તેથી શાસ્ત્રના અભ્યાસની જરૂર છે. તેનાથી નવું દર્શન મળે છે.

વેદાંત આશ્રમ પોસ્ટ-વલાદ
(અમદાવાદ-પ્રાંતિજ રેલ્વે) **સ્વામી શ્રીમાધવતીર્થ**

## અનુક્રમણિકા





## પ્રસ્તાવના

શ્રીમદ્દ્ ભગવદ્દ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે મમ માયા દુરત્યયા (૭:૧૪) મારી માયાને પામવાનું અને તેને સાંગોપાંગ પાર કરવાનું કામ અતિમુશ્કેલ છે, અત્યંત દુસ્તર છે. માયા[૧], જો હોય તો, તેને જેવી છે તે સ્વરૂપે સમજી લેવાનું કામ વિદુરજી જેવાને મુંઝવતું હતું તો પછી સામાન્ય સાધક માટે તો ... વિદુરજી માયા વિશે જેમ જેમ વિચારતા જતા હતા તેમ તેમ મુંઝાતા જતા હતા[૨], પરમાત્મા તો નિર્ગુણ, નિર્વિકાર અને ચિન્માત્ર છે, તો પછી કઈ ઈચ્છાથી પ્રેરાઈને ત્રિગુણાત્મક સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની કામગીરી હાથ ધરતા હશે ? આનંદમયી અને અદ્વિતીય બ્રહ્મમાં જીવ, જગત અને ઈશ્વરની લીલા કરવાની કામના જન્મી શકે ખરી ? શું જ્ઞાનસ્વરૂપ પરમાત્મામાં માયા અવિદ્યા કે અજ્ઞાન પ્રવેશી શકે ખરું ? જે "નથી" (असत्) તેને સાક્ષાત્ દેખાડે છે અને વાસ્તવમાં જે "છે" (सत्) તેને ઢાંકી દે છે, અજ્ઞાન કાળે જે "છે" (सत्) સ્વરૂપે ભાસે છે અને તત્વજ્ઞાનની દૃષ્ટિથી જે વાસ્તવમાં "છે જ નહીં" (असत्) છે તેમ સમજાઈ જાય છે.

માયાના આવા અનિર્વચનીય સ્વરૂપને સાધક પોતાની મર્યાદિત બુદ્ધિથી અને સ્વપ્રયત્ન દ્વારા કદી પાર પામી શકે તેમ

---

(૧) સંસ્કૃતમાં मा એટલે નહીં અને या એટલે જે. જે નથી તે એનું નામ જ માયા.

(૨) જુઓ પ્રકરણ : ૩ પ્રલય અને ઉત્પત્તિમાં દૃષ્ટિ સૃષ્ટિવાદની રીતે ઉત્પત્તિની ચર્ચા. મહારાજશ્રી અખંડાનંદ સરસ્વતીએ પણ માયાના સ્વરૂપની છણાવટ માટે વિદુરજી અને મૈત્રેયજીના સંવાદની જ મદદ લીધી છે. આ માટે જુઓ आनन्द बोध વર્ષ : ૧૪, અંક : ૩ (માર્ચ ૧૯૯૭) પૃષ્ઠ : ૯૮

નથી. અહીં જ શાસ્ત્રકૃપા અને આત્મકૃપા ઉપરાંત ગુરૂકૃપા અનિવાર્ય બને છે. પ.પૂ. સ્વામી શ્રી માધવતીર્થજીનું આ પુસ્તક-વાસ્તવમાં તેને 'માધવોપનિષદ' કહી શકાય - એ સાચા અર્થના ગુરૂકૃપા છે. શરણાગત સાધક આ પુસ્તકના શ્રદ્ધાપૂર્વક અભ્યાસ દ્વારા શ્રીકૃષ્ણે કહેલ અતિમુશ્કેલ ત્રિગુણાત્મકી માયાને પાર પામીને - સંશય અને વિપરીત ભાવના દૂર થતા આવરણભંગ પામીને - અત્યારે અને અહીં જ આત્મનિષ્ઠ થઈ શકે તેમ છે.

અધિકારી, વિષય, સંબંધ અને પ્રયોજન - ચાર અનુબંધના સંદર્ભમાં વિચારીએ તો, બ્રહ્માત્માના અભેદજ્ઞાનથી માયાની નિવૃત્તિ દ્વારા પરમાનંદની પ્રાપ્તિએ આ પુસ્તકનું પ્રયોજન છે. માત્ર કુતુહલવશ જગત અને ઈશ્વરને એટલે કે સંસારને જાણવાની ઈચ્છા હોય તેઓ આ પુસ્તકના અધિકારી નથી. "મને સસરાના ઘરનું સુખ આપો તો જ હું પીયરનું સુખ છોડું" (પ્રકરણ : ૨ માયા, પૃષ્ઠ : ૨૦) એવી વૃત્તિ ધરાવતા સાધક - એટલે કે મને चिदान्दरुपः शिवोऽहं નું સુખ આપો તો જ હું માયામયી સંસારને પડતો મુકુ એવો સાધક પણ આ પુસ્તકનો અધિકારી નથી. અણિશુદ્ધ મુમુક્ષત્વ ધરાવતા, શરણાગત અને શ્રદ્ધાવાન તથા સૂક્ષ્મ બુદ્ધિ ધરાવતા સાધકને લક્ષ્યમાં રાખીને જ પ.પૂ. સ્વામીજીએ આ પુસ્તક તૈયાર કર્યું હોય તેવું લાગે છે.

અલબત્ત, આ પુસ્તકમાં વિષયવસ્તુની છણાવટ કરવાની પૂ. સ્વામીજીની શૈલી અદ્દભૂત છે. મહદ્અંશે સુત્રાત્મક રીતે કે સમાધિની ભાષામાં પૂ. સ્વામીજીની માયાની અનિર્વચનીયતાને સમજાવે છે. પરંતુ સમાધિની ભાષામાં અધિકારી મુમુક્ષુ અટવાઈ ન જાય તે માટે પૂ. સ્વામીજીએ વિશેષ કાળજી લીધી છે. તેમણે વચ્ચે વચ્ચે પ્રશ્ન-ઉત્તર દ્વારા વિષયને અનુરૂપ સંવાદો પ્રયોજીને સાધકને માયા ઉપર મનન-ચિંતન કરવાની ખાસ સગવડ કરી આપી છે.(૩) પ્રકરણ : ૧માં પડછાયાથી ગભરાઈ ગયેલ જમીનદારની પુત્રવધુનું દૃષ્ટાંત છે. પ્રકરણ : ૨માં "હું તો ભિખારીનો ભિખારી જ રહ્યો" ની કથા આવે છે. તદ્ઉપરાંત અંતે પરિશિષ્ટમાં "માયાની શકિત" ની વાત કરાઈ છે. આ ત્રણ બાબતોને શરૂઆતમાં સમજી લઈએ તો, આ પુસ્તકને સમજવામાં ખૂબ અનુકુળતા રહે છે. આવી અનુકુળતાને પણ પૂ. સ્વામીજીની ગુરૂકૃપા જ સમજવી રહી.

પ્રકરણ : ૧ તથા ૨ માં અવિદ્યાજન્ય માયા અને તેના કાર્ય સંસારની સમજુતી આપીને, પૂ. સ્વામીજીએ અંતે તે અનિર્વચનીય છે તેમ દર્શાવ્યું છે. પ્રકરણ : ૩માં એક જ સત્તાના વિચારથી જીવ, જગત અને ઈશ્વરના આત્યંતિક પ્રલયની અનિવાર્યતા સ્પષ્ટ કરાવાઈ છે. પ્રકરણ : ૪માં દુઃખની આત્યંતિક નિવૃત્તિ અને પરમસુખની પ્રાપ્તિ ઈચ્છતા સાધકે કેવી જીવનશૈલી અપનાવવી અનિવાર્ય છે તે પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. પ્રકરણ : ૫માં જ્ઞાન માટે જરૂરી અંતઃકરણની શુદ્ધિના સાધન તરીકે કર્મનો મહિમા ગવાયો છે.

વિજ્ઞાનમાં જ શ્રદ્ધા ધરાવતા અને પશ્ચિમી સંસ્કૃતિથી પ્રભાવિત થયેલા જીજ્ઞાસુઓને ઉપનિષદોમાં સમજાવેલ દેશ-કાળના મિથ્યાત્વને સમજાવવા માટે પૂ. સ્વામીજી પ્રો. આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદની મદદ લેતા હતા. આજ

(૩) જુઓ પ્રકરણ : ૧ માં મનુષ્ય અને સંત વચ્ચેનો સંવાદ. પ્રકરણ : ૨ પુરુષ અને સંત વચ્ચેનો સંવાદ. આજ પ્રકરણમાં પૂ. સ્વામીજી માયા અને બ્રહ્મ વચ્ચે સંવાદ પ્રયોજીને માયાની જ્ઞાન ઠેકાણે લાવે છે. !!!!

સાપેક્ષવાદનો આશરો લઈને દુનિયાના ઈતિહાસ અને વર્તમાન ભૂગોળને મિથ્યા સમજીને "બધા દેશોનું એક રાજ્ય" સર્જવાના મૌલિક વિચારની પણ પૂ. સ્વામીજીને પ્રકરણ : જમાં રજુઆત કરી છે. વ્યવહારિક સત્તામાં જ ભાસમાન થતા આ જગતમાં ધર્મ અને સુખ-શાંતિનું રાજ્ય સ્થાપવામાં રસ ધરાવનારાઓને પૂ. સ્વામીજીના આ મૌલિક અવશ્ય પ્રભાવિત કરે તેવા છે.

માયા પુસ્તકની નવી આવૃત્તિની સતત વધતી જતી માંગને અનુલક્ષીને રજુ થતી આ બીજી આવૃત્તિ, મુમુક્ષુઓને તેમના સાધના માર્ગમાં ઉપકારક નીવડશે તેવી શ્રદ્ધા છે.

**ગુરૂપૂર્ણિમા** — **ટ્રસ્ટીઓ**

**તા. ૨૪-૭-૨૦૦૨** — **વેદાંત આશ્રમ વલાદ.**



## પ્રકરણ : ૧

# સંસારની વ્યાખ્યા

સંસાર શબ્દનો અર્થ સંસરણ થાય છે. સંસરણ એટલે જવું, આગળ વધવું અથવા ઘુમવું એવો અર્થ થાય છે. ઘુમવાનો અર્થ ચકાકારે ફરવું, જન્મમરણના ચક્રમાં ફરવું અથવા વાતોના ચક્કરમાં ઘુમવું. કોઈ એક બાબતની વાતચીત નીકળે ત્યારે બીજા માણસો તેજ જાતની વાત કાઢીને તે વાતને લાંબી કરે ત્યારે વાતોનું એક ચક્કર થાય છે. તે પણ સંસારનું સ્વરૂપ છે. હાલના સાપેક્ષવાદના સાયન્સમાં એને World-line કહે છે.

જે વસ્તુ સામે દેખાય છે તે સંસાર નથી, તેમાં પોતાની માન્યતા ભેળવીને તેને બનાવ બનાવીને ચાલુ રાખવો તેને સંસાર કહે છે સામે જે દેખાય છે તે જગત છે, તે કહેતું નથી કે "હું જગત છું." તેનામાં કાંઈ સત્તા નથી. એ જ દેખાવમાં આપણી માન્યતા ઉમેરાય અને તે માટે આપણે આપણો અભિપ્રાય આપીએ ત્યારે જગતમાંથી સંસાર થાય છે.

સંસારનો બીજો અર્થ સંબંધ થાય છે. કોઈની સાથે અમુક પ્રકારનો સંબંધ થયો, તે સંબંધનો વિચાર કર્યા વગર તેને ચાલુ રાખવો અને તે સાચો માનવો તેને પણ સંસાર કહે છે. જેમ કે કાકા-ભત્રીજા, દેરાણી-જેઠાણી, સાસુ-વહુ, એ

જન્મતા નથી છતાં તેની ઉંમર પૂછીએ તો ઉંમર કહેવામાં આવે છે. ખરી રીતે જે જન્મે નહિ તેની ઉંમર હોય નહિ, છતાં ઉંમર કેમ કહેવામાં આવે છે તેનો વિચાર કરવો જોઈએ. કોઈ બાઈનો દિકરો પરણ્યો હોય અને તેને એક મહિનો થયો હોય તો સાસુની ઉંમર એક મહિનાની થાય છતાં સાસુની ઉંમર ૪૦ વર્ષની કહેવામાં આવે છે, તેને સંસાર કહે છે. જે કાળ દર્શનને લાગુ પડે છે તે ભૂલીને કોઈ નવા કાળના ચક્કરમાં પડવું તેને સંસરણ કહે છે, તેને જ સંસાર કહે છે.

આપણે ભૂતકાળના બનાવોનો વિચાર કરીએ છીએ અને ભવિષ્યના બનાવો માટે કલ્પના બાંધીએ છીએ, એ બધુ આપણા વર્તમાન કાળના જ્ઞાનદ્વારા જાણીએ છીએ, છતાં વર્તમાનકાળના જ્ઞાન તરફ ધ્યાન રહેતું નથી. ધ્યાન રહે તો જ્ઞાનથી જ્ઞેય જાુદુ નથી તેથી સંસરણ લાંબુ થાય નહિ, પણ એક વિચારથી બીજા એવા વિચાર ઉપર ચડી જઈએ અને જ્ઞાનના પ્રમાણનો વિચાર રહે નહિ ત્યારે જે દશા ઉત્પન્ન થાય તેને અજ્ઞાન કહે છે, એટલે જ્ઞાન વગરની દશા અથવા વિપરીત જ્ઞાનવાળી દશા થાય છે, તેને જ સંસરણ અથવા સંસાર કહે છે.

કેટલાક લોકો એમ માને છે કે સંસાર એક નદીના પ્રવાહ જેવો છે, એટલે નદી કોઈ પર્વતમાંથી નીકળીને કોઈ સમુદ્ર તરફ જઈને તેનો છેડો આવી જાય છે તેમ સંસાર કોઈ જગ્યાએ કોઈ વખતે ઉત્પન્ન થયો હશે અને કોઈ જગ્યાએ કોઈ



વખતે પુરો થઈ જશે, પણ એ વાત સાચી નથી. સંસાર એ નદીના પ્રવાહ જેવો નથી પણ સંસારનું ચક્ર છે, જેમ કોઈ ચક્રની શરૂઆત અને છેડો મળતા નથી તેમ સંસારની શરૂઆત અને છેડો મળશે નહિ. જેમ સ્વપ્નાનો સંસાર એ એક ચક્કર છે તેમ જાગ્રતનો સંસાર એ પણ એક ચક્કર છે. એવું ચક્કર શી રીતે બને છે તે જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. સ્વપ્નાનું ચક્કર અજ્ઞાનથી શરૂ થાય છે, અને જ્ઞાનથી પૂરું થાય છે. જાગ્રતનું ચક્કર પણ અજ્ઞાનથી શરૂ થાય છે અને જ્ઞાનથી પૂરું થાય છે.

ચોરાશી લાખ યોનિ એ ચોરાશી લાખ જાતના સંસારના ચક્ર છે. જીવનો સ્વભાવ એવો છે કે જેવો તેને સંગ મળે છે તેવો તે થઈ જાય છે. જે વખતે જે યોનિમાં જાય છે, તે વખતે તે યોનિ જેવો બની જાય છે અને તે યોનિ તેને પ્રિય લાગે છે. એ યોનિને છોડવાની ઈચ્છા કરતો નથી. જ્યારે જીવ ઉંચી યોનિમાં જાય છે ત્યારે નીચી યોનિની નિંદા કરે છે અને તેને તુચ્છ સમજે છે, પણ પોતે જ નીચી યોનિમાં જાય છે ત્યારે તે તેને ખરાબ લાગતી નથી. સારાંશ એ છે કે જીવ જે યોનિમાં છે તેમાં તે મગ્ન રહે છે, તેવું અજ્ઞાનથી લાગે છે, પણ તે અજ્ઞાન છે એવો બોધ તેને થતો નથી. એ જ સંસારનું આશ્ચર્ય છે કે અજ્ઞાની માણસ પોતાને અજ્ઞાની માની શકતો નથી અને પોતાને જ્ઞાની અને બુદ્ધિમાન સમજે છે. સ્વપ્નામાં પણ પોતાને જ્ઞાની અને બુદ્ધિમાન સમજે છે. જો બધા પોતાને જ્ઞાની માને તો સંસારમાં અજ્ઞાની કોને માનવો ? પોતાને

પોતાનું માપ સાચું લાગે છે અને બીજાનું જૂઠું લાગે છે તેથી કોઈ પોતાને અજ્ઞાની માનતા નથી. અજ્ઞાનમાં ઘણી શક્તિ છે, તેની ખાત્રી સ્વપ્નામાં બરાબર થાય છે.

ખરો જ્ઞાની આત્મજ્ઞાની છે. તે પોતાને અજ્ઞાની કહેતો નથી અને અજ્ઞાની પણ પોતાને અજ્ઞાની કહેતો નથી અને તે સિવાય ત્રીજી જાતનો કોઈ માણસ નથી. જ્ઞાનબોધ બુદ્ધિથી થાય છે, તેથી એમ ન કહી શકાય કે જેનામાં બુદ્ધિ છે તેનામાં જ્ઞાન નથી. જે બુદ્ધિવાળા પ્રાણી છે તે બધા પોતાની બુદ્ધિથી જ્ઞાની છે, અજ્ઞાની કોઈ નથી. બધે જ્ઞાનસત્તા જ કામ કરી રહેલ છે.

સંસારના બનાવોમાં પોતાની યોગ્યતા અનુસાર એકબીજાથી બુદ્ધિમાં ન્યુનાધિક હોવા છતાં બધા પોતાને જ્ઞાની માને છે, છતાં વ્યવહારિક જ્ઞાન માયિક છે અને પરમાર્થિક જ્ઞાન બ્રહ્મ સ્વરૂપ છે. માયિક જ્ઞાનનો અર્થ એ છે કે જે વખતે જે જાતની માયાની જે બનાવમાં જરૂર પડે ત્યાં તેવું જ્ઞાન પ્રમાણ થાય છે અને તેવા જ્ઞાનથી વ્યવહાર ચાલે છે, તેથી તેવા જ્ઞાનવાળા પોતાને જ્ઞાની માને છે. આવું જ્ઞાન મેળવવું સહેલું છે. તેનાથી ઈંદ્રિયોનો ઉપયોગ થઈ શકે છે તેથી સંસાર ચાલ્યા કરે છે અને તેથી વધારે તપાસ કરવાની જરૂર ઘણાને લાગતી નથી. દરેક માબાપ પોતાના કુટુંબના ભલા માટે પ્રયત્ન કરે છે અને દરેક દેશના દરેક પ્રધાન પણ પોતાના દેશના ભલા માટે પ્રયત્ન કરે છે, છતાં કુટુંબમાં કલેશ થાય છે અને દેશના રક્ષણ માટે લડાઈઓ થાય છે, તેનું કારણ એ છે કે સંસારમાં અનેક પ્રકારના ચક્કર છે. જે જ્ઞાન એક પ્રકારના ચક્કરમાં અથવા સંજોગોમાં પ્રમાણ થાય છે તે જ્ઞાન બીજા ચક્કરમાં અથવા બીજા સંજોગોમાં પ્રમાણ થતું નથી. તેથી બધા સંજોગોમાં સમતા રહે તેવી વૃત્તિ કેળવી હોય તો જ સંસાર જીતી શકાય છે. એક કન્યા પરણીને સાસરે ગઈ ત્યારે તેણે નવા સંજોગો જોયા. તેની સાસુ કાંઈ કહે તો તે સહન કરી શકતી નહોતી કારણ કે પિયરમાં તેની સામે કોઈ કાંઈ કહી શકતું નહોતું. તેને પોતાનું જ્ઞાન સાચું લાગતું હતું, પણ તે બધા સંજોગોમાં કામ આવે તેવું નહોતું.



જીવનો સંસાર પણ દેહના અધ્યાસથી વધે છે. વારંવાર દેહ હું છું એમ માનવાથી સંસાર વધે છે, જેને એમ લાગે છે કે દેહ હું છું તેને સંસારનું સુખ એ આત્માનું સુખ લાગે છે, ખોટી વસ્તુની વારંવાર આવૃત્તિ કરવી તેને સંસરણ કહે છે, તેનાથી સંસાર ઉત્પન્ન થાય છે. વારંવાર આવૃત્તિ કરવાથી ખોટું પણ સાચું થઈ જાય છે. બાળકના જન્મ પછી બાળક એવું વર્તન કરવામાં છેતરાય છે. મોટી ઉંમરે ઈતિહાસ શીખવામાં પણ એવી ભૂલો થાય છે. આપણે આપણા ઈતિહાસ માટે અંગ્રેજી સાલ સાચા તરીકે સ્વીકારી લીધી એટલે હવે તેમાં ભૂલ લાગશે નહિ. એવી જ રીતે બધો સંસાર ઉત્પન્ન થાય છે. તેથી સંસારનો અંત લાવવા માટે સાચા વિચારની અને સાચા દર્શનની જરૂર છે.

પુરાણોમાં કેટલીક ખોટી બાબતો આવે છે, પણ તેનો હેતુ માણસોને આત્મજ્ઞાન તરફ લઈ જવાનો હતો. તેને અર્થવાદ કહે છે છતાં પુરાણોમાં છેવટે કહી દે છે કે એ વાતો સાચી માનવાની નથી. હાલના કાળમાં વેપારી પોતાનો માલ વેચવા માટે કેટલીક ખોટી જાહેરખબરો આપે છે. એમાં સંસાર વધે એવો અર્થવાદ રહેલો હોય છે. માણસને જે ન ગમતું હોય તે તરત માનતા નથી. સંસારના સુખ તેમને ગમે છે, તેથી ગમે તે વાત માની લે છે. ખોટું બોલતા શીખવું અને તેની બીજાને ખબર ન પડે એ સંસારમાં એક કળા માનવામાં આવે છે. તેમાં પણ પોતાના સ્વાર્થ માટે ખોટું બોલવું એ દોષ છે, પણ તેથી બીજાનું ભલું થતું હોય તો તેમાં દોષ માનવામાં આવતો નથી. દાક્તરો દર્દીઓ પાસે ઘણું ખોટું બોલે છે અને તે દર્દીના લાભ માટે હોય છે, છતાં કેટલાક દાક્તરો ખોટું બોલ્યા વગર દર્દીને સારા કરી શકે છે. વકીલોની દશા દાક્તરો કરતાં પણ વધારે ખરાબ હોય છે. તેઓ માત્ર કાયદાની બારિકાઈઓ શોધીને અસીલનો બચાવ કરવા પ્રયત્ન કરે છે. આ રીતે સંસરણ થયા કરે છે, સંસાર વધે છે અને તેનો છેડો દેખાતો નથી.

પણ અજ્ઞાનીનું જ્ઞાનીપણું હમેશાં ટકતું નથી, કોઈ વખતે તે જ્ઞાની બની જાય છે અને કોઈ વખતે અજ્ઞાની બની જાય છે. જો તે વાસ્તવિક જ્ઞાની હોય તો કદાપિ અજ્ઞાની થાય



નહિ. જ્ઞાનીના નિશ્ચયમાં ફેર પડતો નથી. અમુક અમુક પદાર્થ અથવા બનાવનું જ્ઞાન થવાથી અજ્ઞાની પોતાને જ્ઞાની માને છે; પણ પદાર્થ અથવા બનાવ પરિવર્તનશીલ છે તેથી તેનું જ્ઞાન નિશ્ચયાત્મક રહેતું નથી. તેના જ્ઞાનનું સંસરણ થયા કરે છે. જ્ઞાની અજ્ઞાની થઈ શકતો નથી કારણ કે તેનો વિષય (એટલે આત્મા) નિત્ય સ્વભાવવાળો છે. તે સંસારથી વિરૂદ્ધ સ્વભાવવાળો છે.

અજ્ઞાની માણસ વિષયોની ઈચ્છાથી સંસારમાં ફસાય છે. જ્યારે ઉંદર ઘરમાં બહુ તોફાન કરતા હોય છે ત્યારે તેને પકડવાને માટે માણસો પાંજરૂ રાખે છે અને તેમાં રોટલીનો કટકો મૂકે છે. ઉંદર ફરતો ફરતો ત્યાં પહોંચી જાય છે. રોટલીના કટકાને જોઈને અને તેની ગંધથી ઉંદર સમજી જાય છે કે ત્યાં રોટલી છે તેથી તે પાંજરામાં જવાના માર્ગથી તેમાં જાય છે. ઉંદરના વજનથી બારણું ખુલી જાય છે, ઉંદર અંદર જાય છે અને કમાનથી બારણું બંધ થઈ જાય છે. ઉંદર પ્રસન્ન થઈને રોટલી ખાય છે તે વખતે તેને ખબર પડતી નથી કે પોતે પાંજરામાં બંધાયો છે અને કેદી બની ગયો છે. થોડા વખત પછી જ્યારે તે બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને લાગે છે કે તે બંધાઈ ગયો છે અને બહાર નીકળી શકતો નથી. તે વખતે તેની પ્રસન્નતા જતી રહે છે, તે ગભરાય છે, બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે, પાંજરાને કાપવાનો પ્રયત્ન કરે છે પણ તેને કાપી શકતો નથી. તે વખતે રોટલી ખાવાનું

ભૂલી જાય છે, રોટલી ખાવી તેને ગમતી નથી, આંહી તહી ફરે છે, ક્રોધ કરે છે, એટલામાં બીજો ઉંદર ત્યાં આવે છે અને તે પણ એવી રીતે બંધાઈ જાય છે, બંને બહાર નીકળી શકતા નથી. બંને પરસ્પર લડે છે. જ્યાં સુધી પાંજરાનું બંધન છે ત્યાં સુધી તેમને ચેન પડતું નથી. એવી જ રીતે માણસ પણ માયાના પાંજરામાં વિષય રૂપ રોટલીનો કટકો દેખી લાલચમાં બંધાઈ જાય છે. ઉંદર તો થોડીવારમાં સમજી જાય છે કે હું કેદમાં પડયો છું પણ માયાની જાળામાં પડેલા મનુષ્યને ખબર પડતી નથી કે પોતે બંધનમાં પડેલ છે ઉંદરનું પાંજરૂ બીજાએ બનાવેલું છે પણ માણસનું બંધન માણસ પોતે જ બનાવે છે, તે તેની કલ્પનામાંથી અથવા અજ્ઞાનમાંથી બને છે. અજ્ઞાનથી ક્રિયાનો અને કર્તાપણાનો સંબંધ દ્રઢ થાય છે. ક્રિયાના સંસ્કાર દઢ થઈને જીવને ભોગમાં નાખે છે. જ્યાં સંસ્કાર નથી ત્યાં ભોગનું સાધન નથી. જ્યાં અજ્ઞાન-યુક્ત સંસ્કાર છે ત્યાં બંધન છે ઉંદરની ક્રિયાથી બંધન નથી થતું પણ રોટલીના કટકાની લાલચ એ પાંજરૂ છે અને એ બંધનનું કારણ છે. અજ્ઞાનથી લાલચ થાય છે અને તેનાથી બંધન થાય છે.

એક શહેરની પાસે બગીચામાં એક સંત ઉપદેશ આપતા હતા અને સાંજે ત્યાં કેટલાક મુમુક્ષુઓ શ્રવણ કરવા માટે આવતા હતા. એક વખતે એક મનુષ્ય તે સંતની પાસે આવ્યો અને પ્રણામ કરીને બેઠો. તે પછી સંતે પૂછવાથી તેણે કહ્યું કે "હું આંહીનો રહીશ નથી, પરદેશી છું, આપની ખ્યાતિ સાંભળીને આપના દર્શન માટે આવ્યો છું, મને સાધુ સંતોના



દર્શન કરવાની ટેવ છે."

સંત :— તમને અનેક સંતોનો સમાગમ થયો છે, તે તમારું પુન્ય છે. તેમનો ઉપદેશ પણ ગ્રહણ કરેલો હશે, સત્સંગનો મહિમા અપાર છે.

મનુષ્ય :— અમે અજ્ઞાની છીએ, અમારાથી શું બની શકે ? સંતોનો ઉપદેશ સાંભળેલ છે, પરંતુ હજુ હૃદયમાં બેઠો નથી, હૃદય તો હજુ ઉપદેશામૃતથી ખાલી છે, તેમાં અનેક કામનાઓ ભરેલી છે અને સાંભળવાથી અનેક શંકાઓ પણ તેમાં ભરેલી છે. જ્યાં સુધી શંકાની નિવૃત્તિ થાય નહિ ત્યાં સુધી નિશ્ચય કેમ થાય ?

સંત :— તમે અનેક સંતોને મળ્યા છો તો શું કોઈ સંતે તમારી શંકાનું સમાધાન કરેલ નથી ? પહેલાં તમે શંકાનું સ્વરૂપ સમજો, શંકાને બરાબર જાણવાથી શંકા રહેતી નથી, કાંઈ સમજે નહિ તેમને પણ શંકા રહેતી નથી, જે ઉપદેશમાં કાંઈક સમજાય છે અને કાંઈક સમજાતુ નથી તેમાં જે નથી સમજાતું તે બાબતનો અર્થ પોતાની મરજી પ્રમાણે કરવાથી એક બીજાના વિરોધની શંકા ઉત્પન્ન થાય છે, તેથી જો કે સંતજન યથાર્થ ઉત્તર આપે છે તો પણ અસંસ્કારી બુદ્ધિવાળાનું સમાધાન થતું નથી. જે જગ્યાએ શંકા થાય છે તેજ જગ્યાએ એનું સમાધાન પડયું હોય છે. શંકાનું સ્થાન એક હોય અને સમાધાનનું સ્થાન બીજું હોય તો શંકાનું સમાધાન થતું નથી. ઘણા માણસો સાધુ સંતોની પાસે જાય છે અને કાંઈક સાંભળે

છે પરંતુ સંતોના અંતિમ સિદ્ધાંત વાક્ય સામાન્ય માણસને માટે ઉપયોગી નથી, તે પૂર્ણ રીતથી સમજાતા નથી તેથી શંકાઓ થયા કરે છે; કોઈ સંતની પાસે શંકા કરવામાં આવે અને તેનો યથાર્થ ઉત્તર દેવામાં આવે પણ જ્યાં સુધી અધિકાર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સમાધાન થતું નથી. પ્રશ્ન કરનાર યોગ્ય પ્રશ્ન કહે અને તેનો ઉત્તર યુક્તિપૂર્વક અપાય અને તે સમજી શકે તો સમાધાન થાય છે. પ્રશ્નની કક્ષા અને ઉત્તરની કક્ષા ભિન્ન હોય તો સમાધાન થતું નથી. જેમ ભિન્ન દેશ-કાલના પદાર્થ એકબીજાના સાધક બાધક થતા નથી તે પ્રમાણે પ્રશ્ન અને ઉત્તર ભિન્ન દેશ-કાલના હોય તો સમાધાન થતું નથી.

સંપૂર્ણ જગત જ શંકા સ્વરૂપ છે, તમો કહો કે આ જગત પ્રત્યક્ષ છે તો તેમાં શી શંકા હોય ? તો તેનો ઉત્તર એ છે કે જેમ ઘટનું સ્વરૂપ માટી છે તેમ સંસાર (જગત)નું સ્વરૂપ શંકા છે. એવા સંસારમાં અને સંસારની દશામાં રહીને સંસારનો આધાર કે જે ભિન્ન કક્ષામાં છે તેનો નિર્ણય થઈ શકતો નથી. જો કે શાસ્ત્ર અને સંત સંસારની કક્ષામાં જ શિષ્યને ઉપદેશ આપે છે, તો પણ શિષ્ય જેવા જેવા સંસારના ભાવને દૂર કરે છે અને પારમાર્થિક સંસ્કારને યોગ્ય થાય છે તેવા તેવા પ્રમાણરૂપથી સમજવા લાગે છે અને સંસારની દશાથી હઠીને અધિષ્ઠાનની કક્ષામાં આવે છે. તે વખતે શંકાસ્વરૂપ સંસાર ક્ષીણ થાય છે. પરમ તત્ત્વની પ્રાપ્તિમાં શંકા નથી અને સંસારના ભાવમાં આસક્ત રહેલ અજ્ઞાનીને શંકાની નિવૃત્તિ નથી. શંકાની નિવૃત્તિ સ્વ-સ્વરૂપના બોધથી



થાય છે. એવો બોધ ન હોય તો શંકા અને સમાધાનનો પરિશ્રમ વ્યર્થ છે.

મનુષ્ય :— આપ મને યોગ્ય સંત લાગો છો માટે મારી શંકા સાંભળીને તેનું સમાધાન કરો. મને ખાત્રી છે કે આપ યુક્તિપૂર્વક સમજાવશો તો મારી શંકા નીકળી જશે.

સંત :— શંકા કરવા પણ યોગ્યતાની જરૂર છે. જે વસ્તુ ન બની શકે તેવી પૂછવી નહિ. સ્વ-સ્વરૂપની પ્રાપ્તિ માટે અને તેની દઢતા માટે શંકા-સમાધાન થાય તે ઉપયોગી છે. તર્ક તર્કને માટે કરવામાં આવતો નથી પણ નિશ્ચયને માટે કરવામાં આવે છે.

મનુષ્ય :— હું અજ્ઞાની છું, આપ જેવા ગુરુ પ્રાપ્ત કરવાની મને ઈચ્છા છે, અજ્ઞાની માણસ આત્માને જાણવાની ઈચ્છા કરે છે. અજ્ઞાન અને આત્માની કક્ષા હંમેશાં ભિન્ન ભિન્ન રહે છે, તો પછી અજ્ઞાની માણસ આત્માને શી રીતે જાણી શકે ! આપે કહ્યું કે બંને એક કક્ષામાં હોય તો શંકા-સમાધાન થઈ શકે. એવું હોય તો કોઈ અજ્ઞાની આત્માને જાણી ન શકે. જેટલા જ્ઞાની હોય છે તે બધા અજ્ઞાનમાં જ્ઞાનને સમજી, અજ્ઞાનના ભાવને હઠાવી જ્ઞાની થાય છે, તો તે કેવી રીતે થયા હશે ?

સંત :— અજ્ઞાની આત્માને જાણવામાં અસમર્થ છે. અજ્ઞાની જ્ઞાની થતો નથી. તેથી પહેલાં અજ્ઞાનને તોડવું પડે છે. વસ્તુતઃ અજ્ઞાન છે જ નહિ, એવું જાણવું એનું નામ જ્ઞાન

છે અને એવું જ્ઞાન-અજ્ઞાન બંને સંસારિક વ્યવહારિક સત્તાવાળું છે અને તેનું અધિષ્ઠાન સ્વરૂપ આત્મા છે, તે પ્રમાણે આત્મબોધ થાય છે. બોધ સ્વરૂપ પારમાર્થિક સત્તાનું છે. સંસારની દૃષ્ટિથી જેમ આત્મા દેખતો નથી તેમ સંસારની બુદ્ધિથી આત્મા સમજી શકતો નથી. આત્માને સમજવા માટે આત્મભાવવાળી બુદ્ધિ જોઈએ અને એ બુદ્ધિ ઈન્દ્રિય અંતઃકરણની વૃત્તિવાળા ભાવથી રહિત જોઈએ, તે વખતે આત્મબોધ થાય છે અથવા એમ કહો કે બુદ્ધિ પોતાના વ્યક્તિત્વનો નાશ કરીને બોધ સ્વરૂપ થઈ જાય છે, તેનું નામ અપરોક્ષ બોધ છે. પરોક્ષ બોધ વ્યવહારિક સત્તામાં થાય છે, પરંતુ અપરોક્ષ બોધ તો પારમાર્થિક સત્તામાં પ્રવેશ કરવાથી થાય છે. અજ્ઞાની મનુષ્ય સમજીને અજ્ઞાનથી હઠી જાય છે, સમજવું અને અજ્ઞાનને હઠાવવું એ અજ્ઞાનમાં છે, એટલે વ્યવહારિક સત્તામાં છે. સ્વપ્નાનું હઠવું સ્વપ્નામાં થાય છે, તેના પરિણામમાં જાગ્રત દશા આવે છે, તેવી જ રીતે અજ્ઞાનનું હઠવું સમજવાનું છે.

મનુષ્ય :– આપે જે સમજાવ્યું તે વાત બહુ સૂક્ષ્મ હોવાથી મારા સમજવામાં બરાબર આવી નથી. મારા ભાવ પ્રમાણે હું એક શંકા કરૂં છું. તે શંકામાં ભૂલ હોય તો તે ઠીક કરીને આપ સમજાવો કે જેથી આપનો બોધ મને બરાબર સમજાય. હું અજ્ઞાની છું, મૂર્ખ છું, યોગ્યતા વગરનો છું, મને યથાર્થ શંકા કરતાં શી રીતે આવડે ? મારામાં યોગ્યતા હોય તો શંકા જ શી રીતે ઉત્પન્ન થાય ? આપ પ્રસન્ન થઈને એક



બચ્ચાને તેની ભાષામાં સમજાવવાની માફક સમજાવો તો મારી શંકા પ્રગટ કરૂં.

સંત :– ઠીક, તું તારી શંકા માટે પૂછ, હું જે કહું તે એકાગ્ર ચિત્તથી સાંભળ, જે વાત ન સમજાય તે ફરીથી પૂછ, હું સમજાવી દઈશ, પણ તારી માન્યતા છોડીને તે સમજવું પડશે.

મનુષ્ય :– આપની આજ્ઞા પ્રમાણે હું વારંવાર પ્રશ્ન કરીને સમજીશ. મારી શંકા એવી છે કે સંત અને શાસ્ત્ર કહે છે કે "માત્ર એક જ પરબ્રહ્મ સત્ય છે, તે સિવાય કાંઈ નથી, જગતની પહેલાં એક જ અદ્વિતીય પરબ્રહ્મ હતું, જગતની દૃષ્ટિકાલે પણ તે જ એક અદ્વિતીય પરબ્રહ્મ છે અને જગતની પછી પણ એવું જ રહેશે. એવું એક પરમતત્ત્વ છે તો અનેકતાવાળો આ સંસાર થયો શી રીતે ? એકમાંથી અનેક શી રીતે થયા ? એક જ્ઞાન જ જ્ઞાન સ્વરૂપ છે, તો અજ્ઞાન કે જે પ્રકાશની સામે અંધારા જેવું છે તે આવ્યું ક્યાંથી ? અને જગતને માનવામાં એ પ્રકાશ પ્રકાશરૂપે કેવી રીતે રહે ? અજ્ઞાનરૂપ જગતનું અંધારૂં તેમાંથી નીકળ્યું કે બીજા સ્થાનમાંથી આવ્યું ? અંધારાએ આવીને પ્રકાશને ઢાંક્યું અથવા શું પરમ પ્રકાશમાં વિકાર થયો ? આ શંકાની નિવૃત્તિને માટે મેં ઘણા સંત મહાત્માઓને પૂછયું છે, તેના તે બધાએ ઉત્તર પણ આપ્યા છે, પણ હજુ મારી સમજણમાં તે આવ્યા નથી.

સંત :– તમારી શંકા ઉપદેશનું અંતિમ તત્ત્વ અને અજ્ઞાનની દશા એ બંનેને માટે છે. મેં પહેલાં જ કહ્યું હતું કે

બંનેની કક્ષા જુદી છે, તેથી તમે સમજવામાં અસમર્થ છો. સંસાર એક અંધારૂં છે અને એક અદ્વિતીય તત્ત્વ પ્રકાશ સ્વરૂપ છે એવું તમે કબુલ કરો છો, હવે અંધારા જેવા સંસારમાં રહીને પ્રકાશ સ્વરૂપ બ્રહ્મને શી રીતે જાણી શકાશે ? જેમ ઘુવડ સૂર્યને જાણી શકતો નથી એવી તમારી હાલત છે. જો સૂર્યને જાણવાની ઈચ્છા તીવ્ર હોય તો ઘુવડને પોતાના ઘુવડના ભાવથી હઠવું પડશે. તમે અજ્ઞાની છો અને તે ભાવને રાખીને જ્ઞાન સ્વરૂપને જાણવા ચાહો છો તે બની શકે તેવું નથી.

સંસારને અનેક પ્રકારથી તમે પોતાના હૃદયમાં દૃઢ કરી રાખેલ છે અને પરબ્રહ્મ એક તત્ત્વ છે, એવું બીજાથી સાંભળી રાખેલ છે, સાંભળેલું જ્ઞાન અને હૃદયમાં દૃઢ કરેલુ તેનો સંબંધ મળતો નથી, આ તમારો ઉફાણો છે, હું તમને રોજ તમારા અનુભવમાં આવનાર દૃષ્ટાંતથી સમજાવું છું, તમે રાત્રીમાં સુઈ જાઓ છો ત્યારે સ્વપ્ન દેખાય છે અને અનેક પદાર્થ-યુક્ત સંસાર દેખાય છે અને બધા પ્રકારે જાગ્રત અવસ્થાના સંસારની સમાન અનુભવ થાય છે, એ બધો દેખાવ અને અનુભવ મિથ્યા છે એવો બોધ સ્વપ્ન અવસ્થામાં તમને થતો નથી, તો પણ સ્વપ્નમાં તમે એક છો અને જેટલી અનેકતા તમને દેખાય છે તે બધી તમારાથી જુદી નથી તો પણ હું એક જ છું એવો નિશ્ચય તમે તે વખતે કરી શકતા નથી તે જ પ્રમાણે, આ સંસાર પણ તત્ત્વ સ્વરૂપની અપેક્ષાથી એક સ્વપ્ન છે, એ સ્વપ્નમાં અનેકતા વાસ્તવિક નથી એવો બોધ શી રીતે થાય



છે ? સુતેલો પુરૂષ સ્વપ્નમાંથી જાગ્રત થઈને ઉઠે છે ત્યારે કહે છે કે સ્વપ્નમાં તો મેં જે કાંઈ દેખ્યું તે મિથ્યા હતું, ખાટલામાં હું એકલો પડયો રહ્યો હતો.” આ પ્રમાણે જો આ સંસારરૂપ મહાસ્વપ્નમાંથી સ્વસ્વરૂપમાં જાગ્રત થઈ જવાય તો સંસારની અનેકતા વાસ્તવિક નથી એવું જાણી શકાય. સ્વપ્નાનો સંસાર અને જાગ્રતનો સંસાર સમાન જ છે, પછી એકને ખોટો કહેવો અને બીજાને સાચો કહેવો તે શી રીતે બને ?

મનુષ્ય :– આપના કહેવા પ્રમાણે એવું સિદ્ધ થાય છે કે અનેકતા છે જ નહિ, તેથી મારો પ્રશ્ન ખોટો છે. જો એમ હોય તો સંસારના બધા માણસો અનેકતાનો અનુભવ કેમ કરે છે ? આપ મને સમજાવો છો અને હું સમજવાનો પ્રયત્ન કરું છું. આ અનેકતા નથી એવું મારૂં હૃદય કબૂલ કરતું નથી. આપે કહ્યું કે સ્વપ્નમાં એવું જ બને છે, એ કેમ બને ? સ્વપ્નમાં જાગ્રત અવસ્થાના સંસ્કારનું ભાન થાય છે, પણ જાગ્રતમાં કયા સંસ્કારનું ભાન થાય છે ?

સંત :– સ્વપ્નમાં જાગ્રતના સંસ્કાર છે એ તારી વાત ખોટી છે. ત્યાં તો પદાર્થનો પ્રત્યક્ષ અનુભવ થાય છે, તો સંસ્કારની વાત ક્યાં રહે ? સંસ્કાર સ્મૃતિરૂપ હોય છે, મને આ પદાર્થ યાદ આવે છે, એવું સ્મૃતિજ્ઞાન સંસ્કારથી થાય છે. એવી સ્મૃતિ સ્વપ્નમાં નથી, તો પછી જાગ્રતના સંસ્કારથી સ્વપ્નના પદાર્થમાં અનેકતાનું ભાન થાય છે એમ શી રીતે કહી શકાય ?

મનુષ્ય :– સ્વપ્નામાં એવો બોધ થતો નથી કે આ જાગ્રતના સંસ્કાર છે, ત્યાં સંસ્કાર જ પ્રત્યક્ષ પદાર્થરૂપે માલુમ થાય છે કારણકે જોયેલા, સાંભળેલા કે સમજેલા સંબંધથી પદાર્થનું ભાન થાય છે.

સંત :– સંસ્કાર અને પ્રત્યક્ષ પદાર્થમાં મહાન અંતર છે. સ્મૃતિ તો અંતઃકરણમાં રહે છે અને પદાર્થ તો બહાર પ્રત્યક્ષ રૂપ થાય છે. જાગ્રત અવસ્થાના જગતમાં જે પદાર્થોનો પ્રત્યક્ષ અનુભવ થાય છે તે બધા પદાર્થ સ્વપ્નના પદાર્થની સમાન જ છે. સ્વપ્નમાં સંસ્કાર સ્મૃતિરૂપથી ભાન ન થતાં પ્રત્યક્ષ પદાર્થ રૂપથી ભાન થાય તો જાગ્રત અવસ્થાના પદાર્થનું પણ એ પ્રમાણે સમજવું.

મનુષ્ય :– એવું કેમ બને ! આ જાગ્રત અવસ્થાને સ્વપ્નની સમાન સમજવામાં આવે તો તેથી કોઈ ઉચ્ચ જાગ્રત અવસ્થા હોવી જોઈએ કે જેના સંસ્કારનું દૃશ્ય આ જાગ્રત થઈ શકે છે, આ જાગ્રત અવસ્થાથી બીજી કોઈ જાગ્રત અવસ્થા છે નહિ; તો જગતના પદાર્થ પૂર્વ સંસ્કારોનું દૃશ્ય કેવી રીતે હોય ? આપ કહો છો કે જ્ઞાનસ્વરૂપ જ જાગ્રત અવસ્થા છે તો ત્યાં અદ્વિતીય તત્ત્વ હોવાથી સંસાર નથી કે તેના સંસ્કાર નથી કે પદાર્થ નથી તો તેના સંસ્કાર કેવી રીતે હોય ?

સંત :– આ જાગ્રત અવસ્થાથી કોઈ ઉંચ અવસ્થાના સંસ્કારોનું ભાન હોવું જોઈએ એવો નિયમ નથી. અનંત કાળથી જીવ સંસારમાં ભ્રમણ કરે છે, તેણે અનેક યોનિઓમાં



વારંવાર ભોગ ભોગવેલ છે, તેનાથી તે પદાર્થોના સંસ્કારનું જાગ્રતમાં પદાર્થરૂપથી ભાન થવું એ સંભવિત છે. તમે કહો છો કે પહેલાં કોઈએ સંસાર ચાલુ કરેલો હશે તો તે વાત સાચી નથી. સંસાર એ એક ચક્રની સમાન છે, તેથી તેને આદિ કે અંત નથી.

જ્યારે ચક્રની અંદર જોનાર એક જગ્યા ધારણ કરે તો પહેલા પછીનો વિચાર શરૂ થાય છે. જો ચક્રમાં કોઈ જગ્યા ધારણ ન થાય તો આખા ચક્રમાં પહેલાં - પછીનો વિચાર નથી. ચક્રમાં એક જગ્યા લેવાથી અજ્ઞાનથી પદાર્થનું ભાન પણ (ઈદંતા રૂપે) બની શકે છે.

મનુષ્ય :– જેમ સ્વપ્નમાં કોઈ પદાર્થ વાસ્તવિક નથી તેમ જાગ્રતમાં પણ કોઈ પદાર્થ વાસ્તવિક નથી, જો એમ હોય તો મારો પ્રશ્ન ખોટો છે, આપના સમજાવવાથી હું કાંઈક સમજ્યો છું. "આ સંસાર છે જ નહિ" એમ મારૂં અંતઃકરણ કેમ પકડતું નથી ?

સંત :– અનાદિકાળથી જીવ અજ્ઞાનમાં ભટકી રહેલ છે. તેની બુદ્ધિ આભાસ રૂપથી સમજી લે તો પણ અંતઃકરણમાં રહેલો દ્વૈતભાવ હઠવામાં વિલંબ થાય છે, તેથી શાસ્ત્રમાં કહેલ છે કે અનેક જન્મોના અભ્યાસથી વૈરાગ્ય દ્રઢ કરી અંતિમ જન્મમાં જ્ઞાન સ્થિર થાય છે, જ્ઞાન થયા પછી કાળનો વિચાર નથી.

મનુષ્ય :– પણ એક બ્રહ્મમાંથી અનેક જીવ શી રીતે થયા ?

સંત :– અનેકની પ્રતીતિ અજ્ઞાનીને હોય છે, વાસ્તવિક તો એક જ છે. બધુ થવા છતાં કાંઈ થયું નથી, અજ્ઞાન પણ કોઈ વસ્તુ નથી, પ્રમાતાને વિપરીત જ્ઞાન થાય તેને અજ્ઞાન કહે છે. તે ઉત્પન્ન થયું નથી છતાં ભાસે છે. એકમાંથી અનેક થયા નથી છતાં તેનું ભાન (સ્વપ્નાની માફક) સ્થાન ધર્મની દૃષ્ટિથી લાગે છે. જેઓ એમ માને છે કે પદાર્થને અનુસાર જ્ઞાન થાય છે ત્યાં પદાર્થ અનિર્વચનીય છે, અનિર્વચનીય પદાર્થની ઉત્પત્તિ એ વાસ્તવિક ઉત્પત્તિ બનતી નથી. તેનું કથન પણ અનિર્વચનીય છે અને અનિર્વચનીય અજ્ઞાન વગેરે આ પ્રમાણે મિથ્યા છે.

મનુષ્ય :– અનિર્વચનીય નો વધારે ખુલાસો મારે જોઈએ છે.

સંત :– જે હોય ખોટું, છતાં સાચા જેવું દેખાય, તેનાથી વ્યવહાર થાય અને બીજી દશામાં બાધ થાય, તેને અનિર્વચનીય કહે છે. માયા, માયાનું કાર્ય બધું પ્રતીતિ માત્ર છે, સત્ સ્વરૂપ નથી, સત્‌ના આધારથી ભ્રાંતિથી જેવું પ્રતીત થાય છે.

તમે સિનેમા જોયેલ હશે, ત્યાં પડદા ઉપર મનુષ્ય, નદી, પહાડ વગેરે બધું દેખાય છે, ત્યાં ક્રિયા થતી પણ જોવામાં આવે છે, અને માણસો બોલતા હોય તેવું પણ દેખાય છે, એ બધુ શી રીતે થાય છે ? વાસ્તવિક દૃષ્ટિથી જોઈએ તો ચિત્રવાળા પડદા સિવાય ત્યાં બીજું કાંઈ નથી, તો પણ અક્રિય



ક્રિયાવાળા દેખાય છે અને ન બોલવાવાળા બોલતા હોય તેમ દેખાય છે. એક જ તેજ અનેકતાને પ્રાપ્ત થયેલું દેખાય છે, આ સંપૂર્ણ બ્રહ્માંડ પણ એવું જ છે, માયા રૂપ પટમાં મનની કલ્પનાથી અનેક ચિત્ર તેજની કળાથી ઘૂમે છે, તેથી સંસારની વર્તમાન સ્થિતિ છે. મૂર્ખ માણસ જ્યાં સુધી સિનેમાનું રહસ્ય જાણતો નથી. ત્યાં સુધી તેને આશ્ચર્ય લાગે છે. સિનેમા જોવા ગયેલ બાળકને પડદા ઉપરના ચિત્રવાળા બાળકની સાથે રમવાનું મન પણ થાય છે. તેજ પ્રમાણે જ્યાં સુધી માણસ જગતના રહસ્ય સ્વરૂપ પોતાના આત્મ સ્વરૂપ બ્રહ્મને જાણતો નથી ત્યાં સુધી તેને માટે સંસાર સંસારરૂપથી રહે છે, જાણ્યા પછી સંસાર રહેતો નથી.

મનુષ્ય :– તે માટે બીજો કોઈ દ્રષ્ટાંત આપો.

સંત :– એક પ્રતિષ્ઠિત જમીનદારના દિકરાની વહુ સાસરામાં આવી. તે ગરીબ ઘરની કન્યા હતી. માતા પિતાના ઘરમાં મિઠાઈ ખાવા મળતી ન હોતી, જમીનદારને ત્યાં મિઠાઈ મેવા હંમેશા ભર્યા રહેતા હતા. તેમાંથી તેને પણ ખાવું મળતું હતું. તેને ઉત્તમ મિઠાઈનો સ્વાદ લેવાની લાલચ થઈ. એકવાર તેના ઘરમાં કોઈ માણસ નહોતું તે વખતે તેણે મિઠાઈ કાઢીને ખાધી. મિઠાઈ ખાતી વખતે "હું ચોરીથી મિઠાઈ ખાઉં છું" એમ સમજી તે બાઈ વારંવાર ચારે તરફ દેખતી હતી. તે વખતે તેણે પોતાનો પડછાયો જોયો અને પડછાયામાં ઊંચો હાથ જોયો એટલે તે ગભરાઈ ગઈ અને ચારે તરફ ફરવા

લાગી. ફરવાથી પડછાયો દેખાયો નહિ. તે બાઈ એમ સમજી કે મારી ચોરી ભૂતે જોઈ લીધી, કોઈ માણસ હોત તો એટલી વારમાં ક્યાં જાત ! હવે શું કરવું ! મારી ચોરી પ્રગટ થશે તો ભારે બદનામી થશે, મારૂં ઘર પ્રતિષ્ઠિત છે, માટે કોઈ એ ભૂતને સમજાવી દે કે વહુએ ચોરી કરીને મિઠાઈ ખાધી છે એ વાત કોઈને કહે નહીં, તો અમારા ઘરની પ્રતિષ્ઠા ટકી જાય, બે દિવસ ભૂતને સમજાવવાના વિચારમાં ગાળ્યા, છતાં ભૂત જોવામાં આવ્યું નહિ. તેને સમજાવવું શી રીતે ! છેવટે તેણે તે વાત તેના પતિને કહી, પતિએ જાણ્યું કે બહુ ખોટું થયું, ભૂત કોઈ ને કહી દેશે તો ઘરની આબરૂ જશે, તેણે પણ ભૂતને સમજાવીને ચોરીની વાત ગુપ્ત રાખવાનો ઉપાય શોધવાનો વિચાર કર્યો, ઉપાય ન મળવાથી તેણે પોતાના પિતા પાસે એ વાત જાહેર કરી, જમીનદાર પણ પોતાની ઈજ્જત રાખવાને માટે ગભરાઈ ગયો, પરંતુ ભૂતને સમજાવવો કેવી રીતે ! તેણે એ વાત કોઈ જોષીને કહી અને કહ્યું કે અમે તમને ઈનામ આપશું, કોઈ રીતે ભૂતને સમજાવી દો કે આ વાત કોઈને કહે નહિ. જોષીએ ભૂતની તપાસ કરી, કાંઈ પત્તો મળ્યો નહિ. જમીનદારને કહ્યું કે ભૂત ક્યાંય મળતો નથી પણ ભૂતની વાત કોઈ માને નહિ એવો ઉપાય મેં શોધી રાખેલ છે. જમીનદારે કબુલ કર્યું અને જોષીના કહેવા પ્રમાણે એક માણસના હાથમાં ઢોલ આપ્યો, ઢોલ વગાડતાં તે ગામમાં ફરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે "જમીનદારના દિકરાની વહુએ ચોરી કરી કરીને મિઠાઈ ખાધી છે, એવું કોઈ ભૂત આવીને કહે તો સાચું



માનવું નહિ" એવો ઢંઢેરો આખા ગામમાં ફેલાવી દીધો. આ દૃષ્ટાંતમાંથી સમજવાનું એ છે કે "ચોરી કરીને મિઠાઈ ખાવાની વાત એકના મુખથી અનેકે કેવી રીતે સાંભળી ?" એ જેમ બન્યું તેમ એકમાંથી અનેક થાય છે. બુદ્ધિ અવિદ્યાનું કાર્ય હોવાથી ગરીબની છોકરી છે, જમીનદાર આત્મા પ્રતિષ્ઠિત છે. તેનો દિકરો ચિદાભાસ છે, તેના ઘરની મિઠાઈ એ વિકારી આનંદ છે. તે આનંદની ચોરી બુદ્ધિએ કરી. પણ તે અવિદ્યાની છોકરી હોવાથી અવિદ્યા તેના જન્મ નક્ષત્રમાં પડી હતી. તેથી તેના પડછાયાથી ગભરાઈ ગઈ, અવિદ્યાનું કાર્ય વધતું ગયું, તે એટલે સુધી વધ્યું કે આત્મારૂપ જમીનદાર પણ પોતાનું ભાન ભૂલી ગયો અને બુદ્ધિથી યુક્ત થઈ તેણે પોતાને હાથે પોતાની બેઈજ્જતી કરી.

તમે પણ તમારી ઈજ્જત આ પ્રમાણે ખોઈ નાંખેલ છે. આ પ્રમાણે તમે પણ એક અજ્ઞાનમાંથી અનેક અજ્ઞાન કરેલ છે. વાસ્તવમાં અનેકતાનો અભાવ છે. પારમાર્થિક અનેકતા છે નહિ અને વ્યવહારિક ભાવમાં એકતા થઈ શકતી નથી, અદ્વૈત તત્વના બોધ સિવાય એકતા થતી નથી. બોધ સ્વરૂપ અદ્વૈત છે. વ્યવહારમાં આસક્ત માણસોને આ બાબત સમજવી કઠણ છે, કદાપિ સમજાય તો પણ ટકતી નથી. એકમાં અનેકનો દેખાવ અવિદ્યાથી થાય છે. તત્ત્વ સ્વરૂપ પારમાર્થિક દશામાં વિકાર નથી. તેનો યથાર્થ બોધ ન હોય ત્યારે અનેકતાનો અનુભવ કરવો પડે છે.

卐

## પ્રકરણ : ૨

# માયા

શાસ્ત્રોમાં માયાને માટે નીચે પ્રમાણે ભિન્ન ભિન્ન વ્યાખ્યા કરવામાં આવેલ છે.

૧. જે વસ્તુ ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળમાં નહિ તેને "છે" એમ માનવું એનું નામ માયા.

૨. જીવના આત્મ-સ્વરૂપને જે પોતાના આચરણથી આચ્છાદિત કરે તે માયા છે.

૩. જે વસ્તુ યથાર્થ જ્ઞાન થતાં સમૂળ બાધ પામે છે તે માયા વાળી હોય છે.

૪. કાર્ય કારણ (એટલે જગત કાર્ય છે અને પરમાત્મા તેનું કારણ છે તે)ના ભેદનું કારણ, અર્થાત્ કારણના ભેદને ઉત્પન્ન કરવા વાળી જે વસ્તુ છે તે માયા છે.

૫. માયા વાસ્તવમાં કાંઈ નથી, પરંતુ વેદમાં આત્માને જગતનું કારણ સિદ્ધ કરવાને માટે અર્થાત્ જગત ઉત્પન્ન થવામાં પરમાત્મા વગેરે કોઈ કારણ ભૂત છે એવો નિશ્ચય થવાને માટે માયાની કેવળ કલ્પના માત્ર કરેલી છે.

૬. પોતાના અધિષ્ઠાનરૂપ જે આત્મા છે તેના સાક્ષાત્કાર દ્વારા જ્યારે અજ્ઞાનની નિવૃત્તિ થઈ જાય છે ત્યારે સર્વત્ર પરબ્રહ્મ જ ભાસમાન થાય છે, તે વખતે નિવૃત્ત થવાવાળા અજ્ઞાનનું બીજું નામ માયા છે. જ્યારે માણસો વિલાસમાં રહે



છે અને સંસારના કાર્યોમાં ફસી રહે છે અથવા સાધારણ માણસની માફક વ્યવહારમાં લાગી રહે છે અને રાગરૂપી રંગમાં રંગાય છે ત્યારે માણસ પોતાની માયાના સપાટામાં રહે છે. તે વખતે તે એમ સમજે છે કે માયા તેના કામમાં બાધક છે. પણ જ્યારે માણસને સંસાર અસાર લાગે છે અને જીવન ક્ષણિક લાગે છે ત્યારે માયા તેને દાબી શકતી નથી.

સંસાર વિચિત્ર છે, તેમાં વિચારપૂર્વક જોઈએ તો ઘણી વિચિત્રતા છે. મ. ગાંધીજીએ પણ છેલ્લે દિવસે કહ્યું હતું કે આ જગત એક આશ્ચર્ય છે. તેમની ઈચ્છા બધામાં ભગવાનને જોવાની હતી, છતાં જ્યારે છેલ્લી વખતે હિંદુ - મુસલમાનના હુલ્લડ તેમના જોવામાં આવ્યા ત્યારે તેમને લાગ્યું કે આ જગત એક આશ્ચર્ય છે. ગીતાના બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ પણ અર્જુનને કહે છે કે આ જગત એક આશ્ચર્ય છે. કોઈ તેને આશ્ચર્ય જેવું જુએ છે, કોઈ આશ્ચર્ય જેવું સાંભળે છે, કોઈ આશ્ચર્ય જેવું કહે છે, છતાં તેનું સ્વરૂપ બરાબર સમજવું મુશ્કેલ છે. તેમાં અવિદ્યાથી યુક્ત અનેક પ્રકારના વિરૂદ્ધ ધર્મ પણ જોવામાં આવે છે, એટલે આત્મા સ્વયં પ્રકાશ છે, છતાં જાણે કે તેનું જ્ઞાન લેવામાં મુશ્કેલી નડે છે, બધું બ્રહ્મરૂપ છે એમ શ્રુતિ કહે છે છતાં તેમાં ઘણી વસ્તુઓ જડ જેવી દેખાય છે, જીવ પોતાના સાચા સ્વરૂપે આનંદ રૂપ હોવા છતાં દુઃખી જેવો જણાય છે, આત્મા નિર્વિકાર છે છતાં જાણે કે વિકારવાળો હોય તેમ જણાય છે. નિત્ય હોવા છતાં અનિત્ય જણાય છે, મુક્ત હોવા છતાં બંધાયેલો લાગે છે, અદ્વિતીય હોવા છતાં

સદ્વિતીય લાગે છે, તેથી માત્ર કોઈક જ ગુરુનો અને શાસ્ત્રનો આધાર લઈને તેનો સાક્ષાત્કાર કરી શકે છે. એવો સાક્ષાત્કાર પણ આશ્ચર્ય જેવો છે, કારણ કે સાક્ષાત્કાર માટે આવરણ-ભંગ થવો જોઈએ, આવરણ ભંગ માટે વૃત્તિ જોઈએ. તે વૃત્તિ અવિદ્યાનું કાર્ય છે, છતાં અવિદ્યાનો નાશ કરે છે એ પણ આશ્ચર્ય છે અને અવિદ્યા દૂર કર્યા પછી પણ અવિદ્યા જેવો વ્યવહાર કરવો પડે છે, તેથી અજ્ઞાની માણસો જ્ઞાનીની દશા સમજી શકતા નથી અને જ્ઞાનીને અજ્ઞાનીની સાથે વાતો કરવામાં મુશ્કેલી પડે છે. સ્વપ્નામાંથી જાગ્યા પછી સ્વપ્નાના માણસો સાથે વાત થઈ શકતી નથી, પણ આત્મજ્ઞાન થયા પછી અજ્ઞાની માણસો સાથે વાત થઈ શકે છે એ પણ આશ્ચર્ય છે, છતાં વાત કર્યા પછી જ્ઞાની પુરૂષ સમાધિ કરી શકે છે અને સંસારને ભૂલી શકે છે, એ પણ આશ્ચર્ય છે.

જન્મ્યા પહેલાં કોઈ માણસને પોતાનો દેશ નથી અને પોતાની કોમ નથી, મરણ પછી પણ કોઈ માણસને પોતાનો દેશ નથી અને પોતાની કોમ નથી, છતાં વચમાં થોડા વરસની રમતમાં એક દેશનું અભિમાન લઈને બીજા દેશોની વાતો કરવામાં રસ આવે છે, એ પણ આશ્ચર્યકારક માયા છે. તેથી જેઓ માયાને તરી ગયા હોય તેવા આત્મજ્ઞાની માણસ મળવા મુશ્કેલ છે. વળી આત્મજ્ઞાની પુરૂષને સંસાર તરફથી કાંઈ લાભ, પૂજા કે સ્તુતિ વગેરે જોઈતા નથી અને તેની દૃષ્ટિમાં દ્વૈત નથી તેથી કોઈને ઉપદેશ આપવાની ઈચ્છા થતી નથી તો પણ કોઈ કોઈ ઉપદેશ આપે છે એ પણ આશ્ચર્ય છે. શબ્દ



પણ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે તો પણ શબ્દથી જ્ઞાન થાય છે. કોઈ ઊંઘી ગયેલ માણસને તેનું નામ દઈને જગાડીએ ત્યારે શબ્દનું અનુસંધાન કેવી રીતે થાય છે તે જાણી શકાતું નથી અને તે જાગી જાય છે, એવી અચિંત્ય શક્તિ શબ્દમાં રહેલી છે. કઠોપનિષદમાં પણ કહેલ છે કે આ જગતને બરાબર સમજાવનાર આશ્ચર્ય જેવો છે અને તેમાં મન વાણીથી અગોચર બ્રહ્મને સમજાવનાર પણ આશ્ચર્ય જેવો છે. તેને સમજનાર પણ આશ્ચર્ય જેવો છે, છતાં ઘણા માણસો પ્રારબ્ધ કર્મના પ્રતિબંધને લઈને સાંભળવા છતાં બરાબર જાણી શકતા નથી.

શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવા, વગર ભણેલા, આત્માને જાણી શક્યા છે અને કોલેજોમાં મોટી ડીગ્રી લઈને ગવર્નર થયેલા પણ આત્માને જાણી શકતા નથી. ઈંદ્રિયોના વિષયો જીતી શકવા બહુ મુશ્કેલ છે અને બહુ ભણેલા પણ જીતી શકતા નથી, છતાં શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવા સાદા અને વગર ભણેલા જીતી શક્યા છે. માયાવાળાના સંગથી માયા વધે છે અને સાધુઓના સંગથી તેનું જોર તોડી શકાય છે.

સંસારમાં કોઈ માણસ આશાવાદી હોય છે અને કોઈ નિરાશાવાદી પણ બને છે. ઘણાને જગતની માયા ગમે છે અને કેટલાકને ગમતી પણ નથી. બધાને અનુકુળતા પ્રિય લાગે છે અને પ્રતિકુળતા અપ્રિય લાગે છે. બિલકુલ ખામી વગરનું કોઈ નથી અને કેવળ દોષથી ભરેલું પણ કોઈ નથી. મહાભારતમાં ભીષ્મ અને યુધિષ્ઠિર જેવાના દોષ પણ કોઈ

જગ્યાએ બતાવેલા છે અને કોઈ જગ્યાએ દુર્યોધન અને કર્ણના ગુણ પણ પ્રગટ કરી બતાવેલા છે.

સંસારી માણસનું તપ મોટું હોય તો પણ તે ક્ષુદ્ર ફળને માટે હોય છે. જેવી વાસના તેવું ફળ હોય છે. જ્ઞાની પુરૂષ નાના કર્મ પણ ઊંચી ભાવનાથી કરે છે અને કર્મમાં ગુંથાયેલા હોવા છતાં વિક્ષિપ્ત થતા નથી. જ્ઞાની પુરૂષ આંખ અને કાન ઉપર ચોકી રાખે છે, કોઈ નકામી વાતોમાં અથવા નકામી ચીજો જોવામાં તેમનું મન જતું નથી. સગુણ ભક્ત ઈન્દ્રિયો દ્વારા પરમેશ્વરની સેવા કરે છે. નિર્ગુણ ભક્ત મનથી વિશ્વનું હિત ચિંતવે છે. બંને રીતે માયા જીતી શકાય છે.

માયાવાળા માણસને વાસનાનો વેગ રહે છે. તે તેનાથી રોકાતો નથી. તેને એમ થયા કરે છે કે અહીંનો ડુંગર ઉપાડીને ત્યાં લઈ જાઉં અને ત્યાંનો ખાડો પૂરી દઉં. તેને એમ થાય કે જાણે દરિયામાં માટી નાખીને પૂરી દઉં અને રણમાં પાણી છોડી ત્યાં દરિયો બનાવી દઉં. તેને અહીં અને તહીં કાંઈક કરવાનો અથવા કરી બતાવાનો ચડસ હોય છે. આ તોડું અને પેલું જોડું. નાનું છોકરૂં ચીંદરડી લે છે, તેને ફાડે છે, તેને બીજું કાંઈક બનાવે છે. તેવું મોટા માયાવી માણસ પણ કરે છે. એ બધા રજોગુણી માયાના ખેલ છે. પંખી આકાશમાં ઉડે છે તો આપણે પણ ઉડતાં શીખવું જોઈએ. માછલી પાણીમાં રહે છે તો આપણે પણ સબમરીન પાણીમાં ડૂબાવીને તેમ કરવું જોઈએ. આવી રીતે નરદેહમાં આવતાં રજોગુણી માણસોને પંખીઓની અને માછલીઓની હરીફાઈ કરવામાં અને



બરોબરી કરવામાં કૃતાર્થતા લાગે છે. કોઈને એમ થાય છે કે મંગળના તારા ઉપર ઉડીને જઈએ અને ત્યાંની વસ્તી કેવી છે તે જોઈ આવીએ. કોઈને માઉન્ટ એવરેસ્ટ જીતવાની ઈચ્છા થાય છે, ચિત્ત એક સરખું ભટક્યા કરે છે. શરીરમાં જાણે કે તરહે તરેહની વાસનાનું ભૂત પેસી જાય છે. જે જ્યાં છે ત્યાંનું ત્યાં રહે એ તેનાથી ખમાતું નથી. મનને કાંઈક ભાંગફોડ જોઈએ. તેનાથી માયા ઉત્પન્ન થાય છે. કોઈ પહેલવાનને ચરબી ચડે છે અને તે ઉતારવાને જેમ તે ક્યાંક ભીંતમાં જ ધક્કા મારે છે, ક્યાંક ઝાડને જ ધક્કા લગાવે છે તેવા રજોગુણના ઉછાળા હોય છે. એવા ઉછાળા આવે છે ત્યારે માણસ પૃથ્વીને ખોદીને થોડા પથ્થર બહાર કાઢે છે અને તેને હીરા માણેક એવા નામ આપે છે. કોઈ પ્રધાને કાંઈક નાનું કામ કર્યું કે માનપત્રની તૈયારી થાય છે, કોઈને માટે થેલી અર્પણ કરવાની તૈયારી ચાલે છે. રજોગુણી માયાની અસરથી માણસના મનમાં સ્થિરતા રહેતી નથી. રોજ નવી નવી પસંદગીને પરિણામે આખરે હાથમાં કાંઈ આવતું નથી.

સાત્વિક માણસ અભિમાન વગરનો રહે છે. અજવાળું આપવું એ સૂર્યનું કુદરતી કામ છે. તે માટે સૂર્યને માનપત્ર આપવા જશું તો તે કહેશે કે હું વિશેષ શું કરૂં છું, પ્રકાશ આપવો એ મારૂં જીવવાપણું છે એ મારી હયાતિ છે હું અજવાળું ન આપું તો મરી જાઉં, મને એ સિવાય બીજી વાતની ખબર જ નથી. આ જેમ સૂર્યની દશા છે તેવી દશા સાત્વિક માણસમાં હોય છે.

વાસ્તવમાં આખું જગત બ્રહ્મરૂપ છે અને પોતાનું છે. પણ માયાથી માણસ થોડુંક પોતાનું માનીને સૃષ્ટિમાંની પાર વગરની સંપત્તિથી પોતાને દૂર કરે છે. પોતાનું નાનું કુટુંબ જ પોતાનું માનવાથી બીજા અસંખ્ય ભાઈઓ દૂર થાય તે બાબતનો ખ્યાલ સાધારણ માણસને આવતો નથી.

જે અવસ્થામાં જેવી વસ્તુ હોય તેવી ન જણાય તેને સ્વપ્ન કહે છે. જે વસ્તુ કોઈ વખતે દેખાય અને કોઈ વખતે ન દેખાય તે સત્ય કેવી રીતે હોઈ શકે, નથી હોઈ શકતી. જાગ્રતનું વિશ્વ કોઈવાર ભાસે છે અને ઊંઘમાં ભાસતું નથી તે સત્ય કેવી રીતે થઈ શકે ? ભ્રાંતિ મનથી ઉત્પન્ન થાય છે, મન જ ઘણા પ્રકારના રૂપ ધારણ કરે છે. જ્યાં જ્યાં મન જાય છે ત્યાં ત્યાં દૃશ્ય બનાવી લે છે, દૃશ્ય એ જ બંધન છે. જો દૃશ્ય નથી તો બંધન નથી. બહાર દૃશ્યની વિચિત્રતા હોય કે ન હોય તે બંધન કરતી નથી. મનમાં જ્યારે જગતની વિચિત્રતા દેખાય છે ત્યારે બંધન થાય છે. મન માણસનું કલ્પેલ છે. કલ્પિત હોવાથી મિથ્યા છે. જ્યારે દૃષ્ટા દૃશ્યને દેખે છે ત્યારે પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. જો દૃષ્ટા પોતાના સ્વરૂપને ન ભૂલે એટલે સ્વરૂપથી ન હઠે તો દૃશ્ય ભાસે જ નહિ અને દૃશ્ય દેખાવાથી બંધનમાં પડે છે, તેથી જગત રૂપ દૃશ્ય અનર્થ રૂપ છે. જો મનનો ક્ષય થઈ જાય તો દૃશ્ય ભાસે નહિ, જો દૃશ્ય ભાસે નહિ તો આત્મા જ બાકી રહી જાય, કારણકે ઉપાધિના કારણથી આત્માનો પ્રકાશ થતો નથી.



એક ભિખારી હતો, તે ભીખ માગતાં એક શેઠની પાસે પહોંચ્યો, ત્યાં કાંઈ મળવાની આશાથી તેના ઘર પાસે બેસી ગયો અને શેઠના ઘરનો વ્યવહાર જોવા લાગ્યો. ભિખારી મારવાડ દેશનો રહેવાશી હતો. તેણે મુંબઈના શેઠના ઘરનો વૈભવ કોઈ દિવસ જોયો ન હતો, તેથી શેઠના ઘરને ધ્યાન પૂર્વક જોવા લાગ્યો. શેઠના નોકરો પોતાનું કામ બરાબર કરતા હતા, શેઠાણી પલંગ ઉપર બેઠી નોકરોને હુકમ કરતી હતી. શેઠના છોકરાઓ સારા કપડા પહેરી બગીચામાં રમતા હતા. શેઠને મળવા માટે લોક આવ્યા હતા અને એક ઓરડામાં ગાલીચા ઉપર બેઠા હતા. થોડીવારમાં મોટરમાં બેસીને શેઠ ઘેર આવ્યા, શેઠને જોઈ બધા ઊભા થઈ ગયા નોકરે શેઠની લાકડી લઈ ઠેકાણે મૂકી, બીજાએ અંગરખું ઉતાર્યું, ત્રીજાએ બૂટ ઉતાર્યા, ચોથાએ સીગારેટ સળગાવી શેઠના હાથમાં આપી અને શેઠ સીગરેટ પીતા બીજાની સાથે વાત કરવા લાગ્યા. વાતો પૂરી થયા પછી શેઠે કહ્યું કે "હવે તમે જાઓ", બધા ગયા પછી શેઠાણી કાંઈક મિઠાઈ લઈને આવી અને નોકર દૂધનો પ્યાલો લઈને આવ્યો. તે ખાઈ પીને શેઠ ગંજીપાની રમત રમવા લાગ્યા. પછી બધાએ ભોજન લીધું. આ બધું તે ભિખારીએ ધ્યાનપૂર્વક જોયું. પછી વધેલું થોડુંક ભોજન તે ભિખારીને આપવામાં આવ્યું. ભોજન મળવાથી પ્રસન્ન થઈ આશીર્વાદ આપી તે ભિખારી ચાલ્યો ગયો અને જંગલમાં એક કૂવા ઉપર બેસી ખૂબ ખાઈ, પાણી પીને કૂવાના થાળ ઉપર સુઈ ગયો. તેને ત્યાં સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં તે ભિખારી શેઠ

બન્યો. તેણે સ્વપ્નમાં સટ્ટો કર્યો તેમાં બહુ લાભ થયો પછી તેણે જોયું તો તેના ઘર પાસે એક ગરીબ માગવા માટે આવેલ છે અને તે પોતે તેમને જવાબ આપવા લાગ્યો કે, "અહીંથી જાઓ, શું તમારા બાપે અહીં કાંઈ દાટી રાખ્યું છે ? તમે ગરીબ છો તો હું શું કરૂં, તમારૂં પ્રારબ્ધ ભોગવો, તમારા જેવા ઢોંગી તો મારી પાસે હજારો આવ્યા કરે છે. તમે મારૂં માથું ખાઓ નહિ, હું તમને કાંઈ આપવાનો નથી, જો મારો મિજાજ જશે તો હું તમને મારીશ, હું તમને કહું છું કે આ પ્રમાણે પૈસા માગવા માટે મારી પાસે કદાપિ આવવું નહિ."

ભિખારીના સ્વપ્નાના ગરીબ લોકોએ કહ્યું "શેઠ, તમારા ઉપર ઈશ્વરની કૃપા છે, તેથી બધા તમારી પાસે આવે છે, નહિ તો કોઈ આવે નહિ. દુનિયામાં કરોડો માણસો છે ત્યાં કોઈ જતું નથી. શેઠ સાહેબ, જે ભાગ્યવાન હોય છે તેને ત્યાં ભિખારીઓ આવે છે, માટે આપની ઈચ્છામાં આવે તે આપો, આપ લાત મારશો તો પણ અમે આંહીથી જવાના નથી." સ્વપ્નવાળા શેઠે કહ્યું. "હું કૃપા વગેરે કાંઈ જાણતો નથી, લોહી બળે છે ત્યારે ધન મળે છે, મેં તમારે માટે અવતાર લીધો નથી. તમે મરી જશો તો શું થશે ? આ વખતે હું એક પાઈ પણ આપવાનો નથી. જ્યાં જાઉં ત્યાં માગવાવાળા જ મળે છે, પણ દઉં ક્યાંથી ! તમે આંહી મારૂં લોહી પીવા આવ્યા છો કે તમારે કાંઈ ધંધો રોજગાર છે ! જાઓ તમારૂં મોઢું મને બતાવો નહિં" આવું અપમાન કરી તે



ગરીબ માણસોને શેઠે (સ્વપ્નામાં) બહાર કાઢયા અને પોતે ઘરની અંદર ગયા. ત્યાં શેઠાણીની પાસે પલંગ ઉપર બેઠા. તે વખતે શેઠાણીએ કહ્યું "જોતા નથી, બાબો ઊઠી જશે, જરા દૂર બેસો" એ સાંભળી સ્વપ્નાવાળો શેઠ (ભિખારી) સ્વપ્નાની શેઠાણીની પાસેથી ઊઠવા લાગ્યો, નિંદ્રામાં તેણે પડખું ફેરવ્યું એટલે તે કૂવામાં પડી ગયો. આ પ્રમાણે સ્વપ્નામાં શેઠ બનેલો કંગાલ ભિખારી કૂવામાં પડી ગયો, તેને પછડાટનો માર લાગ્યો પણ મરવાથી બચી ગયો. પછી કૂવામાં પડેલો ભિખારી અંદરના પથરાના ટેકાનો આધાર લઈને બહાર નીકળ્યો અને વિચાર કરવા લાગ્યો કે "એ શેઠાણી ક્યાં ગઈ, નોકર ક્યાં ગયા, બંગલો ક્યાં ગયો. આ બધું શું થયું, હું તો એ બધાને સત્ય સમજતો હતો. એ તો બધું સ્વપ્ન થઈ ગયું અને હું તો ભિખારીને ભિખારી રહ્યો."

પોતાના આત્માને ન જાણવા વાળો અજ્ઞાની જીવ છે, તે શેઠ રૂપી અહંકાર છે, શેઠાણી રૂપી અવિદ્યા છે, નોકર રૂપી કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે છે. તે બધા અહંકાર રૂપી શેઠની આજ્ઞામાં રહે છે. બંગલો, બગીચો એ સંસાર છે, કૂવા રૂપી કાલ છે, સાધારણ લોકો ઉપરના ભિખારીની માફક સ્વપ્નામાં પડેલ છે.

બહારની વસ્તુ જેવી છે તેવી જ રહે છે. તે બદલાતી નથી. મનના દોષથી બીજા પ્રકારની તે જણાવા લાગે છે. તેનું કારણ માયા છે. માયાની ભૂલ બહાર થતી નથી. પણ અંદર થાય છે. સ્થાણું સ્થાણું જ રહે છે, તે ભૂત અથવા ચોર થઈ

જતો નથી. દોરડી દોરડી જ રહે છે. તે સર્પ થઈ જતી નથી, મૃગજળ એ મૃગજળ રહે છે, તેનાથી જમીન ભીની થતી નથી, ઘરમાં દાટેલો ખજાનો એમ જ રહે છે, તેને ન જાણવા વાળો દરિદ્રી રહે છે, સારાંશ એ છે કે ભૂલ એ મનનો ધર્મ છે. એ ભૂલ સર્વ અનર્થનું કારણ છે. ભૂલ નીકળી જાય તો મનુષ્ય સુખી રહે છે.

બહારની ભૂલના સંબંધમાં શાસ્ત્રકારોમાં મતભેદ છે. અસત્ ખ્યાતિ, આત્મ ખ્યાતિ, અખ્યાતિ, અન્યથા ખ્યાતિ અને અનિર્વચનીય ખ્યાતિ એ પાંચ ખ્યાતિ અથવા જ્ઞાન છે. એ બધાનું વિવરણ વેદાન્તના ગ્રંથોમાં દૃષ્ટાંત સહિત આપવામાં આવેલ છે. ભૂલ મનમાં રહે છે. એ સનાતન સિદ્ધાંત છે. મનથી બંધન છે, મનથી મોક્ષ છે. અશુદ્ધ મન બંધનું કારણ છે અને શુદ્ધ મન મોક્ષનો હેતુ છે. પટ તંતુઓથી વ્યાપ્ત હોવાથી જેમ તંતુરૂપ છે તેમ જગત ઈશ્વરથી વ્યાપ્ત હોવાથી ઈશ્વરરૂપ છે. જે વસ્તુ જેનાથી વ્યાપ્ત હોય છે તે તેનું સ્વરૂપ હોય છ. જો બધુ ઈશ્વર જ છે તો હું અને મારૂં, તું અને તારૂં નકામું છે. ભેદ માનવામાં દુઃખ છે, ભેદ નથી તો દુઃખ ક્યાં ? કહીં પણ નથી, ભૂલ નીકળી ગઈ, ભેદ જતો રહ્યો તો દુઃખ દૂર થયું, સુખ ભરપૂર થયું.

એક જ ઈશ્વરમાં બધાં નામ રૂપ કલ્પિત છે. કલ્પિતની સત્તા અધિષ્ઠાનથી ભિન્ન હોતી નથી, તેથી વિશ્વ ઈશ્વર સ્વરૂપ છે. ઈશ્વર સુખ સ્વરૂપ છે. સુખ સ્વરૂપમાં દુઃખનો સંભવ



નથી. ભૂલથી દુઃખનો અનુભવ થાય છે. ભૂલ નીકળી ગઈ તો દુઃખ ભાગી ગયું.

એક સંતની પાસે એક મનુષ્ય આવ્યો. તે મનુષ્યે ઉજળાં કપડા પહેર્યા હતા. તે પોતાને ચતુર માનતો હતો અને કેટલીક ભાષામાં નિપુણ હતો. નવા જમાનાના રંગ ઢંગથી સજાયેલો હતો. થોડીવાર પછી સંતે તે પુરૂષને કહ્યું કે "તમે લોકો સંસારને બરાબર જાણતા નથી. જે માણસ સંસારને બરાબર જાણે છે અને તેના આધારને જાણે છે તેને સંસારના કષ્ટોથી દુઃખ થતું નથી. જે માણસ પોતાને અને સંસારને બરાબર જાણતો નથી તે દુઃખી થાય છે."

પુરૂષ :— આપની વાત વિચિત્ર લાગે છે. પ્રત્યક્ષ વસ્તુને બધા જાણે છે. પ્રત્યક્ષ પ્રમાણથી અમારો, આપનો અને બધાનો વ્યવહાર ચાલી રહેલ છે. એ જ સંસાર છે. પ્રત્યક્ષ પદાર્થ જાણવામાં કાંઈ કઠણતા પણ નથી. જે પદાર્થ અપ્રત્યક્ષ હોય, સૂક્ષ્મથી સૂક્ષ્મ હોય તે જાણવામાં કઠણાઈ માલુમ પડે છે. જે પદાર્થ રાત દિવસ અમારી દૃષ્ટિની સામે છે તેને અમે ન જાણીએ એ કેવી રીતે બને ? મારો તો એ નિશ્ચય છે કે હું તો શું પણ મારા સંસારના બધા માણસો સંસારને બરાબર જાણે છે, જાણીને તે પ્રમાણે બધા વર્તે છે.

સંત :— તમે સંસારનું જેટલું વર્ણન આપ્યું તેટલું તમે જાણો છો કે કાંઈ અધિક જાણો છો ? સંસાર તમારી અંદર છે કે તમે સંસારની અંદર છો ? અથવા તમારી અંદર કે બહાર

અન્ય કોઈ સ્થળે સંસાર છે ? તમે કહો છો કે સંસાર પ્રત્યક્ષ છે અને બધાને દેખાય છે. હું કહું છું કે મને સંસાર પ્રત્યક્ષ દેખાતો નથી તો શું હું આંધળો છું ? તમારો શો જવાબ છે. તમે સમજી રાખેલ છે કે સંસાર પ્રત્યક્ષ છે અને બધાને દેખાય છે તે વાત ખોટી છે.

પુરૂષ :– સંસાર પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશથી બનેલ છે, બધા પદાર્થોની રચના એ પાંચ તત્વથી થયેલ છે. એ પાંચ તત્વો સિવાય બીજા કોઈ તત્વની પ્રતીતિ થતી નથી અને એ તત્વ પણ સ્થૂલ સૂક્ષ્મ ભેદથી એક બીજામાં મળીને અનેક પ્રકારના થાય છે એમ મેં સાંભળેલ છે અને મેં પોતે પ્રયોગ કરીને જોઈ લીધેલ છે. સંસાર મારામાં નથી. મારા શરીરમાં રહેવાને સંસારને સ્થાન નથી. શરીરમાં તો હાડકા, માંસ, ચામડી, લોહી સિવાય બીજી કોઈ વસ્તુ નથી. તેથી સંસાર બહાર છે. સંસારમાં હું છું પણ સંસાર મારામાં નથી અને મારાથી અંદર બહાર છોડી બીજું કોઈ સ્થાન નથી કે જેમાં સંસાર હોવાની સંભાવના રહે. આપ કહો છો કે મને સંસાર દેખાતો નથી એ કેવી રીતે માની શકાય ? નાના બચ્ચાંથી મોટા માણસોને બધાને સંસાર પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષને અપ્રત્યક્ષ માનવું એ ભ્રાંતિ સિવાય બની શકતું નથી.

સંત :– તમે સંસારના સંબંધમાં જે જે કહ્યું તે તો મૂર્ખ માણસ પણ કહે છે. સંસારને બરાબર જાણવા માટે મેં પૂછયું હતું. જ્યારે તું ઉંઘી જાય છે. ત્યારે સંસાર ક્યાં જાય છે ?



પુરૂષ :– સંસાર ક્યાં ચાલ્યો જાય ? સંસાર તો રહે છે જ. હું સુઈ ગયો હતો તેથી સંસારને જોવાવાળો ન રહ્યો તો મને સંસાર કેવી રીતે દેખાય ? સંસાર ન દેખાય તેથી તે ક્યાંય ચાલ્યો ગયો એવું નથી. હું સવારે જાગ્રત થઈને કાલનો અધુરો રહેલો વ્યવહાર ફરીથી શરૂ કરૂં છું. હું સુઈ જાઉં તેથી સંસારનો ક્રમ તુટતો નથી. હું રાત્રે દશ વાગે સુઈ ગયો હતો અને સવારે ચાર વાગે ઉઠ્યો તો વચમાં છ કલાકનું વિસ્મરણ રહ્યું, તો પણ બહારના સંસારમાં છ કલાક વહી ગયા હતા. જો હું ઉંઘી ગયો ન હોત તો એ વચલા છ કલાક સુધી સંસારનો અનુભવ કરી શકત.

સંત :– ઉંઘી ગયા પછી સંસાર બહાર રહે છે. તેથી તમે સંસારને બહાર સમજો છો, તે ઠીક નથી. જ્યારે તમે સુઈ જાઓ છો ત્યારે અર્ધનિદ્રાની અવસ્થામાં સ્વપ્ન આવે છે, તેમાં અનેક પ્રકારનો સંસાર દેખાય છે. તે બહારથી આવતો નથી, કારણકે તમારા કહેવા પ્રમાણે બહારનો સંસાર તો એવોને એવો જ ચાલ્યા કરે છે. વળી સ્વપ્નમાં અંદર કાંઈક થાય છે અને બહાર કાંઈક થાય છે, તે વખતે સંસાર તમારામાં છે કે નહિ ? તમે કહો કે જે સ્વપ્ન છે તે સંસારની સ્મૃતિનું દશ્ય છે તે ઠીક નથી. સ્મૃતિના પદાર્થ સ્મૃતિમાં રહે છે, સામે પ્રત્યક્ષ થતા નથી. સ્મૃતિના પદાર્થ અને પ્રત્યક્ષ પદાર્થમાં મોટું અંતર છે. સ્મૃતિમાં તો માત્ર સ્મરણ હોય છે અને સ્વપ્નમાં પદાર્થ દેખાય છે. જેવા જગતના પદાર્થોનો વ્યવહાર છે તેવો જ સ્વપ્નના પદાર્થોનો સ્વપ્નમાં વ્યવહાર છે, સ્વપ્નની સમાન જ જાગ્રતના પદાર્થ પણ છે.

પુરૂષ :– વાહ, સ્વપ્નનો સંસાર અને જાગ્રતનો સંસાર સમાન કેવી રીતે થઈ શકે ! સ્વપ્ન ખોટું છે, સ્વપ્ન સ્વપ્ન છે, સ્વપ્ન નિદ્રામાં છે અને સંસાર જાગ્રતમાં છે. સ્વપ્નનો પ્રત્યક્ષ અનુભવ થવાથી તે સ્વપ્ન હોવાથી મિથ્યા છે, પણ જાગ્રત મિથ્યા નથી.

સંત :– તમે નિર્મળ બુદ્ધિથી જાગ્રત સંસાર અને સ્વપ્ન સંસારની તુલના કરીને વિચાર કરો. બધા પ્રકારે સ્વપ્ન સંસાર જાગ્રત સંસારના જેવો જ છે. જેમ સ્વપ્ન જાગ્રતમાં ખોટું પડી જાય છે તેમ જાગ્રત સ્વપ્નમાં ખોટું પડી જાય છે. તેથી બંને મિથ્યા છે.

પુરૂષ :– સ્વપ્નમાં જાગ્રત ખોટું કેમ હોઈ શકે ? તે તો બહાર જેવું છે તેવું બની રહેલ છે, અને સ્વપ્ન તો કોઈ વખતે પણ સત્ય થઈ શકતું નથી. જે પોતે ખોટું છે તે સાચું શી રીતે થઈ શકે ? સ્વપ્ન સાચું હોત તો સ્વપ્નના ધનથી કોઈ ધનવાન થઈ જાત, પરંતુ સ્વપ્નના ધનથી કોઈ ધનવાન થતા નથી.

સંત :– તમે ભણેલા હોવા છતાં અને સૂક્ષ્મ બુદ્ધિવાળા હોવા છતાં કેમ ભૂલો કરો છો ? વિચાર કરો, જાગ્રતનો સંસાર બહાર જેવો ને તેવો રહે છે છતાં સ્વપ્નવાળાને માટે તે ખોટો છે, કારણકે જાગ્રતનું ધન સ્વપ્નમાંકામ આવતું નથી અને સ્વપ્ન સંસાર તો સ્વપ્ન વખતે સત્ છે, કારણકે ત્યાં સુખદુઃખનો ઠીક અનુભવ મળે છે અને તે જાગ્રત સંસારની સમાન જ છે, બંને દશામાં એક અંતર અવશ્ય છે અને તે



અવસ્થાનું અંતર છે. સ્વપ્ન સંસાર નિદ્રાના દોષથી થયેલ હોય છે અને જાગ્રત સંસાર અજ્ઞાનના દોષથી જણાય છે. જાગ્રતની અંદર સ્વપ્ન વગેરે હોવા છતાં જાગ્રતનો ક્રમ જેવોને તેવો ચાલતો પ્રતીત થાય છે પણ તે ભ્રાંતિ છે. સ્વપ્નનો ક્રમ પણ એવો છે. સ્વપ્ન સંસાર તમારી અંદર રહે છે એ તમારે કબુલ કરવું પડશે. બોલો સંસાર તમારી અંદર છે કે નહિ ?

પુરૂષ :– સ્વપ્નનો સંસાર બધા પ્રકારથી જાગ્રતની સમાન ભલે હોય, અને સ્વપ્ન કાળે તે સત્ લાગે છે, છતાં સ્વપ્ન એ સ્વપ્ન જ છે અને સત્ સંસાર તો જાગ્રતનો જ છે. આપ પૂછશો કે સ્વપ્નાનો સંસાર શું છે ? ત્યારે હું કહું છું કે માત્ર જાગ્રતના વ્યવહારની સ્મૃતિ છે.

સંત :– સ્વપ્ન સ્મૃતિ રૂપ થઈ શકતો નથી એ વાત મેં પહેલાં તમને કહેલ છે. સ્મૃતિ એટલે સ્મરણ અને સ્વપ્નામાં તો તે વખતે સત્ પદાર્થ લાગે છે. સ્મૃતિના પદાર્થથી દુઃખ થતું નથી, પ્રત્યક્ષ પદાર્થથી દુઃખ થાય છે. વળી સ્વપ્નમાં માથા અને પગ વગરના જીવ કોઈવાર જણાય છે, તેને જાગ્રતનું સ્મરણ કેમ કહી શકાય ?

પુરૂષ :– આપ જો સ્વપ્ન સંસારને સંસાર કહેશો તો બહારના સંસારને શું કહેશો ?

સંત :– જેમ સ્વપ્નનો સંસાર તમારી અંદર છે તેમ બહાર દેખાતો સંસાર પણ તમારી અંદર છે. તમારા અંદરના ભાવનું પ્રતિબિંબ તમને બહાર દેખાય છે. તમે તમારા

સંસારને ભૂલીને પ્રતિબિંબને સંસાર કહો છો. અરિસામાં કાંઈ ન' હોવા છતાં બહારના પદાર્થ જણાય છે, તેવી જ રીતે અવિદ્યાથી તમારા ભાવ પદાર્થ પ્રતિબિંબ થઈ તમને બહાર દેખાય છે, તેથી જ્યારે તમે સુઈ જાઓ છો ત્યારે તમારો ભાવરૂપ પદાર્થ તમને પ્રતીત થતો નથી. વાસ્તવમાં જાગ્રતનો સંસાર અને સ્વપ્નનો સંસાર બધો તમારી અંદર છે. અવિદ્યાના દોષથી જાગ્રત સંસાર છે. તેમાં નિદ્રાનો દોષ વધારે મળવાથી સ્વપ્નનો સંસાર પ્રતીત થાય છે.

પુરૂષ :— આપનું કથન આશ્ચર્ય જનક છે. હું જે કાંઈ સમજ્યો છું, તેને આપ અસત્ બનાવો છો અને આપ આપનો સિદ્ધાંત એવી રીતે સ્થાપિત કરો છો કે જે વિચારવાને અને સમજવાને યોગ્ય છે. આપ જ મને સમજાવો કે હું સંસારને ઠીક ઠીક કેવી રીતે જાણું ?

સંત :— લોક જેને સંસાર કહે છે તે બહાર દેખાય તેવો નથી. બહાર જે દેખાય છે તે સુખદુઃખનો હેતુ ન હોવાથી સંસાર નથી. જે રાગદ્વેષથી યુક્ત સુખદુઃખનો હેતુ થાય છે તે સંસાર થાય છે પ્રત્યેક પ્રાણીનો સંસાર પ્રત્યેક પ્રાણીના મનની અંદર ભરેલો છે. મનના પ્રતિબિંબને લોક સંસાર માને છે. જે મનનો સંસાર થાય છે તે સુખદુઃખ દે છે. તમારા શુદ્ધ સ્વરૂપમાં તો સંસાર છે જ નહિ અને બધી જગ્યાએ શુદ્ધ સ્વરૂપ ભરેલું છે, તેથી બીજા સ્થાનનો અભાવ છે. મનનું ચાલવું તે જ સંસાર છે. અજ્ઞાનથી વ્યક્તિ, વ્યક્તિથી મન, અને મનથી સંસાર, આ પ્રમાણે બધું અજ્ઞાન છે, અજ્ઞાની મનથી કરેલ અજ્ઞાનથી જે રચના થઈ તે સંસાર છે.



પુરૂષ :— આપનું કહેવું એવું છે કે અજ્ઞાનને છોડીને સંસાર કોઈ વસ્તુ નથી, એ બાબત હૃદયમાં કેમ ઉતરે ? જે સંસારમાં અમે જન્મીએ છીએ, મરીએ છીએ, સુખદુઃખનો અનુભવ કરીએ છીએ, એ સંસાર કાંઈ છે જ નહિ, એ કેવી રીતે સમજાય ?

સંત :— છે તો એમ જ, તમારી બુદ્ધિમાં તે વાત ન સમજાય અને તમારા જેવા બીજા અકૃતાર્થ ન સમજી શકે તેમાં આશ્ચર્ય નથી. સ્વપ્નમાં પડેલા માણસને કોઈ એમ કહે કે જે જે તું અનુભવ કરી રહેલ છો તે બધું ખોટું છે તો તે કેવી રીતે માને ? કદાપિ માને નહિ. સ્વપ્નને જ્યાં અસત્ય સમજવામાં આવ્યું કે તે સ્વપ્ન રહેતું નથી. જાગ્રત થતાં રાત્રીની સ્વપ્ન-સૃષ્ટિ ખોટી હતી એવો નિશ્ચય થાય છે. એ પ્રમાણે જ્યાં સુધી તમે અજ્ઞાનમાં દબાયેલા છો ત્યાં સુધી અજ્ઞાનની રચનાને ખોટી માની શકશો નહિ. અજ્ઞાનનું દબાણ હઠશે કે તરત સ્વ સ્વરૂપમાં જાગ્રત થશો અને સ્વપ્ન સંસારની સમાન આ જાગ્રત સંસાર પણ મિથ્યા લાગશે.

પુરૂષ :— આપ માનસિક ભાવને સંસાર કહો છો, સમજાતું નથી. કલ્પના તો કલ્પના જ રહે છે, તેમાંથી પદાર્થ શી રીતે થઈ શકે ?

સંત :— માનસિક ભાવ બે પ્રકારના હોય છે. (૧) આ મારા મનની કલ્પના છે, એવો બોધ હોય ત્યાં સુધી તે કલ્પના છે અને (૨) કલ્પના કરવાવાળાને કલ્પના કરવા છતાં આ મારી કલ્પના છે એવું ભાન ન રહે ત્યારે કલ્પનાના સ્થાનમાં તેને પ્રત્યક્ષ પદાર્થની પ્રતીતિ થાય છે, તે અજ્ઞાનીનો સંસાર છે. અજ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થાય છે તે પણ એ રીતે જાણી શકાય છે. જ્યારે કલ્પના વ્યક્તિભાવમાં રહે છે ત્યારે સંસ્કારને ઉત્પન્ન કરવાનો હેતુ થાય છે અને જ્યારે દઢ થઈને વ્યક્તિમાંથી સમષ્ટિમાં ફેલાય છે ત્યારે તે ઈશ્વર સૃષ્ટિના પદાર્થરૂપ થઈ જાય છે. સૃષ્ટિને વારંવાર જોવાથી તે દઢ થાય છે.

સંસારના બે પ્રકાર બની શકે છે, એક વ્યષ્ટિ જીવનો અને એક સમષ્ટિ જીવનો અથવા સામાજિક સંસાર. વ્યષ્ટિ જીવનો સંસાર મનોમય છે અને તે અવિદ્યાવાળો છે એટલે એ મનોમય છે એવું લાગે નહિ ત્યારે અવિદ્યા ઉત્પન્ન થાય છે અને પદાર્થપણું પ્રતીત થાય છે. તે વ્યષ્ટિ જીવમાં રહે છે અને તેને સુખદુ:ખ આપે છે. અજ્ઞાનથી જીવ જ પોતાની સૃષ્ટિનો કર્તા ભોકતા બને છે. સમષ્ટિ જીવને ઈશ્વર કહે છે. તેની સૃષ્ટિ સંપૂર્ણ જીવોને છોડીને પૃથક નથી. સંપૂર્ણ જીવોની દ્રઢ ભાવનાનું એકીકરણ એ ઈશ્વરની સૃષ્ટિ છે. એવું એકીકરણ ઈક્ષણથી એટલે વારંવાર જોવાથી ઉત્પન્ન થાય છે. તેને માયા કહે છે. સ્વપ્નમાં કોઈ માણસને જોયો, તેને બીજીવાર જોયો અને તેની સાથે વાતચીત કરવાની ઈચ્છા થઈ ત્યારે માયાનું



કાર્ય તૈયાર થાય છે. તે વખતે તે ઈશ્વરની બનાવેલી સૃષ્ટિ લાગે છે. પદાર્થસૃષ્ટિ ઈશ્વરની અને ભાવસૃષ્ટિ જીવની છે. પદાર્થ સૃષ્ટિ સુખદુ:ખનું કારણ થતી નથી. સ્ત્રી અથવા પુરૂષ મરી જાય તો દુ:ખ થતું નથી કારણકે એવું તો રોજ બને છે, પણ માતારૂપ અથવા સ્ત્રીરૂપ પત્ની મરી જાય તો દુ:ખ થાય છે. એ દુ:ખ જીવ સૃષ્ટિમાં છે. જીવ પોતાની સૃષ્ટિને નિવૃત્ત કરી શકે છે, પણ જ્યાં સુધી રાગદ્વેષ હોય ત્યાં સુધી ભેદ જણાય છે અને જ્યાં સુધી ભેદ જણાય છે ત્યાં સુધી રાગદ્વેષ રહે છે. જે પદાર્થ બહાર દેખાય છે તેમાં પણ વ્યષ્ટિના અહંકારથી ઈદંતા આવે છે. બ્રહ્મદશામાં અહં-ઈદંનો બાધ થાય છે. તેથી સંસાર અનિર્વચનીય છે. જ્ઞાની પુરૂષ સંસારને બ્રહ્મરૂપ કહી શકે છે. તે સંસારના નામરૂપ બાધ કરી શકે છે.

પુરૂષ :— હવે મને આપના કથનથી નિશ્ચય થઈ ગયો કે સંસારને અને પોતાને ન જાણવામાં દુ:ખ છે. સંસારને જે પકડે છે તે પોતે પકડાય છે, નહિતર નિર્લેપ અને નિર્લેપ જ રહે છે. હવે આ બાબત વધારે સ્પષ્ટ કરવા માટે માયા અને બ્રહ્મની વચ્ચે નીચે પ્રમાણે એક સંવાદ ઉત્પન્ન કરીને સમજાવું છું. સૂર્ય અને અંધારા વચ્ચે સંવાદ થઈ શકે નહિ કારણકે એ બંને ભેગા રહી શકતા નથી તેવી જ રીતે બ્રહ્મ અને માયા સાથે રહી શકે નહિ, છતાં તત્વની શુદ્ધિ માટે નીચે પ્રમાણે એક કલ્પિત સંવાદ આપું છું :—

માયા :— અરે બ્રહ્મ ! તારી વિશેષતાને લોક માન્ય કરે છે તે બધો મારો પ્રતાપ છે. હું છું તો વિદ્વાન લોકો તારા ગુણ

ગાય છે, જો હું છુપાઈ જાઉં તો તારો ભાવ કોણ પૂછશે ? મારા હોવાથી તારા હોવાનું અનુમાન કોઈ કોઈ કરે છે, મારા પ્રતાપથી તારી વાહવાહ બોલાય છે, તારે મારો મહાન ઉપકાર માનવો જોઈએ, મારામાં અનંત ગુણ છે.

બ્રહ્મ :– તું, માયા, એક જાદુગર જેવી છો. તું પોતે ઘણા ગુણ બતાવી શકે છે; પણ જ્ઞાની પુરૂષોને તારું અસ્તિત્વ મળતું નથી, તારો જાદુ સ્વર્ગ, નરક અને મધ્ય એ ત્રણે લોકમાં ફેલાયેલો છે. મોટા મોટા સામર્થ્યવાળા સંસારી પુરૂષો તારી પૂજા કરે છે, તું એમને નાચ નચાવે છે, તું પુરી ચુડેલ છો, જેને તું વળગે છે તેને છોડતી નથી. બધાની ઉપર તારૂં જોર રહે છે. પરંતુ જે પુરૂષ તારા અધિકારની બહાર રહે છે તે હમેશાં બહાર રહેશે. તારો જાદુ મારા ઉપર ચાલતો નથી, મારા સામે તું આંખ પણ મેળવી શકતી નથી. મારી સામે તું રહી પણ શકતી નથી. કેવી જુઠ્ઠી વાત છે કે તારા પ્રતાપથી મારી પ્રશંસા છે. આવી વાતો તો કોઈ પાગલ હોય તે માને, આંહી તારી દાળ ચડવાની નથી. તારૂં અસ્તિત્વ જ ક્યાં છે ? તું લબાડ છો, મારા અસ્તિત્વ ઉપર અજ્ઞાન નાંખીને ભ્રાંતિથી તું કામ કરે છે, અને પછી મને બનાવે છે. ચોર કોટવાલને દંડે તેવી તારી વાત છે, ઉંદર બિલાડીને ખાય તેવી તારી વાત છે.

માયા :– હે બ્રહ્મ ! તું કેમ ગભરાય છે, કોઈપણ સંસારી માણસને પૂછ કે તારી પ્રશંસા વધારે છે કે મારી ! બધા મને જ પૂજે છે, મારાથી બધો વ્યવહાર ચાલે છે, રાજા મહારાજા, પ્રમુખો, પ્રધાનો, દેવ, દાનવ અને સ્વર્ગ વગેરે



મારા પ્રભાવથી ઐશ્વર્યવાળા થાય છે. જેનો બધો સંસાર નાશ પામ્યો હોય એવો કોઈ એક ધન વગરનો માણસ જંગલમાં જઈ તારૂં પૂજન કરે છે. મારો વૈભવ તો કરોડો ગણો છે, તેનો એક અંશ પણ તારામાં નથી. તું ખાવાપીવામાં કામ આવતો નથી, તારૂં ભજન કરનારને તું મારી નાંખે છે.

બ્રહ્મ :– હે માયા, તારૂં પૂંછડું બહુ લાંબુ અને પહોળું છે. એક ઝટકામાં તું જીવોને આકાશમાંથી પાતાળમાં ફેંકી દે છે અને તેથી તેનો નાશ થાય છે. જેટલું દુઃખ બ્રહ્માંડમાં એ જીવોને થાય છે એ બધો તારો જ પ્રતાપ છે, એ બધું તારૂં જ કાર્ય છે. હે દુષ્ટા ! પ્રાણીઓને મોહમાં નાંખી તું તારૂં પૂજન કરાવે છે. જેમ કોઈ બદમાશ માણસ બીજા કોઈ માણસને નશો કરાવીને તેને મારીને તેનું ઝવેરાત ઉતારી લે છે, તેમ તું અજ્ઞાનનો નશો કરાવીને પ્રાણીઓને દુઃખ દે છે અને તેના આત્મારૂપી ધન તું લૂંટી લે છે. દિનરાત ચોવીસ કલાક લૂંટવાવાળી તારા સમાન બીજી દુષ્ટ કોણ હોય ? તું ખોટું બોલે છે કે તારૂં ભજન કરવાવાળાને તું અખંડ સામ્રાજ્યનું સુખ આપે છે. તું કપટી છો. તારા નેત્ર કટાક્ષથી બધાને મોહ કરવાવાળી છો. જે પ્રાણીને તું તારૂં સૌંદર્ય બતાવીને મોહ કરે છે તેવા પ્રાણીનો મોહ છોડાવીને હું મોક્ષ આપું છું, હું તેને એવી શકિત આપું છું કે તેની સામે તું તારૂં કાળું મુખ લઈને છૂપાઈ જાય છે. પછી તારૂં સામર્થ્ય તેના ઉપર કદી ચાલતું નથી. હું તે ભક્તને મારો આત્મા બનાવી દઉં છું અને તેથી તેને અખંડ સુખ પ્રાપ્ત થાય છે.

માયા :– તું તારે મુખે તારી બડાઈ ભલે ગાયા કર, જગતમાં સામર્થ્યવાળી તો હું છું, તારામાં આનંદ પ્રાપ્ત કરાવવાની શક્તિ ક્યાં છે ? બધી શક્તિ મારી જ છે, જો તું મારી શક્તિમાં મળીને ભોક્તા બને નહિ તો આનંદનો ભોગ કોણ કરશે ? જેમ હું પ્રાણીઓને મારે આધીન કરૂં છું તેમ હું તેમને સંસારના ભોગ પણ આપું છું. સંસારમાં હું જ છું. ત્યાં તારો પત્તો પણ લાગતો નથી. સંસારની વૃદ્ધિ પણ મારાથી થાય છે. હું સંસારની માતા છું, તેથી બધા માણસોનું પોષણ કરૂં છું. મારા સિવાય તારા અસ્તિત્વનો બોધ પણ કોણ કરી શકે તેમ છે ? તું તો સંસારને માટે સત્યાનાશી છો, તેથી સંન્યાસી તને ભજે છે. મારી પાસે તારૂં મૂલ્ય એક કોડીનું પણ નથી.

બ્રહ્મ :– હે માયા, તું પોતે જ મિથ્યા છે, અને તારો બકવાદ પણ મિથ્યા છે. અરિસામાં કોઈ પોતાનું મુખ જુએ તે જેમ મિથ્યા છે તેમ તું પણ મિથ્યા છો. તું સ્વયમ મિથ્યા હોવા છતાં, મારા અસ્તિત્વના અજ્ઞાનમાં પોતાનું અસ્તિત્વ બતાવી પછી મને સામર્થ્ય હીન બનાવવા તૈયાર થઈ છો પણ તારામાં જેટલું સામર્થ્ય દેખાય છે એ બધાનો આધાર સ્વરૂપ તો હું પોતે જ છું, જેમ એક નાનો ચપરાસી રાજ્ય સત્તાના બળથી સાહુકારોને પણ પોતાનું સામર્થ્ય બતાવે છે તે પ્રમાણે તું ન હોવા છતાં મારા સત્યત્વથી તું પોતાનું સામર્થ્ય બતાવે છે, સ્વયમ તો તું કોઈ વસ્તુ નથી.

માયા :– આધાર હોવાથી શું થયું ? આધાર તો પહાડ અને પત્થર પણ હોય છે, ભલે અસ્તિત્વ તારૂં હોય પરંતુ



મારી હયાતિથી એ સાર્થક થાય છે, કાંઈ પણ કર્મ વગર માત્ર અસ્તિત્વની કાંઈ કિંમત નથી, તું તો નપુંસક છો, મારા વગર તારી ચૈતન્યતા શી કામની છે ? બીજાને ચેતન બનાવીને તેની પાસે કામ કરાવી શકાય ત્યારે ચેતન ખરૂં કહેવાય, તારા ચૈતન્યનો વ્યવહારમાં કોઈ ઉપયોગ કરી શકતું નથી. હું જ તારા ચૈતન્યનો ઉપયોગ કરીને, તેનો વિસ્તાર કરૂં છું અને બધી પ્રવૃત્તિ કરાવું છું. તારામાં રહેલ સ્થિર ચૈતન્યને વિશેષતા હું આપું છું. મારા બનાવેલા વિશેષવાળા ચૈતન્યની મદદથી તેને સમજવા માટે કોઈ સમર્થ થાય છે, તેથી તારે મારો આભાર માનવો જોઈએ. તારો આનંદ પણ નામ માત્ર છે. મારી ત્રિપુટી વગર આનંદ શા કામનો ? હું જ તારા આનંદનો ભોગ કરાવું છું, ઘણાને પરણાવું છું, પરણેલી જીંદગી ન ગમે તો છૂટા છેડા કરાવી બીજે પરણાવું છું. સ્વરાજનું સુખ હું આપું છું, ભૂમિદાન હું કરાવું છું., ધનની ઉત્પત્તિ પણ હું કરૂં છું, શિક્ષકોને હું તૈયાર કરૂં છું. તારા ભક્તો મને કપટવાળી, જાદુગર વગેરે નામથી બોલાવી મારી નિંદા કરે છે, તો પણ મારામાં ઘણી શક્તિ છે, હું બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને ઉત્પન્ન કરું છું, કહે મારાથી કોણ મોટું છે ? ત્રણે દેવો મને પોતાના નામથી આગળ રાખી ને "શ્રી" તરીકે બોલાવે છે, કારણ કે મારાથી તેમનામાં સામર્થ્ય આવે છે.

બ્રહ્મ :– સ્વપ્નાંનું રાજ્ય અનેક પ્રકારના ઐશ્વર્ય અને ભોગથી યુક્ત હોય અને અધિક વિસ્તારવાળું હોય, છતાં તે સ્વપ્નનો ભંગ થતાં એક ક્ષણમાં કાંઈ રહેતું નથી અને

સ્વપ્નામાંથી ઉઠીને માણસ પશ્ચાતાપ કરી કહે છે કે મેં વ્યર્થ સુખદુઃખનો અનુભવ કર્યો. હે કપટી માયા, તારા એવા હાલ છે, તું જે કાંઈ ચમત્કાર બતાવે છે તે સ્વ-સ્વરૂપના અજ્ઞાનીઓને દેખાય છે, કોઈ કારણથી જ્યારે માણસ સ્વરૂપમાં જાગ્રત થઈ જાય છે, ત્યારે તારો ચમત્કાર રહેતો નથી. પ્રકાશ આવે ત્યારે અંધારૂં ભાગી જાય છે. તેમ તારો ચમત્કાર ભાગી જાય છે. તું ઘુવડના જેવી છો એટલે અંધારામાં તારો પ્રભાવ બતાવવાવાળી છો, તું તારી પ્રશંસા બંધ કર.

માયા :— હું તો જેવી છું તેવી ભલે રહી પણ તારામાં શી વિશેષતા છે ? અવ્યક્ત અને અધિકારી બનીને આકાશની સમાન તું નિર્જીવ અને વ્યાપક બની રહેલ છો. જો તારાથી કાંઈ થતું નથી તો તારૂં હોવું કે ન હોવું સરખું જ છે. જગતમાં ત્રીજા વિશ્વ યુદ્ધના ભણકારા વાગે છે પણ તારાથી કાંઈ થઈ શકતું નથી. એટમ બોમ્બ તારાથી અટકાવી શકાયો નહિ અને હાઈડ્રોજન બોમ્બ પણ તું અટકાવી શકતો નથી. તેથી જે તારૂં ભજન કરે છે તે મારી દૃષ્ટિમાં મૂર્ખ છે. તારૂં ભજન કરવાથી શો લાભ મળે છે ? જ્યારે માણસ તને જાણે છે ત્યારે હું તેની પાસેથી ભાગી જાઉં છું અને તેની સાથે મેં તેને આપેલું વ્યકિતત્વ પણ લઈ લઉં છું. તેથી તે તારી સાથે એકતા પામી નિશ્ચેષ્ટ પડી રહે છે. તેને શો આનંદ આવી શકે ? વ્યક્તિત્વ વગર રહેવું અને મરવું બંને સમાન છે. તારી સત્તાથી પ્રાપ્ત થવાવાળું પરમપદની તો મારા ભક્તો ભૂલથી પણ ઈચ્છા



કરતા નથી. જગતમાં જે કાંઈ ભોગ છે અને સ્વર્ગમાં જે કાંઈ ઐશ્વર્ય મળે છે તેવા ભોગ માણસોને ગમે છે. તારા તરફથી જે શાંત દશાનો ભોગ મળે છે તેમાં માત્ર ગુપચુપ બેસી રહેવાનું છે, એવો ભોગ તો કોઈ ચાહતા નથી. ઘણા માણસો મને પૂછે કે વૈકુંઠમાં જઈને કેટલા દિવસ પડી રહેવું અને ત્યાં શું કરવું ? તે કરતાં વૃંદાવન જેવા જગતમાં શિયાળ થવું પણ સારૂં છે. તું મને દુષ્ટ કહે છે. પણ હું તો માત્ર તમાશો રચું છું. મારા રચેલા તમાસામાં કોઈ સુખી થાય અને કોઈ દુઃખી થાય તેમાં મને શું ? બધા પોતાના પ્રારબ્ધનો દોષ કાઢે છે. કોઈ મારો દોષ કાઢતું નથી, તેથી તારા કરતાં હું લાખગણી શ્રેષ્ઠ છું. મારા સંગથી બધાને ભોગની સિદ્ધિ મળે છે. તું જે હમણાં મારી સાથે વાત કરી રહેલ છે, તે વાત કરવાનું સામર્થ્ય તારામાં ક્યાંથી આવ્યું, તારામાં જરાપણ વાત કરવાનું સામર્થ્ય નથી. હું તો બધા દેશોમાં વસ્તી વધારીને બધાને આબાદી આપું છું. તું મારાથી શ્રેષ્ઠ કયે પ્રકારે થઈ શકે ? એક સંન્યાસી પણ મને કહેતા હતા કે બ્રહ્મ તો નપુંસક છે, માયા વગર તે કાંઈ કામ કરી શકતું નથી.

બ્રહ્મ :— તારી વધારેલી વસ્તીથી માણસોને પોતાના દેશની જમીન ઓછી પડે છે, તેથી બીજાની જમીન લેવા માટે માણસો યુદ્ધ કરે છે. હવે ટ્રેનોમાં જગ્યા મળતી નથી, વસ્તી વધવાથી ચીજો મોંઘી થઈ ગઈ છે, રહેવા માટે પુરતા મકાન માણસોને મળતા નથી, વિદ્યાર્થીઓને કોલેજોમાં જગ્યા મળતી નથી, ઈન્દ્રિયો ઉપર માણસોને સંયમ રહેલ નથી, તેથી બળાત્કારના

બનાવ અને કુસંપ વધી ગયેલ છે. ભોગ ઉપર સંયમ ન રહેવાથી બધા દેશોમાં ઉત્પાદન પુરૂં થતું નથી અને ધનની વહેંચણી માટે રશિયાવાળા સામ્યવાદ પસંદ કરે છે અને અમેરીકાવાળા મૂડીવાદ પસંદ કરે છે પણ ભોગ ઉપર અંકુશ રહે તો આવા ઝઘડા ઉત્પન્ન થાય નહિ, માટે તારી બડાઈ તારે મોઢે ગા નહિ. તારી ચમક સોનાથી ગિલેટ કરેલ ધાતુ જેવી છે. જ્યાં સુધી પ્રાણીમાં અજ્ઞાન છે ત્યાં સુધી તારું જોર ચાલે છે. મારો સાચો ભક્ત તારી જાળમાં ફસાતો નથી. તે તને ગુલામ બનાવી દે છે. તારા બનાવેલા ચોરાશી લાખના ફેરામાંથી તે છૂટી જાય છ, તેની પાસે તારે દાસી બનવું પડે છે.

માયા :— મને દાસી બનવું ગમતું નથી. તેથી હું બધા દેશોમાં ઉત્પાદન વધારું છું. પાકિસ્તાનવાળાએ મને જીતવા માટે પાક નામથી પવિત્ર ખુદાનું નામ લેવાય તેવો નવો દેશ ઉત્પન્ન કર્યો, પણ મેં મારી શક્તિ ચલાવીને થોડા વખતમાં તેમને અર્થ અને કામના ગુલામ બનાવી દીધા છે. હવે તેમનું ધ્યાન ધર્મ તરફ રહેશે નહિ. મારા વગર કોઈને ભોગ મળતો નથી. જે કાંઈ આનંદ છે તે ભોગમાં છે, ભોગ નથી તો આનંદ નથી. મોક્ષમાં અને ધર્મમાં ભિન્નતા નથી, તેથી ત્યાં ભેદવાળો આનંદ નથી. સાકર પોતાનો સ્વાદ લઈ શકતી નથી, તેથી કાંઈક ભેદની જરૂર છે. જળમાં ડુબેલો માણસ જળ પી શકતો નથી તેથી જળ પીવા માટે જુદા રહેવાની જરૂર છે. એવો ભેદ મારા સિવાય તારી સત્તાથી માણસને મળતો નથી, મોક્ષમાં ભેદ નથી તેથી ભોગ્ય અથવા ભોક્તા નથી. તેથી



એવી દશા કોઈને ગમતી નથી. એ સુખ કેવું હશે તેની કલ્પના પણ થઈ શકતી નથી.

બ્રહ્મ :— જે સુખમાં તારી બુદ્ધિ ચાલતી નથી તેનું અનુમાન અથવા તેની ચર્ચા કરવી જોઈએ નહિ. મોક્ષનું સુખ માણસની સામાન્ય બુદ્ધિથી સમજાય તેવું નથી. તે સુખ નિત્ય પ્રાપ્ત છે, તે ઉત્પન્ન થતું નથી, તે દશામાં આવ્યા પહેલાં તેનો અનુભવ થઈ શકતો નથી.

માયા :— મને એવો અનુભવ આપો તો હું બધા માણસોને તમારી તરફવાળું અને હું પણ સંસારનું સુખ છોડી દઉં.

બ્રહ્મ :— કોઈ કન્યાના લગન થવાના હોય ત્યારે તે એમ કહેતી નથી કે મને પહેલા સાસરાના ઘરનું સુખ આપો તો હું પીયરનું સુખ છોડી દઉં, પણ તે પરણેલાની વાત સાંભળીને શ્રદ્ધાથી સાસરાના ઘરના સુખ માટે પીયરનું સુખ છોડી દે છે. કોઈ રાજાની રાણીને જોઈને કોઈ ભટકવા વાળી સ્ત્રી કહે છે કે એ તો રાજમહેલની કેદી છે, તેને શું સુખ હશે ? એવી તારી વાતો ગાંડપણવાળી છે.

જીવન્મુક્ત મારા ભક્તો તને દાસી બનાવીને તારાથી કામ કરાવી લે છે, એ એમની વિશેષતા છે. અજ્ઞાની માણસોને પણ તારાથી પુરો સંતોષ થતો નથી તો જ્ઞાનીને શી રીતે થાય ? તેં હિંદને સ્વરાજ અપાવ્યું તો પણ માણસોને સંતોષ થયો નથી. વળી તેં પાકિસ્તાનને વધારે ભોગનો રસ્તો બતાવ્યો તેથી હિંદની

પ્રજાની ચિંતા વધી છે અને જો હિંદની પ્રજા સાવચેત નહિ રહે તો બધાને ખોટી કેળવણી ભણવાનો વખત આવશે. આવી દશા હિંદમાં તારા સ્વભાવથી આવેલ છે.

માયા :— તેમાં મારો દોષ નથી. જેને સંસારના ભોગ જોઈએ તેને તેવા ભોગ આપવા તે મારૂં કામ છે. જીવન્મુક્ત પુરૂષો ભોગ ઉપર અંકુશ રાખીને મને દાસી બનાવે છે ત્યારે હું તેમની દાસી તરીકે કામ કરૂં છું. ભોગ ઉપર અંકશુ લાવવો એવું જ્ઞાન તમારી સત્તાથી હું આપી શકું, પણ સંસારી માણસો કહે છે કે બ્રહ્મદશા તો શૂન્યદશા છે, ત્યાં કોઈ ભોગ સિદ્ધ થતો નથી.

બ્રહ્મ :— કોઈ અમૂલ્ય હીરાને નકામો માને અને તું કાંઈ કામનો નથી એમ માને તો તે વાત ખોટી છે. હીરાને પૂછ તો તે જવાબ આપશે કે મારી ચમકથી હું દેશ દેશાન્તરમાં ફરૂં છું અને લોકો આનંદથી મને ખરીદે છે. ઉપનિષદોની અંદર માણસના એક સંપૂર્ણ આનંદનો વિચાર કરીને તેનાથી સોગણો આનંદ ગંધર્વ લોકમાં બતાવેલ છે અને તેનાથી અનંત ગણું સુખ મારામાં બતાવેલ છે. સંસારના બધા ભોગ, આનંદ અને જે કાંઈ દેખાય છે તે મારા આનંદનો એક લેશ માત્ર છે. મારામાં બધા ભેદવાળા આનંદની સમાપ્તિ થાય છે. મારાથી અધિક આનંદ બીજે કોઈ ઠેકાણે નથી. તે કદાપી ખંડિત થતો નથી. સંસારનો ભોગ પરિશ્રમ-જન્ય છે અને ઉત્પત્તિ અને નાશવાળો છે. મારો આનંદ નિત્ય છે, અને અખંડ છે. તેને કોઈ ઉપમા આપી શકાતી નથી.



માયા :— મારૂં ઐશ્વર્ય અને મારી વિશેષતા સંપૂર્ણ સંસારમાં અનુભવ સિદ્ધ છે. મારો ભક્ત મને જ ભજે છે. અમેરીકા જેવા શકિતશાળી દેશો પણ મને ભજે છે. જેણે મારો ત્યાગ કર્યો હોય એવા કોઈ વિરલ ભક્ત તારું ભજન કરતા હશે, જગતમાં તો મારી જ બોલબાલા છે.

બ્રહ્મ :— તારા ભક્ત અજ્ઞાની છે. તે તારી પૂજા કરે છે. અજ્ઞાનીમાં તારી પ્રતિષ્ઠા છે પણ વિદ્વાનોની અને જ્ઞાનીની મંડળીમાં તું માનને પાત્ર નથી. મૂર્ખોની મંડળીમાં જેની પ્રશંસા થાય તેવી તું છો. મારા સાચા ભક્ત તો તારો વિશ્વાસ કરતા નથી. પ્રજામાં ભોગ ઉપર અંકુશ લાવે તેવા મહાત્મા હું તૈયાર કરૂં છું. તેની મદદથી ધનના ઉત્પાદન ઉપર અંકુશ આવશે અને ધનની વહેંચણી પણ બરાબર થશે, એટલુ જ નહિ પણ બધા દેશોનું એક રાજ્ય તેમની મદદથી થશે, તે વખતે રાજ્યસત્તા કરતાં ધર્મસત્તાનું જોર વધારે રહેશે.

માયા :— બધા દેશોને અનુકૂળ થાય તેવો ધર્મ મારામાં નથી.

બ્રહ્મ :— ઈન્દ્રિયોના ભોગ ઉપર અંકુશ અને આત્મામાં પ્રીતિ એ ધર્મ બધા દેશને ફાવે તેવો છે. વસ્તી ઓછી કરવા માટે પરણેલી જીંદગીની હદ બાંધવી પડશે, સમાજમાં એક સંસ્કારી વર્ગ ઉત્પન્ન કરવો પડશે અને પ્રધાનો અને શિક્ષકો તે વર્ગમાંથી લેવા પડશે. મત દેવાનો હક પણ માત્ર સંસ્કારી વર્ગને આપવો પડશે. એ રીતે જ માણસો મારા તરફ વળી

શકશે. જેમ દરદીઓ દાકતરને ચુંટી શકે નહિ તેમ બીન-સંસ્કારી માણસો સારા સભ્યો ચુંટી શકે નહિ.

માયા :—એવા સારા કામમાં હું જરૂર તમને મદદ કરીશ.

બ્રહ્મ :— તારે મદદ કરવી હોય તો માણસોને કહે કે માત્ર સંસ્કારી કુટુંબોમાં જ લગ્ન કરે અને દશરથ અને કૌશલ્યા જેવા માબાપ ઉત્પન્ન કરે કે જેથી તેમને ત્યાં રામ જેવા મહાપુરૂષો જન્મે અને સંસારને સાચો રસ્તો બતાવે.

માયા :— એ કામ હું જરૂર કરીશ.

બ્રહ્મ :— એવું કરીશ તો જ્ઞાની પુરૂષોમાં તારૂં માન વધશે.

માયા :— પછી મારે શું કરવું ?

બ્રહ્મ :— બધા દેશોનું એક રાજ્ય બનાવવું. તેના પાંચ ભાગ કરવા તેના નામ ઉત્તર પ્રદેશ, દક્ષિણ પ્રદેશ, પૂર્વ પ્રદેશ, પશ્ચિમ પ્રદેશ અને મધ્ય પ્રદેશ રાખવા. હાલના મોટા રાજ્યોના પ્રમુખો અને પ્રધાનો તે રાજ્યના ગવર્નરો બને અને તેની ફેરબદલી કરવી. લશ્કરના મોટા અધિકારીઓની પણ ફેરબદલી કરવી. એ કામ જ્ઞાની અને મહાત્મા પુરૂષોને સોંપવું. લોકોને કહેવું કે મહાત્માઓની આજ્ઞામાં બધાએ રહેવું. મહાત્માઓને કોઈ દેશ તરફ પક્ષપાત હોતો નથી.

માયા :— પછી શું કરવું ?



બ્રહ્મ :— પછી બધા દેશોના ઈતિહાસ અને ભૂગોળના પુસ્તકો બાળી નાંખવા. જન્મ પહેલાં અને મરણ પછી કોઈને પોતાનો દેશ હોતો નથી, માટે તારો જાદુ હવે બંધ કરવો જોઈએ.

માયા :— એ રીતે તો મારો નાશ થઈ જશે.

બ્રહ્મ :— એ ભૂલ છે, તારી મદદની જરૂર પડશે. તારે નવો સંવત ૧-૧-૧થી શરૂ કરવો અને સારા નવા સંસ્કારનો નવો ઈતિહાસ તૈયાર કરવો, તેમાં કોઈ દેશ પરદેશ તરીકે રહેશે નહિ અને તેથી લડાઈ થશે નહિ. લશ્કરી ખર્ચ બહુ ઓછું થશે અને તેથી જીવન જરૂરીઆતની ચીજો વધારે ઉત્પન્ન કરી શકાશે અને એ રીતે ચીજો સસ્તી થશે. લગ્નવાળી જીંદગી ટુંકી રાખવાથી વસ્તી પણ ઓછી થશે. તે માટે સિનેમામાં પણ ફેરફાર કરવો પડશે અને સંસ્કાર સારા થાય તેવી ફિલ્મો તૈયાર કરવી પડશે.

માયા :— એ સિનેમા કેવો હોઈ શકે ?

બ્રહ્મ :— તેમાં એક સંસ્કારી માણસનું ૬૦ વર્ષનું જીવન બતાવવું. પહેલાં ૨૪ વર્ષ સુધી તેનો વ્યવહારિક અને ધાર્મિક અભ્યાસ બતાવવો, પછી ૧૨ વર્ષનો તેનો ગૃહસ્થાશ્રમ બતાવવો, પછી ૧૨ વર્ષ એટલે ૩૬ની ઉંમરથી ૪૮ વર્ષની ઉંમર સુધી તેમનો વાનપ્રસ્થ આશ્રમનો વ્યવહાર બતાવવો અને છેવટની જીંદગી બંને બ્રહ્મજ્ઞાન માટે કેવી રીતે ગાળી શકે તે બતાવવું. આ રીતે ૬૦ વર્ષનું સંસ્કારી જીવન સિનેમામાં

બતાવવાથી ઘણા માણસોને તેવી જીંદગી ગાળવાનું મન થશે. તે રીતે વસ્તી ઓછી થશે, ભોગ ઉપર અંકુશ આવશે અને તેથી ધનના ઉત્પાદનની અને ધનની વહેંચણીની મુશ્કેલી રહેશે નહિ.

માયા :— આ કામ તો બહુ અઘરૂ લાગે છે. આ રીતે તો સિનેમાવાળાનો ધંધો જ ચાલે નહિ.

બ્રહ્મ :— હાલના સિનેમા દ્વારા તેં જ માણસોના મન બગાડેલ છે. તેનું પાપ ધોવા માટે તારે નવો પુરૂષાર્થ કરવો પડશે. તું શાળાના વિદ્યાર્થીઓને શીખવ કે હાલના સિનેમા ઉપર પીકેટીંગ શરૂ કરે.

માયા :— એ કામ અઘરૂં લાગે છે.

બ્રહ્મ :— તેં તારી શક્તિની બડાઈ હમણાં મારી પાસે બહુ ગાઈ તો હવે તારામાં નિર્બળતા કેમ જણાય છે ? તારી શક્તિ હજુ સુધી પ્રજા ઉત્પન્ન કરવામાં અને ધન અને કીર્તિ વધારવામાં વાપરેલ છે, હવે તારે આ ટેવ છોડવી જોઈએ. તારી ટેવથી ઘણા માણસો દુઃખી થયા છે. તારામાં કાંઈ સત્તા નથી છતાં જેમ તેં રજોગુણી જાદુ કરેલ છે તેમ હવે સાત્વિક જાદુ બતાવવાની જરૂર છે, માટે ઉપર કહ્યું તેમ પહેલાં વ્યાસ અને વસિષ્ઠ જેવા મહાત્મા ઉત્પન્ન કર એટલે તે તારા સાત્વિક કામમાં મદદ કરશે.

માયા :— તે માટે આપનો આશીર્વાદ પણ જોઈએ.

બ્રહ્મ :— હવે તારી સમજણ ઠીક થઈ છે, મારા આશીર્વાદથી તે વધારે સારી થશે.

## પ્રકરણ : ૩

# પ્રલય અને ઉત્પત્તિ

જે ક્રમથી ભૂત અને ભૌતિક પદાર્થની ઉત્પત્તિ થાય છે તેનાથી વિપરીત ક્રમથી તેનો સંહાર થાય છે. કારણ જ કાર્ય રૂપથી પ્રતિભાસ થાય છે, કારણની સત્તાથી અતિરિક્ત કાર્યની કોઈ સત્તા નથી, કારણની સત્તા જ વાસ્તવમાં કાર્યની સત્તા છે. માટીની સત્તાથી ભિન્ન ઘટની કોઈ સત્તા નથી. જો ઘટની સત્તા માટીની સત્તાથી ભિન્ન હોત તો માટીનો નાશ થતાં ઘડાનો નાશ થાય છે. તેથી કારણની સત્તા જ કાર્યની સત્તા છે, તેથી કોઈ પદાર્થ પોતાના કારણમાં લીન થઈ જાય તે તેનો નાશ છે. સંહાર અથવા પ્રલયનો અર્થ એ છે કે પદાર્થ પોતાના ઉપાદાનમાં લીન થઈ જાય છે. શાસ્ત્રમાં નીચે પ્રમાણે પ્રલય ચાર પ્રકારના માનેલ છે.

૧. નિત્ય પ્રલય

૨. નૈમિત્તિક પ્રલય

૩. પ્રાકૃત પ્રલય

૪. આત્યન્તિક પ્રલય

તેનો વધારે ખુલાસો નીચે પ્રમાણે આપી શકાય છે.

૧. નિત્ય પ્રલય :— જે પ્રલય રોજ જોવામાં આવે છે

તેને નિત્ય પ્રલય કહે છે. કોઈ સૂક્ષ્મ વિચારવાળા પુરૂષ એમ કહે છે કે બ્રહ્મથી લઈને સંપૂર્ણ ભૂતોની દરેક વખતે જે ઉત્પત્તિ અને પ્રલય થાય છે તેને નિત્ય પ્રલય કહે છે. નદીનો પ્રવાહ અને દીવાની જ્યોત વગેરે પરિણામી પદાર્થોની ક્ષણ ક્ષણમાં બદલવાવાળી દશાઓ તેના પળે પળે થવાવાળા જન્મ અને નાશનું કારણ થાય છે. તે પ્રમાણે કાળના વેગથી ક્ષીણ થવાવાળા દેહ પણ ક્ષણે ક્ષણે બને છે અને બગડે છે તેને નિત્ય પ્રલય કહે છે.

૨. નૈમિત્તિક પ્રલય :— માણસના એક હજાર ચતુર્યુગ થાય છે ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે, તેને કલ્પ કહે છે, તેમાં ૧૪ મનુ થાય છે. તેને અંતે તેટલા જ પ્રમાણનો પ્રલય થાય છે, તેને બ્રહ્માની રાત્રી કહે છે. તેમાં ત્રણે લોક (ભૂલોક, ભુવર્લોક અને સ્વર્લોક) નો પ્રલય થાય છે. તેને નૈમિત્તિક પ્રલય કહે છે. તે વખતે વિશ્વ-સૃષ્ટા સ્વયંભૂ બ્રહ્મા સહિત ભગવાન શેષશાયી નારાયણ સંપૂર્ણ વિશ્વને પોતામાં લીન કરીને શયન કરે છે.

મુસલમાનો અને ખ્રિસ્તીઓ એમ માને છે કે જીવોના દાટેલા શરીરોને કયામતને દિવસે ભગવાન બહાર કાઢશે અને તેમના કર્મોનો ન્યાય આપીને તેમને સ્વર્ગમાં અથવા નરકમાં મોકલશે. ત્યાં કેટલો વખત તે પડયા રહેશે તેનો ચોક્કસ ખુલાસો તેમના ધર્મમાંથી મળતો નથી. તેમણે માનેલો પ્રલય નૈમિતિક પ્રલયને મળતો આવે છે.



3. પ્રાકૃત પ્રલય :— પરમેષ્ઠી ભગવાન બ્રહ્માજીના આયુષ્યના બે પરાર્ધ વર્ષ પુરા થયા પછી મહત્તત્ત્વ, અહંકાર અને પંચ તન્માત્રા એ સાત તત્વ મૂળ પ્રકૃતિમાં લય પામે છે. તેને પ્રાકૃત પ્રલય કહે છે. તે વખતે આખુ બ્રહ્માંડ પ્રકૃતિમાં લીન થઈ જાય છે. તે વખતે મેઘ સો વર્ષ સુધી પૃથ્વી ઉપર વર્ષા કરતો નથી. તેથી અન્નનો અભાવ થવાથી પ્રજાજન ભૂખથી વ્યાકુળ થઈને એક બીજાને ખાય છે અને ધીરે ધીરે કાળના ઉપદ્રવથી પીડા પામીને ક્ષય પામે છે. તે પછી પ્રલયકાળનો સૂર્ય પોતાના પ્રચંડ કિરણોથી સમુદ્ર, શરીર અને પૃથ્વીના સંપૂર્ણ રસને સુકવી દે છે અને તે રસને વૃષ્ટિ રૂપથી છોડતો નથી. પછી શેષજીના મુખથી નીકળેલો અગ્નિ વાયુના વેગથી વધીને જન-શૂન્ય થયેલ તલ-અતલ વગેરે સંપૂર્ણ ભૂતનોને બાળી નાંખે છે. તે વખતે સૂર્ય અને અગ્નિની જ્વાળાથી બળતું બ્રહ્માંડ બળેલા ઘાસ જેવું લાગે છે, પછી સો વર્ષથી વધારે વખત પ્રચંડ પ્રલયકાળનો પવન ફૂંકે છે. પછી અનેક પ્રકારના ચિત્ર-વિચિત્ર મેઘ સો વર્ષ સુધી વર્ષા કરે છે, તે વખતે બ્રહ્માંડનું કલેવર જળમાં ડુબી જાય છે. આ પ્રમાણે જલ-પ્રલય થવાથી, પૃથ્વીના ગુણ ગંધને જલ ખાઈ જાય છે. ગંધ જવાથી પૃથ્વીનો પ્રલય થાય છે. પછી જલનો ગુણ રસ તેજમાં લીન થાય છે. તેથી જળ રસ વગરનું થઈને તેજમાં લીન થાય છે. પછી તેજના ગુણ રૂપને વાયુ ગળી જાય છે, એટલે તેજ રૂપ વગરનું થઈને વાયુમાં લીન થાય છે. પછી

વાયુના ગુણ સ્પર્શને આકાશ ખાઈ જાય છે એટલે વાયુ આકાશમાં લીન થઈ જાય છે. પછી આકાશનો ગુણ શબ્દ ભૂતોનું કારણ તામસ અહંકારમાં લય પામે છે. તેથી આકાશ પણ તેમાં લય પામે છે તેજ પ્રમાણે ઈંદ્રિયો તેની વૃત્તિઓ સહિત રાજસ અહંકારમાં લય પામે છે અને દેવો સાત્વિક અહંકારમાં લય પામે છે. એ પ્રમાણે ત્રણ પ્રકારનો અહંકાર મહત્તત્ત્વમાં લય પામે છે અને મહત્તત્ત્વ મૂળ અવ્યાકૃત પ્રકૃતિમાં લય પામે છે. તે પ્રકૃતિ અવ્યક્ત, અનાદિ, અનન્ત, નિત્ય, બધાનું કારણ અને અવિનાશી છે. તે વખતે કાળના અવયવરૂપ રાત દિવસ વિગેરે કોઈ પ્રકારનું પરિણામ થતું નથી. તેમાં વાણી, મન, સત્વગુણ, રજોગુણ, તમોગુણ અને મહત્તત્વાદિ વિકાર, પ્રાણ, બુદ્ધિ, ઈન્દ્રિય, દેવો અને આ સંપૂર્ણ લોકરચના વગેરે કાંઈ રહેતું નથી. ત્યાં સ્વપ્ન જાગ્રત અને સુષુપ્તિ એવી ત્રણ અવસ્થા નથી. અને આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી તથા સૂર્યનો પણ અભાવ છે. તે દશા ઉંઘી ગયેલા માણસના જેવી શૂન્યવત્ અને અચિંતનીય છે. વિદ્વાન પુરૂષો અવ્યક્તને જગતનું મૂળ કારણ કહે છે. જ્યારે પુરૂષ અને પ્રકૃતિનો કાળે કરેલો ભેદ રહેતો નથી ત્યારે એવો પ્રાકૃત પ્રલય ઉત્પન્ન થાય છે.

ઉપરના ત્રણ પ્રલય સાંખ્ય અને યોગની પ્રક્રિયાને આધારે કહેવામાં આવે છે. જ્યાં એક કરતાં વધારે સ્વતંત્ર તત્ત્વ હોય ત્યાં એવી પ્રક્રિયા જોવામાં આવે છે. જેમ કે સાંખ્ય



બે સ્વતંત્ર તત્ત્વ છે, યોગમાં ત્રણ સ્વતંત્ર તત્ત્વ છે. ન્યાય દર્શનવાળા અને વૈશેષિક દર્શનવાળા અને ભક્તિ માર્ગવાળા પણ વધારે સ્વતંત્ર તત્ત્વ માને છે. આવી પ્રક્રિયામાં નાશનો અર્થ કાર્યનો કારણમાં લય એવો થાય છે, તેનો અર્થ પ્રધ્વંસ થતો નથી. સુષુપ્તિમાં કાર્ય બ્રહ્મ વિનાશનિમિત્તક બધા કાર્યોનો નાશ થતો નથી. પ્રાકૃત પ્રલય થતાં હિરણ્યગર્ભ અથવા બ્રહ્માની મુક્તિ થાય છે. તે વખતે સત્યલોક નિવાસી જીવ પણ બ્રહ્મ સાક્ષાત્કાર કરીને વિદેહ મુક્ત થાય છે.

૪. આત્યન્તિક પ્રલય :– આ પ્રલય સમજવામાં વેદાન્તની પ્રક્રિયાનું જ્ઞાન જોઈએ. તેમાં સ્વતંત્ર તત્ત્વ એક જ છે. તેને બ્રહ્મ કહે છે, બાકીનો દેખાવ કલ્પિત માયાથી બને છે. બુદ્ધિ, ઈન્દ્રિય અને વિષયોના રૂપમાં માત્ર તેનું અધિષ્ઠાન બ્રહ્મ જ ભાસી રહે છે. જે વસ્તુ આદિ અંતવાળી હોય તે સત્ય નથી, જે દૃશ્ય છે તેને પોતાના અધિષ્ઠાનથી પૃથક સત્તા નથી. જેમ દીવો, નેત્ર અને તેજથી ભિન્ન નથી, તે પ્રમાણે બુદ્ધિ, ઈન્દ્રિયો અને તન્માત્રાઓ પોતાના અધિષ્ઠાન સત્ય સ્વરૂપ બ્રહ્મથી ભિન્ન નથી. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓ બુદ્ધિની છે. અંતરાત્મામાં જે વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞરૂપ ભેદ છે તે બ્રહ્મમાં માયામાત્ર છે. જે પ્રમાણે આકાશમાં મેઘ કોઈવાર દેખાય છે અને કોઈવાર વિખરાઈ જાય છે તેમ બ્રહ્મમાં સત્યમય જગતની ઉત્પત્તિ અને પ્રલય કોઈવાર ક્રમથી થાય છે અને કોઈવાર ક્રમવાર થતા નથી.

જગતમાં સત્યમય પદાર્થોના કારણરૂપ અવયવ સત્ય મનાય છે, કારણ કે કપડાંના કારણરૂપ તંતુની માફક કાર્યરૂપ અવયવોથી અલગ પણ કારણરૂપ અવયવોની સ્થિતિ દેખાય છે. સામાન્ય કારણ અને વિશેષ કાર્ય રૂપથી જે ભેદ જણાય છે તે પરસ્પર એક બીજાને આશ્રિત હોવાથી ભ્રાંતિરૂપ છે, કારણકે જે કાંઈ આદિ અંતવાળું હોય છે તે મિથ્યા હોય છે. આ પ્રપંચરૂપ વિકાસ જો કે પ્રતીત થાય છે તો પણ પ્રત્યક આત્માથી ભિન્ન અણુ માત્ર પણ તેની સત્તાનું પ્રતિપાદન થતું નથી. તેવી સત્તા માનવામાં આવે તો તે ચિદ્રૂપ આત્માની સમાન સત્ય સિદ્ધ થાય, પણ વસ્તુમાં અનેકતા નથી. જો કોઈ અજ્ઞાની માણસ તેમાં અનેકતા માને તો તેનું માનવું ઘટાકાશ અને મહાકાશના ભેદ જેવું અને આકાશમાં રહેલ સૂર્યનું જલમાં પ્રતિબિંબ પડે તેવું છે અથવા અંદરના પ્રાણ અને બહારના વાયુના ભેદ જેવું કલ્પિત છે. જે પ્રમાણે વ્યવહારમાં સોનું ભિન્ન ભિન્ન ઘરેણાના ભેદથી અનેક રૂપે માણસોના જોવામાં આવે છે તે પ્રમાણે લોકો ભગવાનની માયાની બાબતમાં જુદી જુદી જાતની વ્યાખ્યા કરે છે. જે પ્રમાણે સૂર્યથી ઉત્પન્ન થયેલ મેઘ, સૂર્યથી પ્રકાશ પામે છે, છતાં સૂર્યના દર્શનમાં પ્રતિબંધક થાય છે. તે પ્રમાણે બ્રહ્મનું કાર્ય અહંકાર બ્રહ્મથી પ્રકાશ પામે છે અને બ્રહ્મના દર્શનમાં પ્રતિબંધક થાય છે, જ્યારે સૂર્યથી પ્રગટ થયેલો મેઘ ફાટી જાય છે તે વખતે નેત્ર પોતાના સ્વરૂપભૂત સૂર્યને જોઈ લે છે, તે પ્રમાણે જે



વખતે આત્માની ઉપાધિરૂપ અહંકાર જ્યારે વિચારથી નષ્ટ થાય છે ત્યારે તેને પોતાના સ્વરૂપની સ્મૃતિ થાય છે. આ પ્રમાણે જે વખતે વિવેકરૂપ ખડગથી આ જીવ પોતાના અહંકાર રૂપ માયામય બંધનને કાપીને બ્રહ્માત્મભાવમાં સ્થિત થઈ જાય છે ત્યારે તે અવસ્થાને આ પ્રપંચનો આત્યન્તિક પ્રલય કહે છે. તેનો બીજો અર્થ એવો છે કે અજ્ઞાન દૂર થતાં સંપૂર્ણ કાર્યોનો બાધ થાય છે. એવો આત્યન્તિક પ્રલય વેદાન્તમાં એક જીવવાદવાળા માને છે. ટુંકામાં જ્યાં એક સત્તાનો વિચાર રહે છે. ત્યાં આત્યન્તિક પ્રલય રહે છે. જ્યાં ઘણા જીવોનો વિચાર અને ઘણી સત્તાઓનો વિચાર રહે છે ત્યાં પહેલા ત્રણ પ્રલયનો વિચાર રહે છે. પહેલા ત્રણ પ્રલય કર્મને નિમિત્તે થાય છે. ચોથો પ્રલય જ્ઞાનથી થાય છે. પહેલા ત્રણ પ્રલયમાં માત્ર જાગ્રત અવસ્થાના અનુભવનો વિચાર આવે છે, તે સાધારણ કોટીના માણસો માટે ઉપયોગી છે. વેદાન્તમાં ત્રણ અવસ્થાનો વિચાર છે અને તેથી આત્યન્તિક પ્રલયને સાચો માનવામાં આવે છે.

૫. વિજ્ઞાનની દૃષ્ટિએ પ્રલય :— ઉપરના ચાર પ્રલય ઉપરાંત એક પાંચમો પ્રલય પશ્ચિમના દેશોના સાયન્સવાળાએ શોધી કાઢેલ છે. તે પણ સમજવા જેવો છે. આપણું જે જગત દેખાય છે તે એક જાતનું બ્રહ્માંડ છે. તે આપણી નજરથી દૂર ખસતું જતું હોય તેવું દેખાય છે અને તેથી તેનો પ્રલય થઈ જશે એવી માન્યતા ઘણા વર્ષો સુધી ચાલી રહી હતી. હમણાં

થોડા વર્ષ થયાં સાપેક્ષવાદ (Theory of relativity) ની શોધ થઈ છે અને તે આધારે એમ માનવામાં આવેલ છે કે જગતને જોવામાં આપણી દૃષ્ટિમાં ભૂલ રહેલી છે. આપણું શરીર આપણી પૃથ્વી ઉપર છે તેથી રાતદિવસ દેખાય છે અને કાળની ગણત્રી થાય છે, પણ આપણું શરીર પૃથ્વી ઉપર ન હોય અને સૂર્ય ઉપર હોય તો રાતદિવસ દેખાય નહિ, તેથી કાળની ખબર પડે નહિ અને પ્રલયની પણ ખબર પડે નહિ. તેથી માણસની દૃષ્ટિમાં જે કાંઈ દેખાય છે તે કોઈ વસ્તુ નથી, પણ બનાવ (એટલે Event) છે. તેમાંથી માણસના કર્મ બને છે અને કર્મ પ્રમાણે કાળ બને છે. એક જાતના કર્મ પુરા થાય ત્યારે એક પ્રકારના શરીરનું આયુષ્ય પુરૂં થાય અને બીજા પ્રકારનાં કર્મ શરૂ થાય ત્યારે બીજા પ્રકારનું શરીર આવે. આ મત કાંઈક અંશે જૈન ધર્મને મળતો આવે છે.

ઉપરના પ્રમાણે જેમ ઉત્પત્તિ પાંચ પ્રકારના પ્રલય બને છે તેમ પાંચ પ્રકારની ઉત્પત્તિ બને છે.

૧. નિત્ય ઉત્પત્તિ

૨. નૈમિત્તિક ઉત્પત્તિ

૩. પ્રાકૃત ઉત્પત્તિ

૪. દૃષ્ટિ-સૃષ્ટિવાદની ઉત્પત્તિ

૫. વિજ્ઞાનની દૃષ્ટિએ ઉત્પત્તિ



તેનો વધારે ખુલાસો નીચે પ્રમાણે આપી શકાય છે.

૧. નિત્ય ઉત્પત્તિ :– જે ઉત્પત્તિ રોજ જોવામાં આવે છે તેને નિત્ય ઉત્પત્તિ કહે છે. પરિણામી પદાર્થોની ક્ષણે ક્ષણે બદલવાવાળી દશામાં નિત્ય ઉત્પત્તિ જોવામાં આવે છે.

૨. નૈમિત્તિક ઉત્પત્તિ :– જ્યારે બ્રહ્માનો દિવસ શરૂ થાય છે ત્યારે નૈમિત્તિક ઉત્પત્તિ શરૂ થાય છે. એક હજાર ચતુર્યુગ પર્યંત જલમાં શયન કરવાવાળા પરમાત્માએ જ્યારે પોતાની કાલશક્તિને ઉત્પન્ન કરી ત્યારે તેમણે પોતાના શરીરમાં લીન થયેલ અનંત લોક જોયા. જ્યારે પરમાત્માએ પોતાની અંદર રહેલ સૂક્ષ્મ ભૂતની તરફ દૃષ્ટિ કરી ત્યારે સૂક્ષ્મ ભૂતોના સમુદાય રૂપ કાલશક્તિથી રજોગુણ જાગ્રત થયો અને તેમની નાભિમાંથી કમલ પ્રગટ થયું. તે કમલ કોશે પોતાના તેજથી અપાર જલને સૂર્યની સમાન પ્રકાશિત કર્યું અને તેમાં કર્મશક્તિને જાગ્રત કરવાવાળો કાળ એકદમ ઉપર આવ્યો. પછી તે કમળમાં વિષ્ણુ ભગવાન અંતર્યામી રૂપે પ્રવિષ્ટ થયા, એટલે તેમાંથી બધા વેદોને જાણનાર બ્રહ્મા પ્રગટ થયા. બ્રહ્માજીને જ્યારે જગત જોવામાં ન આવ્યું ત્યારે ચારે તરફ આકાશમાં આંખ ફાડીને જોવા લાગ્યા. તેથી તેના ચાર મુખ થઈ ગયા. પણ તેને તત્ત્વરૂપ કમળનું રહસ્ય સમજાયું નહિ. તેને એવો વિચાર આવ્યો કે હું કોણ છું ? આ કમલ કોઈ આધાર વગર જલમાં શી રીતે ઉત્પન્ન થયું ? તેની નીચે અવશ્ય કોઈ વસ્તુ હોવી જોઈએ કે જેના આધાર ઉપર કમલ

રહેલું છે. એમ વિચાર કરીને બ્રહ્માજી કમળની નાળના છિદ્રમાં પેસીને જળમાં ફર્યા, પણ એ નાળનું ઉત્પત્તિ સ્થાન અને તેનો આધાર મળ્યા નહિ. તેમાં હજાર વર્ષ ચાલ્યા ગયા, તે દૃષ્ટિમાંથી કાળ ઉત્પન્ન થયો. પછી બ્રહ્માજી ત્યાંથી પાછા આવ્યા અને પ્રાણવાયુને જીતી, ચિત્તના સંકલ્પોને નિવૃત્ત કરી સમાધિ કરી. તેમાં એકસો વર્ષ ગયા, પછી તેને પોતાના અંતઃકરણમાં પરમાત્મા દેખાયા અને તેની સ્તુતિ કરી, તે સ્તુતિમાં તેમણે પરમાત્માને કહ્યું કે "આપના સિવાય બીજી કોઈ વસ્તુ નથી કારણ કે માયાના ગુણોના અન્યોન્ય સંબંધથી આપ જ અનેકરૂપે પ્રતીત થાઓ છો. જ્યાં સુધી માણસ પોતાની ઈન્દ્રિયો અને વિષયરૂપી માયાથી દૃઢ રૂપમાં પ્રતીત થવાવાળા દેહ વગેરે આપમાં દેખે છે ત્યાં સુધી સંસારની નિવૃત્તિ થતી નથી અને સંસાર મિથ્યા હોવા છતાં, કર્મફળ ભોગનો આશ્રય હોવાથી ઘણા પ્રકારના દુઃખ આપે છે (ભાગતવ ૩-૯-૯) હું મારા ભેદ-ભ્રમરૂપ અંધકારનો નાશ કરવા માટે આપને નમસ્કાર કરૂં છું." આ પ્રમાણે બ્રહ્માની સ્તુતિ પુરી થઈ ત્યારે ભગવાને તેમને નીચે પ્રમાણે કહ્યું.

શ્રી ભગવાન :– તમે આળસ ન કરો, સૃષ્ટિની રચના કરવા તૈયાર થાઓ. તમારે સૃષ્ટિ માટે જે સાધન જોઈએ તેનો પ્રબંધ મેં કરી રાખેલ છે, તમે ફરીથી એકવાર તપ કરો એટલે તમને જ્ઞાન પ્રાપ્ત થશે. એ જ્ઞાનની સહાયતાથી તમને સંપૂર્ણ લોક તમારા અંતઃકરણમાં દેખાશે. તમે પ્રજા ઉત્પન્ન કરશો તો પણ તમને મોહ થશે નહિ.



પછી બ્રહ્માજીએ પોતાના દેહથી અને મનથી કેટલીક પ્રજા ઉત્પન્ન કરી. આવી નૈમિત્તિક ઉત્પત્તિમાં મુખ્ય આલંબન ભગવાનની કાળશક્તિ અને જીવોના કર્મ છે. તે બંને મળીને બ્રહ્માની સૃષ્ટિ બને છે. એવો કાળ દેહનું અભિમાન રાખનાર જીવોને વશ કરે છે. ખ્રિસ્તી ધર્મવાળા નૈમિત્તિક ઉત્પત્તિ માને છે પણ તેનો વધારે ખુલાસો આપી શકતા નથી.

૩. પ્રાકૃત ઉત્પત્તિ : ત્રીજા પ્રકારની ઉત્પત્તિને પ્રાકૃત ઉત્પત્તિ કહે છે. તે ઉત્પત્તિ ભાગવતની શરૂઆતમાં શુકદેવજીએ (બીજા સ્કંધમાં પાંચમાં અધ્યાયમાં) પરીક્ષિત રાજાને સંભળાવેલી છે. ત્યાં કહેલ છે કે જ્યારે ભગવાનને અનેક રૂપે થવાની ઈચ્છા થઈ ત્યારે પોતાના સ્વરૂપમાં રહેલ કાળ, કર્મ અને સ્વભાવનો સ્વીકાર કર્યો, તે વખતે ભગવાન દ્વારા અધિષ્ઠિત કાળથી પ્રકૃતિના ત્રણ ગુણોમાં વિષમતા આવી, સ્વભાવથી પ્રકૃતિનું પરિણામ થયું અને કર્મથી મહત્તત્વનો જન્મ થયો. પછી મહત્તત્વના વિકારથી ત્રણ પ્રકારનો અહંકાર થયો. સાત્વિક અહંકારમાંથી દેવો થયા, રાજસ અહંકારમાંથી ઈંદ્રિયો થઈ અને તામસ અહંકારમાંથી પંચતન્માત્રા થઈ અને તેમાંથી પંચ મહાભૂત થાય, એ બધા તત્ત્વ ભગવાનની શક્તિથી પ્રેરિત થઈ એક બીજા સાથે મળી ગયા અને કાર્ય-કારણ ભાવને ગ્રહણ કરીને વ્યષ્ટિ - સમષ્ટિ રૂપ અંડ અને બ્રહ્માંડની રચના કરી. તે બ્રહ્માંડ એક હજાર વર્ષ સુધી જળમાં પડયું હતું. પછી કાળ-કર્મ સ્વભાવમાં રહેલ

સમષ્ટિ ચેતને તે નિર્જીવ ઈંડાને સજીવ કર્યું. બધા લોક તે વિરાટ પુરુષનું અંગ છે, તે સગુણ સ્વરૂપ અનંત છે. તેના આદિ અંત કોઈ જાણી શકતા નથી. ભગવાનની માયાથી રચાયેલ એ જગતને બધા પોતપોતાની બુદ્ધિ પ્રમાણે જાણે છે. છતાં જે મુનિજન પોતાના દેહ, મન અને ઈંદ્રિયો સ્વાધીન કરી લે છે તે પરમાત્માનું આ સ્વરૂપ જાણી શકે છે.

આવી ઉત્પત્તિને પ્રાકૃત ઉત્પત્તિ કહે છે.

મુસલમાની ધર્મવાળા પણ એમ માને છે કે આપણું જગત ખુદાએ બનાવેલ છે. પણ તેનો વધારે ખુલાસો આપી શકતા નથી.

૪. દૃષ્ટિ સૃષ્ટિવાદની રીતે ઉત્પત્તિ

જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનને શરીર છોડવાનો પ્રસંગ આવ્યો ત્યારે પ્રભાસમાં તેમની પાસે ઉદ્ધવજી અને મૈત્રેયજી હતા. તેમને છેવટનું બ્રહ્મજ્ઞાન આપ્યું હતું. પછી ઉદ્ધવજી ફરતા ફરતા જમુનાજીના કાંઠા ઉપર આવ્યા. ત્યાં તેમને વિદુરજી મળ્યા. વિદુરજીએ ઉદ્ધવજીને પૂછયું કે ભગવાને છેલ્લી વખતે તમને શું જ્ઞાન આપ્યું હતું. આ વખતે ઉદ્ધવજીને ભગવાનનું સ્મરણ તાજુ થવાથી થોડીવાર મૌન થઈ ગયા. પછી જ્યારે પોતાનું ચિત્ત સંસારના વિચારમાં આવ્યું ત્યારે ઉદ્ધવજીએ વિદુરજી પાસે ભગવાનની લીલા કહી અને પછી કહ્યું કે તમારે તત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે મુનિવર મૈત્રેયજીની



સેવા કરવી જોઈએ. મને પણ ભગવાને કહેલ છે કે વિદુરજીને મૈત્રેયજી પાસે મોકલજો. પછી વિદુરજી જમુનાના કિનારેથી ચાલી થોડા દિવસોમાં મૈત્રેયજી પાસે ગંગા કિનારે પહોંચ્યા. ત્યાં મૈત્રેયજીએ વિદુરજીને નીચે પ્રમાણે સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન આપ્યું :—

"સૃષ્ટિ પહેલા આ બધુ જગત એક માત્ર ભગવાન જ હતું. તે વખતે ભગવાનને એકલા રહેવાની ઈચ્છા હતી, તેથી તેના અનેક રૂપ જોવામાં આવતા નહોતા."

"તે વખતે એક માત્ર પરમાત્માએ પોતા સિવાય બીજા કોઈ દૃશ્યને જોયું નહિ, તેથી પોતાની માયાશક્તિથી લીન અને જ્ઞાનશક્તિથી જાગ્રત રહેવાના કારણથી (અહંકારની) ઉપલબ્ધી ન થવાથી તેમણે પોતાને અસત્ જેવા માન્યા, (ભાગવત ૩-૫-૩૪). એજ સર્વ સાક્ષી પ્રભુની સદસદ્રૂપ માયાશક્તિ છે કે જેના દ્વારા ભગવાને આ જગતની રચના કરેલ છે. કાળ-ક્રમથી ક્ષોભને પ્રાપ્ત થયેલ એ ત્રિગુણમય માયામાં એ ઈંદ્રિયાતીત ચિન્મય પરમાત્માએ પોતાના અંશ ભૂત પુરૂષરૂપથી ચેતનરૂપ બીજને સ્થાપિત કર્યું. પછી કાળની પ્રેરણાથી તે અવ્યક્ત માયામાં મહત્તત્વ પ્રગટ થયું. પછી અહંકાર વગેરે સાંખ્યની પ્રક્રિયા પ્રમાણે ઉત્પત્તિની વાત કહી, અને છેવટે કહ્યુ કે ભગવાનની માયા મોટા મોટા માયાવીઓને પણ મોહમાં નાંખે છે, તેની ગતિ સ્વયં ભગવાન પણ જાણતા

નથી તો બીજા કોણ જાણી શકે ? કારણ કે મન અને વાણી ત્યાં પહોંચી શકતા નથી."

વિદુરજી :– હે બ્રહ્મન ! જે ભગવાન કેવલ ચેતન માત્ર, નિર્વિકાર અને નિર્ગુણ છે, તેની સાથે લીલાથી પણ ગુણ અને ક્રિયાનો સંબંધ શી રીતે થઈ શકે ? બાળકની અંદર કામના હોય છે અને બીજાની સાથે રમવાની ઈચ્છા થાય છે તેથી તે રમત માટે પ્રયત્ન કરે છે, પરંતુ ભગવાન તો આપ્ત કામ છે અને સર્વદા બીજાના સબંધ રહિત અદ્વિતીય છે, તેમાં કીડાની કામના કેવી રીતે ઉત્પન્ન થાય ? ભગવાને પોતાની ગુણમયી માયાથી જગતની રચના કરી છે, તેના દ્વારા તેનું પાલન કરે છે અને પછી તેનો સંહાર કરશે. પરંતુ, દેશ, કાળ, અવસ્થાથી અને પોતાની અથવા બીજે કોઈ પ્રકારે જેની જ્ઞાનશકિતનો લોપ થતો નથી તેને માયાની સાથે યોગ શી રીતે થાય ? વળી, સંપૂર્ણ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞરૂપથી એક જ ભગવાન બિરાજમાન છે તેને દુર્ભાગ્ય અને કર્મ-જન્ય કલેશની પ્રાપ્તિ શી રીતે થઈ શકે ? મારું મન આવા અજ્ઞાન સંકટમાં પડી બહુ ખેદ પામે છે, માટે આપ મારો સંદેહ દૂર કરો.

મૈત્રેયજી :– જે આત્મા બધાનો પ્રભુ છે અને મુક્ત સ્વરૂપ છે તે જાણે કે દીનતા અને બંધનને પ્રાપ્ત થયો હોય તેવો લાગે છે, એવા વિરુદ્ધ ભાવની જે પ્રતીતિ તર્કથી જણાય છે તે ભગવાનની માયા છે. જેમ સ્વપ્ન જોવાવાળો પુરૂષ



કોઈવાર કાંઈ કારણ વગર પોતાનું માથું કપાયેલું જુએ છે તે પ્રમાણે જીવને જાગ્રતમાં જે બંધન વગેરેની પ્રતીતિ થાય છે તે મિથ્યા જ છે. જે પ્રમાણે જલમાં પ્રતિબિંબિત ચંદ્રમામાં કંપન વગેરે દેખાય છે, તે વાસ્તવમાં જળનો ધર્મ છે, ચંદ્રનો ધર્મ નથી, તે પ્રમાણે સાક્ષી આત્મામાં પણ અનાત્મા, ગુણ, સુખ, દુઃખ વગેરે બન્યા નથી, છતાં ભાસે છે.

આંહી એમ સમજાવે છે કે વાસ્તવમાં એક આત્માની સત્તા જ રહે છે. આ સિદ્ધાંતમાં જાગ્રતની પ્રકૃતિમાં કાંઈ સત્તા નથી કારણકે તે ઉંઘમાં જતી રહે છે. પહેલા ત્રણ પ્રકારની ઉત્પત્તિમાં જાગ્રત અવસ્થાનો જ વિચાર છે અને તેથી અનેકની સત્તા માનવામાં આવેલ છે. આંહી ત્રણ અવસ્થાનો વિચાર છે, તેથી આત્મા સિવાય, બીજી કોઈ શક્તિની સ્વતંત્ર સત્તા નથી. આ પ્રક્રિયા આગળ વધેલા માટે છે અને વેદાન્ત દર્શનમાં તેનો વધારે ખુલાસો અનેક રીતે મળી શકે છે.

૫. વિજ્ઞાનની દૃષ્ટિએ ઉત્પત્તિ :– પશ્ચિમના દેશોના સાયન્સવાળા એમ માનતા હતા કે આપણા વિશ્વમાં પહેલાં આકાશમાં નેબ્યુલા અથવા તારાગણ અથવા આકાશગંગા હતી, તેમાંથી વખત જતાં સૂર્ય છૂટો પડ્યો, સૂર્યના ફરવાથી તેમાંથી પૃથ્વી છૂટી પડી, પછી પૃથ્વી ઉપર જળ, ઝાડ અને વનસ્પતિ થયા અને માછલાં વગેરે જળચર પ્રાણી થયા, પછી પશુ પક્ષી ઉત્પન્ન થયા, તેમાં અન્નમય અને પ્રાણમય બે કોશ

વ્યક્ત થયા. તે પછી વાંદરા અને જંગલી મનુષ્ય આવ્યા અને હવે બુદ્ધિશાળી મનુષ્ય આવ્યા. તેમના જીવનમાં અન્નમય, પ્રાણમય અને મનોમય એમ ત્રણ કોશ વ્યક્ત થયા અને વિજ્ઞાનમય અને આનંદમય કોશ અવ્યક્ત રહ્યા. તેથી હિંદના સદ્ગત યોગી શ્રી અરવિંદ એમ માનતા હતા કે હજુ ભવિષ્યમાં નવા દિવ્ય શરીરવાળા દૈવી પ્રાણીઓ જન્મ લેશે અને તેમના શરીરમાં વિજ્ઞાનમય અને આનંદમય કોશ વ્યક્ત થશે.

વિજ્ઞાનની આ પ્રક્રિયાને ઉત્ક્રાન્તિવાદ અથવા વિકાસ વાદ કહે છે, તેમાં નીચે પ્રમાણે બે ભૂલો રહેલી છે :–

૧. પહેલાં નેબ્યુલા હતો તો તે પહેલાં શું હતું તે કહેલ નથી. વળી જ્યારે નેબ્યુલા હતો ત્યારે કોણે જોયો ?

૨. આ માત્ર જાગ્રત અવસ્થાના એક ભાગનો વિચાર છે. તેમાં કાળ ક્યાંથી આવ્યો તેની સ્પષ્ટ સમજણ નથી. જગતની ઉત્પત્તિ માટે કાળ જોઈએ, તે વગર કાંઈ ઉત્પન્ન થઈ શકે નહિં.

ઉત્ક્રાન્તિવાદનો ઉપરનો સિદ્ધાંત લગભગ બે હજાર વર્ષ સુધી ચાલ્યો, પણ ઈ.સ. ૧૯૦૫માં તેની જગ્યાએ પ્રો. આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ શરૂ થયો છે. તેને શરૂ થયે ૫૦ વર્ષ થયા છે, છતાં (અધરો હોવાથી) હજુ તે બહુ થોડા માણસો સમજી શક્યા છે. તે સિદ્ધાંત પ્રમાણે જગતની રચના



ચાર પરિમાણ વાળી છે અને તેમાં કાળ પણ એક પરિમાણ છે. તે મત પ્રમાણે સૃષ્ટિને જોનારો કેવી રીતે જુએ છે તેનો વિચાર કરવો પડે છે. તેથી જે કાંઈ દેખાય તે દૃષ્ટિ પ્રમાણે સાપેક્ષ છે. તેને દ્રષ્ટિ-સૃષ્ટિ વાદ કહે છે. તેનો વધારે ખુલાસો અમારા પુસ્તક દ્રષ્ટિ-સૃષ્ટિ વાદમાં અને કાળની ગતિમાં મળી શકશે.

છતાં પશ્ચિમના દેશોના વિજ્ઞાનીઓની ઈચ્છા જગતની ઉત્પત્તિની શોધ કરવાની હજુ બાકી રહી ગયેલ છે અને જગતની ઉત્પત્તિનો કાળ જે કોઈ શોધી આપે તેને ૫૦ પાઉન્ડનું ઈનામ આપવાનું ઈ.સ. ૧૯૫૪માં જાહેર થયું હતું. તે બાબતમાં ૨૬ નિબંધ આવેલ હતા. પણ તે બાબતમાં કોઈ ચોક્કસ નિર્ણય આપી શક્યા નથી.

ઉત્પત્તિ અને પ્રલયનો વિચાર આ પ્રકરણમાં કર્યા પછી હવે આપણા જગતમાં હાલ જે પરિસ્થિતિ છે તેમાં શાંતિથી કેમ રહેવું તે બતાવવાની જરૂર હોવાથી તે વિષય હવે પછીના પ્રકરણમાં મુકેલ છે. તે પણ એક પ્રકારની માયા છે.

## પ્રકરણ : ૪

# સંસ્કારી જીવન

જુદા જુદા દેશોની પ્રજાના સંબંધનો આધાર તેમના સંસ્કાર ઉપર છે અને સંસ્કારનો આધાર તેમની ધર્મની ભાવના ઉપર છે. માણસના હાલના દુ:ખનું કારણ અને હાલની મુશ્કેલીઓનું કારણ એ છે કે સાચો અને સારો ધર્મ કોને કહેવાય તે બાબતનો ચોક્કસ નિર્ણય નથી અને જુદા જુદા દેશોમાં માણસના કલ્યાણ માટે જુદી જુદી માન્યતાઓ ચાલી રહેલ છે.

ઘણા માણસોને પૈસો ગમે છે, સ્ત્રી પુત્રનું સુખ ગમે છે અને સત્તા ગમે છે. આવા માણસો સંસ્કારમાં આગળ વધી શકતા નથી, તેથી તેમને બીનસંસ્કારી ગણવા જોઈએ. થોડા સંસ્કારી માણસો એમ માને છે કે આપણે આ પૃથ્વી ઉપર થોડા વર્ષ રહેવાનું છે. તેથી આપણે એવી નીતિ અને એવો ધર્મ પાળવો જોઈએ કે જેથી આપણને શરીર છોડયા પછી પણ શાંતિ મળે. હાલની ઘણા દેશોની રાજનીતિ બહુમતિથી ચાલે છે અને માણસોના પરસ્પર સંબંધ સમ-સત્તામાં ચાલે છે તેથી જે થોડા સંસ્કારી માણસો છે તેમને બહુમતિવાળાની માન્યતા પ્રમાણે ચાલવુ પડે છે, તેથી સારા સંસ્કારનો વિજય થતો નથી.

આત્માનું અસ્તિત્વ શરીરની પહેલાં છે અને પછી પણ છે, તેથી આત્માના ધર્મ, શરીરના ધર્મ કરતાં વધારે ઉપયોગી



માનવા જોઈએ જ્યારે વસ્તી ઓછી હોય અને જીવનની જરૂરીઆતની ચીજો સસ્તી મળતી હોય, જ્યારે માણસો જ્ઞાન દ્વારા ઈંદ્રિયો ઉપર સંયમ રાખી શકતા હોય અને શાળાના વિદ્યાર્થીઓને સંયમી શિક્ષકો કેળવણી આપતા હોય ત્યારે આત્મા તરફ લક્ષ આપી શકાય છે સામાન્ય માણસનું સરેરાશ આયુષ્ય ૬૦ વર્ષનું માની શકાય અને તે કેવી રીતે ગાળવા તેની ચોક્કસ યોજના દરેક દેશના માણસો પાસે હોવી જોઈએ. વળી જો બધા રાજ્યોનું એક રાજ્ય બનાવી શકાય તો ૬૦ વર્ષની યોજના પાળવા માટે બધા માણસોને કહી પણ શકાય. હાલના માણસનું જીવન ઠીક કરવા માટે, વ્યક્તિના વિકાસ માટે કોઈ જાતના સંસ્કારની ચોક્કસ યોજના નથી. એ એક મોટી ખામી છે. જ્યાં સુધી ઈંદ્રિયોના ભોગ ઉપર અંકુશ ન આવે ત્યાં સુધી ધનના ઉત્પાદન ઉપર અને ધનની વહેંચણીની ઉપર અંકુશ રહી શકશે નહિ અને ભોગ ઉપર સંયમ રાખવા માટે વસ્તીના વધારા ઉપર સંયમ રાખવો જોઈએ. તે માટે સમાજમાં એક સંસ્કારી વર્ગ તૈયાર કરવો જોઈએ. તેથી માણસના સમાજમાં દેશ પ્રમાણે ભાગ પાડવા ન જોઈએ. સંસ્કાર પ્રમાણે ભાગ પાડવા જોઈએ અને સંસ્કારી વર્ગને, રાજ્ય તરફથી ઉત્તેજન મળવું જોઈએ. સંસ્કારી વર્ગ અને બીનસંસ્કારી વર્ગની ભેળસેળ કરવી જોઈએ નહિ. બીનસંસ્કારી વર્ગ સંસ્કારી વર્ગમાં દાખલ થઈને સંસ્કારી વર્ગના હક મેળવી શકે, પણ તે સિવાય બંને વર્ગને સમાન હક આપવા જોઈએ નહિ.

જ્ઞાની પુરૂષો માટે, લશ્કરી માણસો માટે, વેપારીઓ માટે અને મજુરો માટે એક જ પ્રકારના હક રાખી શકાય નહિ. દરેકે પોતાના અધિકાર પ્રમાણે જીવન ગાળવું જોઈએ. જે માણસને બહારના વિષયોમાંથી સુખ જોઈએ છે તેને પોતાના આત્માની ખબર નથી. તે વિષયીની કોટીમાં ગણાવા લાયક છે. તે બીજાનો દાસ થવાને લાયક છે. એવા મજૂરોની સંખ્યા હજુ બધા દેશોમાં ઘણી છે. તેઓમાં વિચાર શક્તિ હોતી નથી અને ઉંચા સંસ્કાર પણ હોતા નથી. તેથી માણસના જીવનમાં ઉંચા સંસ્કારવાળો વર્ગ તૈયાર કરવો પડશે. તે સિવાય સામાજીક માયા જીતી શકાશે નહિ. જો બધા દેશોના બધા સંસ્કારને ઠીક માનવામાં આવશે અને તે સહન કરી લેવામાં આવશે તો માણસો પાસે કોઈ પ્રકારની પસંદગી રહેશે નહિ અને માણસો કોઈ ઉંચા પ્રકારનો નિર્ણય બાંધી શકશે નહિ. જો દરેક પ્રકારનું જીવન ઠીક છે એમ ચલાવવામાં આવશે તો સારો સંસ્કારી વર્ગ ઉત્પન્ન થઈ શકશે નહિ તેથી બધા દેશના હાલના પ્રજાસત્તાક રાજ્યોના બંધારણમાં ફેરફાર કરવો પડશે. ધારાસભાના સભ્યો ચૂંટવા માટે ફક્ત જે સંસ્કારી વર્ગ હોય તેમને જ મત આપવાનો હક આપવો જોઈએ. જેમ માંદા માણસો પોતાને માટે દાકતર પસંદ કરી શકે નહિ તેમ બીનસંસ્કારી વર્ગ સભ્ય માણસને ઓળખી શકે નહિ. દેશ પરદેશ વચ્ચે કેવી જાતની ફરજો રહેવી જોઈએ તે બીનસંસ્કારી વર્ગ જાણી શકતો નથી. તે



માંદા માણસોના વર્ગ જેવા છે. તેઓને માત્ર પોતાની ઈચ્છાઓ પુરી કરવા તરફ લક્ષ્ય હોય છે.

તેઓ તેમની હલકી ટેવો છોડી શકતા નથી. તેથી આપણે હક કરતાં જવાબદારીના કાયદા ઘડવા જોઈએ. માત્ર મત આપવાનો હક આપવાથી માણસ સારો થઈ જતો નથી. તેમનો વિષયભોગ તેમના જીવનમાં ઘણો ગોટાળો ઉત્પન્ન કરે છે.

સારૂં જીવન ગાળવાનું જેઓનું લક્ષ્ય હોય છે તેઓ સારૂં જીવન કોને કહેવાય તે પહેલાં નક્કી કરે છે. હાલના સાપેક્ષવાદના સાયન્સથી નક્કી થયેલ છે કે દેશ અને કાળ સાપેક્ષ છે. તે આપણા જીવનની મુખ્ય વસ્તુ નથી. આપણે ધારીએ તેવો ફેરફાર તેમાં કરી શકીએ છીએ. તેથી આપણા જુદા જુદા દેશોના ઈતિહાસોમાં ઘણા ફેરફાર કરવા પડશે. હાલના માણસોનો સમાજ ખોટી લાગણી અને ખોટી ઈચ્છાને વશ થયેલો છે, તે સંસ્કાર ઉપર જીત મેળવવી પડશે. ગુણાતીત દશાવાળા નવું સંસ્કારી જીવન રચી શકે છે. ધર્મ અને નીતિની દ્રષ્ટિએ અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ નવા જીવનનો વિચાર કરવો જોઈએ. માત્ર આર્થિક દ્રષ્ટિએ સમાજનો અને રાજ્યનો વિચાર થઈ શકે નહિ. માણસોમાં સારા સંસ્કાર નાખ્યા વગર વસ્તી વધે તો ખોટા સંસ્કારવાળાની વસ્તી વધે છે. જેમ શરતના ઘોડાના માબાપની તપાસ કરવામાં આવે છે તેમ સંસ્કારી માબાપની તપાસ કરવી પડશે. સાચું અને સારૂં જીવન કોને કહેવાય તે બાબતની ચોક્કસ માન્યતા સમાજમાં રહેશે તો ઘણી મુશ્કેલીઓ ઓછી થશે. જ્યારે અજ્ઞાન ઉપર

અંકુશ રહેતો નથી ત્યારે અજ્ઞાનમાં ઘણી શક્તિ આવે છે, સ્વપ્નામાં તેની ખાત્રી થાય છે.

માણસના જન્મ પહેલાં તે કોઈ દેશનો વતની નથી. મરણ પછી પણ તે કોઈ દેશનો વતની નથી, તો વચલા વખતમાં તેને અમુક દેશ સાથે શા માટે જોડી દેવો જોઈએ, પણ વસ્તી વધે છે ત્યારે દેશની ભાવનાની અંદર રહેવાની જરૂર પડે છે, કારણકે દેશની રક્ષાની જરૂર પડે છે. વસ્તી ઓછી હોય અને જીવનની જરૂરીયાતો પુષ્કળ પ્રમાણમાં મળતી હોય ત્યારે સંસ્કારી માણસો કાળ જીતવાનો પ્રયત્ન કરે છે. તેઓ ઈંદ્રિયો ઉપર સંયમ રાખીને આત્મ-સાક્ષાત્કારનો પ્રયત્ન કરે છે. ખરી રીતે વસ્તી વધે ત્યારે સંયમ રાખવો જોઈએ, કારણકે તે વખતે જીવન જરૂરીયાતની ચીજો મોંઘી થાય છે અને તે મેળવવામાં એટલો બધો વખત જાય છે કે આત્મજ્ઞાન માટે ફુરસદ રહેતી નથી. આર્યોના સંસ્કાર પ્રમાણે પ્રાચીન કાળમાં દરેક માણસ માટે નીચે પ્રમાણે રોજ પાંચ ફરજ બજાવવાની રહેતી હતી :—

૧. દેવયજ્ઞ
૨. પિતૃયજ્ઞ
૩. ઋષિયજ્ઞ
૪. નૃયજ્ઞ
૫. ભૂતયજ્ઞ

હાલના કાળમાં ફક્ત નૃયજ્ઞ તરફ ધ્યાન આપવામાં આવે છે એટલે દેશ પરદેશની પ્રજા વચ્ચે સંપ કેમ રહે તેનો



વિચાર કરવામાં આવે છે પણ બીજા યજ્ઞો તરફ ધ્યાન આપવામાં આવતું નથી, પશુઓ તરફ દયા રાખીને ભૂતયજ્ઞ કરવામાં આવતો નથી, આત્મજ્ઞાન મળે તેવી વિદ્યા મેળવવા માટે પ્રયત્ન કરવો તેને ઋષિયજ્ઞ કહે છે, પિતૃઓને રોજ તર્પણ આપવું અને પોતાના વંશના મહાપુરૂષોને યાદ કરવા તેને પિતૃયજ્ઞ કહે છે. દેવોને પ્રસન્ન કરવા માટે જ વિધિ કરવામાં આવે છે તેને દેવયજ્ઞ કહે છે. માણસના જીવનમાં ઉપરના પાંચ યજ્ઞની જરૂર માનેલી છે. માણસના જીવનનો એક અંશથી વિચાર થઈ શકે નહિ. આપણે ભેદનો અભેદ કરવાનો નથી પણ ભેદનો નિષેધ કરવાનો છે. અખંડ વસ્તુનો અનુભવ સંસ્કાર ફેરવવાથી થાય છે. માણસને ફક્ત દ્રશ્ય વસ્તુઓના ભોગનો નશો લાગવો જોઈએ નહિ, પણ તેના આત્માનું અનુસંધાન કરી શકે તેવો તેને બનાવવો જોઈએ. સારૂં અને સંસ્કારી જીવન કોને કહેવાય તે માટે સમાજમાં ચોક્કસ માન્યતા હોવી જોઈએ. તે માટે સંસ્કારના કેન્દ્રો રચવા જોઈએ અને તે બધા માણસની જાણમાં આવવા જોઈએ. માણસો પશુવૃત્તિ તરફ વળતા હોય તો તેમને અટકાવવા જોઈએ. બધા દેશના વિદ્વાન અને સંસ્કારી માણસોએ ભેગા થઈને કોઈ સારી અને સંસ્કારી પ્રણાલિકા શોધી કાઢવી જોઈએ અને પછી તે પ્રમાણે જે જે રીતરીવાજ માફક ન આવે તે દૂર કરવા જોઈએ.

## સંસ્કારનું પ્રમાણ

પહેલાં તે સંસ્કારનું પ્રમાણ નક્કી કરવું જોઈએ અને

તેની વ્યાખ્યા આપવી જોઈએ. એ પ્રક્રિયા એવી હોવી જોઈએ કે દરેક દેશવાળા એવી રીત ગોઠવે કે જેથી માણસને આત્મા ઉપર પ્રીતિ જાગ્રત થાય અને વિષયોના સુખ ઉપર તેમને વૈરાગ્ય આવે. આટલી વાત બધા દેશો સ્વીકારી શકે તેવી છે, કારણકે તેથી બધાને લાભ થાય તેમ છે. આટલી વાત સ્વીકાર્યા પછી દરેક દેશના દરેક ધર્મમાં જુદી જુદી ક્રિયાઓના જે મતભેદ ચાલતા હોય તે સહન કરી લેવા જોઈએ. એવી ક્રિયાઓ બીન-સંસ્કારી વર્ગને માટે જરૂરની હોય છે. તેમાં સહનશીલતા રાખવી જોઈએ. પણ જો બધા ધર્મની બધી વાતો સ્વીકારી લેવામાં આવે તો કોઈ જાતના સંસ્કારી સુધારા થઈ શકે નહિ, તેથી ઉપરની મુખ્ય બાબત ધ્યાનમાં રાખીને બીજી જુદી જુદી ધાર્મિક ક્રિયાઓ ચલાવી લેવી જોઈએ. માણસના જીવન માટે ઉંચુ લક્ષ્ય તેમની નજર સામે સતત રહેવું જોઈએ. જો દરેક માણસને તેની મરજી પ્રમાણે વર્તવા દેવામાં આવે અને તે ગમે તે ધર્મ અને ગમે તે કર્મ સ્વીકારે તો કોઈ જાતની પ્રગતિ થઈ શકે નહિ સંસ્કારી જીવન કોને કહેવાય તે બાબતનો આદર્શ ચોક્કસ રીતે તેની આગળ રહેવો જોઈએ, એટલે કોઈપણ રીતે આત્મામાં પ્રીતિ અને વિષયોમાં વૈરાગ્ય લાવવો એ એનું લક્ષ્ય રહેવું જોઈએ. માણસ શરૂઆતના જુવાનીના જીવનમાં વિષયોનો ગુલામ બની જાય છે, પણ તેવી પશુ વૃત્તિમાં તે વધારે તણાઈ ન જાય તેટલા માટે તેને બચાવી લેવો જોઈએ. તે માટે ઉપર પ્રમાણે સંસ્કારનું પ્રમાણ તેની પાસે મુકવું જોઈએ. હાલના કાળમાં બધા દેશોને



ઉપયોગી થાય તેવું સામાન્ય પ્રમાણ સમાજમાં રહેલ નથી. તેથી બધા દેશોના બધા માણસોને માત્ર ઈંદ્રિયોના ભોગ છૂટથી ભોગવવાની સ્વતંત્રતા જોઈએ છે એવા ભોગના સાધનો અમુક પ્રમાણમાં જ ઉત્પન્ન થાય છે. અને વસ્તી વધે છે, તેથી બધાને બધી ચીજો મળતી નથી. કોઈ જુવાન બાઈ હોય અને તેને પરણવા માટે બે માણસોની ઈચ્છા હોય તો લડાઈ થયા વગર રહે નહિ. એવી દશામાં હાલના દેશો જીવે છે પણ જો દરેક દેશમાં સંસ્કારનું ધોરણ ચોક્કસ હોય તો ઈંદ્રિયોનાં ભોગ ઉપર અંકુશ આવે અથવા ધીરે ધીરે અંકુશ લાવવાનો પ્રયત્ન થાય. નીતિ એ સાધન છે.

લક્ષ્ય તો આત્મ-સાક્ષાત્કારનું હોવું જોઈએ. હાલની દશામાં બધા દેશોના રીતરીવાજ તે દેશોના માણસો સાચા તરીકે માની રહેલ છે, પણ તે કેટલે દરજ્જે સાચા છે તેનું પ્રમાણ નથી. તે રીતરીવાજોમાંથી આત્મા ઉપર પ્રીતિ થઈ શકે છે કે નહિ અને વિષયો ઉપર વૈરાગ્ય આવે છે કે નહિ, તે જોવામાં આવતું નથી. તે એમ માને છે કે અમારા દરેક સંસ્કાર સારા છે. તેમાંથી સારૂં જીવન કોને કહેવાય તે માટે પ્રમાણ મળતું નથી.

## મુખ્ય લક્ષ્ય

મુખ્ય લક્ષ્ય એવું હોવું જોઈએ કે સારૂં અને સાચું જીવન કોને કહેવું તે નક્કી કરવું જોઈએ તે માટે માણસના જીવનમાં કેટલા પ્રકારના સુખ છે તે નક્કી કરવા જોઈએ અને તેમાંથી ક્યું સુખ સારૂં છે તે નક્કી કરવું જોઈએ. માણસના

જીવનમાં નીચે પ્રમાણે ચાર પ્રકારના સુખ છે.

૧. આર્થીક સુખ, પૈસાથી મળે છે.

૨. કુટુંબનું સુખ, સ્ત્રી પુત્રથી પ્રાપ્ત થાય છે.

૩. નીતિનું સુખ, બીજાની સેવા કરવાથી મળે છે.

૪. આત્માનું સુખ, આત્મામાંથી મળે છે.

પહેલાં ત્રણ સુખ અનિત્ય છે, ચોથું સુખ નિત્ય રહે છે. તેથી માણસોએ ચોથા સુખ તરફ લક્ષ્ય રાખવું જોઈએ. સામાન્ય જીવન માટે પહેલા ત્રણ સુખની જરૂર છે. પણ તે માટે આખું જીવન ગાળવું જોઈએ નહિ.

જો એટલું નક્કી થઈ શકે કે આત્માનું સુખ તે માણસના જીવનનું મુખ્ય કર્તવ્ય છે તો રાજ્યસત્તા કરતાં મહાત્માઓને વધારે સત્તા આપવી જોઈએ. જેણે આત્મજ્ઞાન મેળવ્યું હોય તે જ આત્માનો રસ્તો બતાવી શકે છે. મહાત્માઓ જો માણસોની ફરજો નક્કી કરે તો મુખ્ય લક્ષ્ય ધ્યાનમાં રાખીને કરી શકે. કોઈ માણસે પાંચ ખૂન કર્યા હોય તો રાજ્ય ફક્ત તેને એક વખત ફાંસી આપી શકે પણ મહાત્માઓ તેને કહે કે તેના પાપનું ફળ તેના બીજા જન્મમાં ભોગવવું પડશે તો તે પાપ કરતાં અટકે છે. જેમ દરેક દેશમાં આર્થીક ઉન્નતિ માટે પાંચ વર્ષની અથવા દશ વર્ષની યોજના ઘડવામાં આવે છે, તેવી જ રીતે સંસ્કાર માટે ૬૦ વર્ષની યોજના નીચે પ્રમાણે તૈયાર કરવી જોઈએ.



૧. પહેલા ૨૪ વર્ષ સામાન્ય કેળવણી ઉપરાંત નીતિ અને ધર્મનું શિક્ષણ.

૨. લગ્ન કરી ગૃહસ્થાશ્રમના વર્ષની ઉંમર ૨૪ થી ૩૬ રાખવાથી વસ્તી ઓછી થશે. વળી સંસ્કારી વર્ગની સાથે જ લગ્ન કરે તો સારી જાતની પ્રજા ઉત્પન્ન થશે.

૩. ૩૬ મા વર્ષ પછી ૧૨ વર્ષ સુધી વાનપ્રસ્થ અવસ્થા ગાળવી. તેમાં પતિ-પત્નીએ મિત્ર તરીકે રહેવું, લોકસેવા કરવી. નીતિ અને ધર્મનો ઉપદેશ આપવો.

૪. ૪૮ વર્ષની ઉંમર પછી બને તો સંન્યાસ લેવો કે જેથી આત્મજ્ઞાન માટે પુરતો વખત રહે. આ વખતે જ્ઞાન લેવું અને દેવું, એ જાતની પ્રવૃત્તિ રહે.

સમાજના નીચે પ્રમાણે ૩ વર્ગ રાખવા :—

૧. ઉપરની ૬૦ વર્ષની યોજના જે લોકો સ્વીકારે તેમને સંસ્કારી માનવા.

૨. અડધા સંસ્કારી માણસોને પરણેલી જીંદગીનો વખત ૨૦ વર્ષનો આપવો.

૩. ઉપરની યોજના જેઓ સ્વીકારે નહિ તે બીન સંસ્કારી વર્ગ સમજવો.

૪. શાળાઓ માટે શિક્ષકો અને રાજ્યના પ્રધાનો સંસ્કારી વર્ગમાંથી પસંદ કરવા.

૫. મત આપવાનો હક્ક ફક્ત સંસ્કારી વર્ગને જ આપવો. ઉપરના જેવી કોઈક યોજના બધા દેશોના જીવન માટે કરવી જોઈએ. યોજના વગર માણસનું જીવન આડું-અવળું વહી જાય છે. એવી યોજનાથી બધા દેશો વચ્ચે પરસ્પર નીતિના બંધન પણ રાખી શકાશે. હાલના કાળમાં માત્ર આર્થીક વિકાસની યોજના જોવામાં આવે છે પણ સંસ્કાર સુધારવા માટે કોઈ યોજના જોવામાં આવતી નથી. લગ્ન સંસ્કારી કુટુંબોમાં થાય તો તેમાંથી ઉત્તમ કોટીના મહાપુરૂષો સમાજને મળી શકે.

અમેરીકામાં માર્ટીન કાલાકક નામના એક પુરૂષના સંબંધમાં એક રસિક પ્રસંગ થોડા વર્ષ પૂર્વે પ્રસિદ્ધ થયો હતો. અમેરીકાના બળવાના યુદ્ધ વખતે તે એક જુવાન સૈનિક હતો. તેના પૂર્વજો ઉચ્ચ શ્રેણીના હતા પરંતુ યુદ્ધ સમયની શિથિલ નીતિરીતિ અને સામાજિક વિષમ પરિસ્થિતિમાં તેણે પોતાના કુટુંબની ઉચ્ચતા અને ખાનદાની વિસારી. તે એક શરીરે સુંદર છતાં નબળા માનસની યુવતી તરફ આકર્ષાયો. પરિણામે નબળા માનસવાળો તેને એક પુત્ર થયો. આ યુવક મોટો થયો અને તેના જેવી ઉતરતી પંક્તિની સ્ત્રી સાથે પરણ્યો. તેની ઘણી પ્રજા થઈ. આ પ્રજાએ પણ પાછી તેમના જેવી હલકી જાતિના સ્ત્રી પુરુષો સાથે લગ્ન કર્યા. એમ કરતાં છ પેઢી થઈ અને તેમના કુટુંબોની પ્રજાની વૃદ્ધિ થઈ. દીર્ઘ સમય પૂર્વની પ્રથમ પુરૂષની વિષય તૃપ્તિમાંથી ૪૮૦ જીવાત્માઓ જન્મ્યા એ બધા માર્ટન કાલાકક અને નિકૃષ્ટ શ્રેણીની યુવતીના વંશજો



હતા. તેમાં ૧૪૩ નબળા મનના, ૩૩ અનીતિમાન, ૩૬ વ્યભિચારના ફળરૂપ, ૩ વાઈના રોગી, ૩ ગુન્હા કરનારા ગુંડા અને ૮ અનીતિનો ધંધો ચલાવનાર થયા.

આ માર્ટીને આવી અધમ પ્રજાનો વારસો આપ્યા પછી કવેકર સોસાયટીની બહુ બુદ્ધિમાન અને ઉચ્ચ કુલીન કુટુંબની સ્ત્રીની સાથે લગ્ન કર્યું. આ ઉચ્ચ કુલીન લગ્નના ફળરૂપે ૪૯૬ સીધી પેઢીના વારસો છે. એમાંના ઘણા ગવર્નરો થયા, સૈનિકો થયા, એક મોટી વિદ્યાપીઠનો સંસ્થાપક થયો અને બીજા દાકતરો, વકીલો, ન્યાયાધીશો, કેળવણીકાર, જમીનદાર અને જનતાને ઉપયોગી નાગરિકો થયા. સમાજના ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં પ્રશસ્ય પ્રકારે સહાયક સ્તુતિપાત્ર આ વડીલો છે. છેક છેલ્લો પુરુષ જે જોવામાં આવ્યો તે ધનવાન અને સમાજમાં લાગવગવાળો પ્રતિષ્ઠીત પુરૂષ થયો.

બધા દેશોના સંસ્કાર ઠીક કરવા માટે એક યુનેસ્કો નામની સંસ્થા રચવામાં આવેલ છે. તે સંસ્થાનું કામ સારા સંસ્કાર ઉત્પન્ન કરવાનું છે. તેઓ જો બધા દેશો પાસે ઉપરની ૬૦ વર્ષની યોજનાનો સ્વીકાર કરાવે તો નીતિ અને સંયમ વધે, ભોગ ઉપર મર્યાદા આવે, વસ્તી ઓછી થાય અને તેથી ઉત્પાદન માટે અને વહેંચણી માટે ખર્ચાતો વખત બચી શકે. સારા લગ્નથી કેટલીક નીતિ વારસામાં મળે છે અને બીજી કેટલીક કેળવવી પડે છે. આવી બાબતમાં જો વસ્તી ઓછી હોય તો શિક્ષકો દરેક વિદ્યાર્થી ઉપર ધ્યાન આપી શકે. જ્યારે

વસ્તી વધી જાય છે ત્યારે શાળામાં વિદ્યાર્થીઓ વધે છે અને શિક્ષકો દરેક વિદ્યાર્થી તરફ પુરતું ધ્યાન આપી શકતા નથી. જ્યારે ઈંદ્રિયોના ભોગ વધે છે ત્યારે નીતિના બંધન પણ નભી શકતા નથી.

યુનેસ્કોની સંસ્થા માટે પણ બહુ જ જ્ઞાની અને સંયમી સભ્યો પસંદ કરવા જોઈએ, એવી સંસ્થા માટે ઉતરતી પંકિતના માણસો ચાલી શકે નહિ. આપણે માણસોને માત્ર લડાઈમાંથી બચાવવાના નથી પણ પશુ જેવા તેમના જીવનમાંથી બચાવવાના છે. દેશના કલ્યાણ માટે અને સમાજના કલ્યાણ માટે વ્યક્તિના વિકાસ તરફ ધ્યાન આપવાની ખાસ જરૂર છે અને વ્યક્તિને માટે ૬૦ વર્ષની યોજનાની જરૂર છે. હાલના સંજોગોમાં આપણે કોઈ વિદ્યાર્થીને પૂછીએ કે તેના જીવનનું લક્ષ્ય શું છે, તો તે તેનો જવાબ આપી શકતો નથી. એ ઘણી ખામી કહેવાય. તેથી યુનો પાસે જે સત્તા છે તે યુનેસ્કોને સોંપવી જોઈએ. યુનોની સંસ્થા માણસોની લાગણી ઉપર નજર રાખીને ચાલે છે. યુનેસ્કોની સંસ્થા માણસોના સંસ્કારનું ધ્યાન રાખે છે. યુનોની સંસ્થાની સ્થાપના પછી પણ કેટલાક દેશો સત્તાના ગ્રુપ કરવા લાગ્યા છે. તેને લઈને લડાઈ થવાનો સંભવ છે. રાજદ્વારી બાબતોમાં પણ હજુ ઘણી ગુલામીની પદ્ધતિ ચાલે છે. નાના દેશોને અથવા નબળા દેશોને ગુલામ બનાવવાની યુક્તિઓ હજુ ચાલે છે. ચાલીસ વર્ષ પહેલાં પણ એવી દશા હતી.



માણસોનું ઘણું જ્ઞાન ન્યુઝ પેપરોમાંથી મળે છે કોઈમાં નવો ઈતિહાસ બનાવવાની શક્તિ આવતી નથી. ઉત્તમ સુખમાં શ્રદ્ધા આવ્યા વગર ચાલુ રીતો ઓળંગી શકાય નહિ. શ્રદ્ધાથી નવું જગત ઉત્પન્ન કરી શકાય છે. નવા હેતુથી નવા જગતનો જન્મ થાય છે. એવા હેતુઓ યુનેસ્કોની સંસ્થા પ્રસિદ્ધ કરી શકે તેવું છે.

## બધા દેશોનું એક રાજ્ય

હાલના કાળમાં ઈતિહાસની રીત ચાલુ રાખવામાં આવે છે. પ્રો. આઈન્સ્ટાઈને સાપેક્ષવાદ દ્વારા એવું સિદ્ધ કરેલ છે કે દેશ અને કાળ એ કલ્પિત વસ્તુ છે, તેથી જો આપણે ઈતિહાસમાં અને ભૂગોળમાં ફેરફાર કરી નાંખીએ તો ઘણો લાભ થાય તેવું છે. તે માટે બધા દેશોનું એક રાજ્ય બનાવવું જોઈએ અને તેના વિભાગ નીચે પ્રમાણે કરવા જોઈએ.

૧. ઉત્તર પ્રદેશ

૨. દક્ષિણ પ્રદેશ

૩. પૂર્વ પ્રદેશ

૪. પશ્ચિમ પ્રદેશ

૫. મધ્ય પ્રદેશ

દરેક પ્રદેશના ગવર્નરો, યુનેસ્કોની સંસ્થા દ્વારા નીમવા જોઈએ અને વખતો વખત તેમની ફેરબદલી કરવી જોઈએ. તે

જ પ્રમાણે લશ્કરના વડાઓની પણ ફેરબદલી કરવી જોઈએ. આટલું કામ કર્યા પછી જુદા જુદા દેશોના ઈતિહાસના અને ભૂગોળના પુસ્તકો બાળી નાખવા જોઈએ કે જેથી કોઈને પોતાના જુદા દેશનું અભિમાન રહે નહિ અને નવો યુગ નવી સાલથી એટલે તારીખ ૧-૧-૧થી શરૂ કરવો જોઈએ.

આવા મોટા ફેરફારથી બધાનું જીવન સુધરશે એવી શ્રદ્ધા ઉત્પન્ન થવી જોઈએ. જો બધા દેશો, ઉપર જણાવેલ ૬૦ વર્ષની યોજનાનો સ્વીકાર કરે તો ઉપર મુજબ રાજ્યના ફેરફાર થઈ શકે. જેઓ આવી યોજના સ્વીકારે નહિ તેમને બીનસંસ્કારી વર્ગમાં મૂકવા જોઈએ અને તેમને મત આપવાનો હક્ક આપવો જોઈએ નહિ. ઉપરના પાંચ પ્રદેશોમાં પેટા પ્રાંતો પણ રાખવા જોઈએ પણ મુખ્ય સંસ્કારનો હેતુ ભૂલાવો જોઈએ નહિ.

આવી પદ્ધતિથી માણસ માણસ વચ્ચેના અને દેશ દેશ વચ્ચેના સંબંધો સારા થઈ શકે છે. આવી પ્રણાલિકામાં જે ભેદ રહેશે તે માત્ર સંસ્કારના ભેદ રહેશે. રાજ્યની રીતે, કે સમાજની રીતે કે આર્થીક રીતે ભેદ રહેશે નહિ. ઉપરની યોજનામાં પરદેશ ખાતાના પ્રધાન રહેશે નહિ કારણકે કોઈ પરદેશ રહેશે નહિ. સંસ્કારી માણસો બીજા સંસ્કારી માણસો સાથે સંબંધ બાંધશે અને બીનસંસ્કારી, બીન-સંસ્કારી સાથે સંબંધ બાંધશે. હાલના કાળમાં બધા દેશોમાં સારા સંસ્કાર ફેલાવવામાં ઘણી મુશ્કેલીઓ છે. બીજા દેશોમાં જવા માટે પાસપોર્ટ અને નવી જાતના નાણાંની જરૂર પડે છે. વળી વસ્તી



વધી જવાથી રેલ્વેમાં, સ્ટીમરમાં, ટ્રામમાં અને બસોમાં જગ્યા મળતી નથી, તેથી વસ્તી ઓછી કરવાની જરૂર છે. તે માટે સંતતિ નિયમનના કૃત્રિમ ઉપાય સફળ થશે નહિ, તેનાથી માણસના સંસ્કાર સારા થતા નથી. આવા કૃત્રિમ ઉપાયોથી માણસનું મન પશુના જેવું થઈ જાય છે. તેથી વસ્તી ઓછી કરવા માટે ઉપર જણાવ્યા પ્રમાણે ૬૦ વર્ષની યોજનાની જરૂર છે. તેનાથી વસ્તી ઓછી થશે એટલું જ નહિ પણ જીવનને અંતે ભક્તિ માટે અને જ્ઞાન માટે સારી ફુરસદ મળી શકશે. સંસ્કારી માણસો માટે ૧૨ વર્ષની પરણેલી જીંદગી પુરતી છે. તેઓ સમજી શકશે કે માણસના જીવનનો હેતુ આત્મસાક્ષાત્કારનો છે, તેથી ઈંદ્રિયો ઉપર સંયમ રાખવાની જરૂર છે.

આવી ૬૦ વર્ષની યોજના નક્કી કરીને, સિનેમા બનાવી બધા દેશોમાં જાહેર કરવી જોઈએ. ઉપર જણાવેલ બધા દેશોના એક રાજ્યની પદ્ધતિ પણ સિનેમાના ચિત્રરૂપે તૈયાર કરીને પ્રજામાં જાણીતી કરવી જોઈએ.

પશ્ચિમના દેશોમાં વસ્તી વધે છે, તેને લઈને તેઓને બીજા નબળા દેશો પડાવી લેવાની ઈચ્છા રહે છે અને પૂર્વના દેશોમાં વસ્તી વધે છે તેથી ચીજો મોંઘી થાય છે, તેથી અંદર અંદર કપટ, ચોરી, લુંટફાટ, કાળાબજાર અને લાંચ રુશ્વત પણ વધે છે. તેથી વસ્તી ઓછી કરવાની જરૂર છે અને તે માટે પરણેલી જીંદગીનો વખત ટુંકો કરવાની જરૂર છે, અને બધા દેશોનું એક રાજ્ય, ઉપર પ્રમાણે બનાવવાની પણ જરૂર છે.

થોડા વર્ષ પહેલાં હિંદને સ્વરાજ્ય મળ્યું ત્યારે એક સ્વતંત્ર એકમ કરવા માટે હિંદના દેશી રાજાઓએ પોતાના રાજ્ય ઉપરની હકુમત છોડી દીધી હતી. તેમના પ્રાંતો હિંદ સરકારે વહીવટની સગવડતા પ્રમાણે ફરીથી વહેંચી લીધા છે તે જ પ્રમાણે જો જુદા જુદા દેશો પોતાના દેશો ઉપરની હકુમત છોડી દે અને એક વિશ્વ સામ્રાજ્ય એક સત્તાવાળું બનાવે તો બધાને ફાયદો થાય તેવું છે. હિંદના દેશી રાજાઓએ પોતાના રાજ્ય ઉપરના હક્ક છોડી દીધા તેના બે કારણ નીચે પ્રમાણે હતા :—

(૧) તેમને તેમની આવકના પ્રમાણમાં વાર્ષિક સાલીયાણું આપવામાં આવેલ છે. તેથી તેમની આર્થીક સ્થિતિ જળવાઈ રહેલ છે.

(૨) હિંદનું લશ્કર કોંગ્રેસના હાથમાં ગયું છે, તેથી દેશી રાજાઓને તાબે થયા વગર બીજો કોઈ ઉપાય નહોતો, તેવી જ રીતે બધા દેશોનું એક રાજ્ય કરવાથી બહુ ઓછા લશ્કરની જરૂર પડશે અને દેશની આર્થીક સ્થિતિ બહુ સારી થશે. વળી યુદ્ધની બીક રહેશે નહિ, તેથી લોકો સારા સંસ્કાર તરફ ધ્યાન આપી શકશે.

બધા દેશોના રાજ્યના સંયુક્ત વ્યવહાર માટે એક અંગ્રેજી ભાષા રાખવી જોઈએ અને દરેક પ્રાંત માટે જે ભાષા ચાલુ હોય તે ચાલુ રાખવી જોઈએ.

સાચુ સંસ્કારી જીવન તે કહેવાય કે જેમાં ઓછામાં



ઓછા સ્વતંત્ર તત્વ રહે. આ બાબત તત્વજ્ઞાનમાં, ધર્મમાં અને સાયન્સમાં માન્ય કરવામાં આવેલ છે. હાલના રાજ્યોમાં વેપારી ઢબની રાજ્યનીતિ છે તેથી ભેદ વધતા જાય છે, માણસ-માણસ વચ્ચેના સંબંધ પણ બગડતા જાય છે અને દેશના નેતાઓ પરસ્પર જવાબદારી બરાબર અદા કરી શકતા નથી. જ્યારે વેપારી પદ્ધતિનું રાજ્ય હોય ત્યારે બહુમતિથી રાજ્ય ચલાવવાની રીત ઠીક છે પણ તેથી દેશ પરદેશના સંબંધો સુધર્યા નથી. હાલના રાજકીય સંસ્કારમાં ઘણી અનીતિ રહેલ છે. તેઓ ધન અને સત્તા તરફ જ લક્ષ રાખે છે અને મૂર્ખને અને જ્ઞાનીને માત્ર એક મત આપવાનો હક રાખે છે. મૂર્ખની સંખ્યા વધારે હોવાથી તેમની બહુમતિથી ચુંટાયેલા સભ્યોથી રાજ્ય રહે છે. સંસ્કારી માણસોની બહુમતિ રહેતી નથી. આવા સંજોગોમાં ઉત્તમ સુખનો રસ્તો નીકળતો નથી. ઘણા દેશો બીજા દેશના ભોગે માત્ર પોતાના સ્વાર્થ તરફ જ નજર રાખે છે.

હિંદુ ધર્મની રીતે માણસના જીવનના નીચે પ્રમાણે ચાર આશ્રમ કરેલા છે અને તેમાં ત્રણ આશ્રમવાળા બ્રહ્મચર્ય પાળતા હતા, તેથી વસ્તી વધતી નહોતી, આર્થીક અને સામાજીક બાબતોનો ઉકેલ બહુ સરળતાથી થઈ શકતો હતો. તે ઉપરાંત સંસ્કારના ક્ષેત્ર પ્રજાના જાણવામાં હતા, પણ પાછળથી વસ્તી વધી અને હિંદમાં વેપારી સંસ્કાર દાખલ થયા તેથી હિંદના ધાર્મિક સંસ્કાર ભૂલાવા લાગ્યા. એવા વેપારી સંસ્કારે પાકિસ્તાન ઉપર પણ અસર કરેલી છે. પાકિસ્તાનનો

હેતુ પ્રજામાં ધર્મનું શિક્ષણ ફેલાવવાનો હતો, પણ થોડા વર્ષમાં તેને પણ ધનની અને સત્તાની ધગશ જાગી છે. તેનું કારણ એ છે હાલનું વાતાવરણ આર્થીક લાભ તરફ પ્રજાનું ધ્યાન વધારે દોરે છે.

ઉત્તમ સંસ્કારની સાથે સાદું જીવન અને ઉંચા વિચાર જોઈએ. પૃથ્વી ઉપર થયેલ મહાત્માઓના જીવનથી તે બાબતની ખાત્રી થાય છે. વળી સંસ્કારી વર્ગવાળાએ સંસ્કારી વર્ગમાં લગ્ન કરવા જોઈએ અને બીન-સંસ્કારી વર્ગવાળાએ તેવા વર્ગમાં લગ્ન કરવા જોઈએ. એ રીતે માણસના સમાજમાં કેટલાક સારા મહાત્માઓ ઉત્પન્ન કરી શકાશે. જેઓને આખી જીંદગી સુધી બ્રહ્મચારી રહેવું હોય, તેમનો હેતુ આત્મ-સાક્ષાત્કારનો હોય તો તેમને સંસ્કારી વર્ગમાં મુકવા અને જેમનો હેતુ સંસારના બીજા ભોગ ભોગવવા હોય તેમને બીનસંસ્કારી વર્ગમાં મુકવા જોઈએ.

## ધર્મનું ધોરણ

હાલ જે રીતે બધા દેશોમાં ધર્મની રીતો ચાલે છે. તેમાં થોડોક ફેરફાર કરવો પડશે. હાલની કેટલીક રીતો બીન-સંસ્કારી વર્ગને ફાવે તેવી છે. તેથી ધર્મ માટે નવા પુસ્તકો એવી જાતના બનાવવા જોઈએ કે જેથી માણસોને ઈંદ્રિયો ઉપર સંયમ આવે અને તેમનું મન આત્મસાક્ષાત્કાર તરફ વળે. યુનોની સંસ્થા માણસોને યુદ્ધમાંથી બચાવવાનું લક્ષ્ય રાખે છે, પણ યુનેસ્કોની સંસ્થા ધારે તો માણસોના સંસ્કાર



ઠીક કરવાના ઉપાય શોધી શકે તેવું છે. તે માટે યુનેસ્કોની સંસ્થામાં સારા સાધુઓ એટલે પોપ અને વિનોબા ભાવે જેવાને દાખલ કરવાની જરૂર છે. તેમાં એક મુસલમાની ધર્મના મોલ્વી અને ચીનના સાધુને પણ દાખલ કરી શકાય. તેઓ આખી પૃથ્વીના જીવનના હિતની દૃષ્ટિએ વિચાર કરી શકે છે. યુનેસ્કોની સંસ્થામાં થોડાક તત્વજ્ઞાની અને વિદ્વાન માણસોને પણ દાખલ કરવા જોઈએ.

દરેક દેશને મરજી પડે તેવું સ્વરાજ આપવાથી વેપાર માટે અને મુસાફરી માટે ઘણા બંધન ઉત્પન્ન થયા છે. જ્યારે માણસનો સમાજ હલકી દશામાં હોય ત્યારે સ્વરાજનો અર્થ હલકા પ્રકારનું રાજ્ય થાય છે. હાલના વિદ્યાર્થીઓનું જ્ઞાન બહુ ટુંકુ રહે છે અને તેઓ જીવનનું ઉંચું લક્ષ્ય સ્વીકારી શકતા નથી. તેઓના મન એટલા નબળા રહે છે કે તેમને બીજા નેતા પોતાની મરજી પ્રમાણે બીજી દીશામાં ઘસડી જાય છે. પ્રજાસત્તાક રાજ્યમાં બધા ધારાધોરણ બહુમતિથી ઘડાય છે, તેથી આવા સાધારણ કોટીના માણસોને ઉત્તેજન મળવું જોઈએ નહિ. વિદ્યાર્થીઓને બધું જીવન બરાબર સમજાવે તેવા શિક્ષકોની પણ ખામી છે. તેથી જેમ ખેડૂતો સારી ખેતી માટે સારા દાણા પસંદ કરે છે, તેમ સંયમવાળા શિક્ષકો શાળાઓને માટે પસંદ કરવાની જરૂર છે, એટલે માત્ર સંસ્કારી વર્ગમાંથી શિક્ષકો મેળવવા જોઈએ. સંસ્કારનો વિચાર કરીને પછી બધા દેશો માટે એક રાજ્ય થાય એવું બંધારણ ઘડવું જોઈએ. હિંદમાં એવી વ્યવસ્થા હતી કે સંસ્કારીલગ્ન દ્વારા સારા

સંસ્કાર બાળકોને વારસામાં મા-બાપ તરફથી મળતા હતા. હાલના કાળમાં ગમે તે માણસ ગમે તેને પરણી શકે છે, તેથી લગ્નનો આદર્શ સચવાતો નથી, માત્ર ઈન્દ્રિયોના ભોગનો જ આદર્શ રહે છે અને તેથી સમાજમાં જે જાતની પ્રજા જોઈએ તેવી જાતની પ્રજા મળી શકતી નથી. તેથી સંસ્કારી વર્ગવાળાએ સંસ્કારી વર્ગમાં જ પરણવું જોઈએ. હાલના વેપારી સંસ્કારવાળા માણસો અગ્નિમાં વધારે લાકડા નાખીને અગ્નિને ઓલવવાનો પ્રયત્ન કરે છે. તેના પરિણામે એટમ બોમ્બ અને હાઈડ્રોજન બોમ્બની ઉત્પત્તિ થયેલ છે.

## માણસના જીવનનો હેતુ

સારા અને ઉંચા વિચાર માણસની લાગણી ઉપર અંકુશ લાવી શકે છે, પણ વર્તમાન કાળનું માણસનું જીવન એટલું વ્યવસાયવાળું થઈ ગયું છે કે તેને માત્ર પૈસાની અને કુટુંબની ચિંતા રહે છે અને બીજા ઉંચા વિચાર કરવા જેટલી ફુરસદ રહેતી નથી. તેને માટે જીવનમાં ઘણી મુશ્કેલીઓ રહે છે અને તેથી તે બીજાના સુખદુઃખનો વિચાર પણ કરી શકતો નથી. સામાન્ય માણસના મગજમાં અજ્ઞાન અને અંધારૂં રહે છે. દેશ-સેવા સદ્‌ગુણના રૂપમાં દેખાવાને બદલે દુર્ગુણના રૂપમાં દેખાવ આપે છે. તેનાથી એક દેશના માણસો બીજા દેશના માણસોનો તિરસ્કાર કરવા લાગ્યા છે અને બીજાને પોતાના દેશમાં દાખલ થવા દેતા નથી. દરેક માણસને કોઈ પાર્ટીમાં અથવા સંઘમાં રહેવાની ઈચ્છા થાય છે. ભાગ્યેજ કોઈ



માણસને એકાંત ગમતું હશે. પૈસો પેદા કરવામાં અને વધારવામાં જીવનનો ઘણો વખત જાય છે. તેનું એક કારણ એ છે કે દરેક કુટુંબમાં વસ્તી વધી ગઈ છે અને માણસને પોતાની ઈંદ્રિયો ઉપર સંયમ રહેલ નથી. તેને જીવનમાં વધારે સારૂં સુખ દેખાતું નથી. હાલની કોલેજોમાં સંસ્કાર સારા થાય તેવી કેળવણી મળતી નથી. તે માટે જુદા પ્રકારના સંયમી શિક્ષકોની જરૂર છે. જો શિક્ષકો બીડી કે સીગારેટ પીતા હોય તો વિદ્યાર્થીઓ એવી ટેવ તરત ગ્રહણ કરી લે છે.

વાહન વ્યવહારના સાધનથી બધા દેશો નજીક આવી ગયા છે. અને તેથી બધા દેશોના સંસ્કારની ભેળસેળ થયેલી છે. તેથી સારા સંસ્કારમાં આગળ વધવું હોય તો બધા દેશોનું એક રાજ્ય બનાવવું જોઈએ. તે માટે ઉપયોગી સુચનાઓ ઉપર આપેલી છે. એ રીતે સંસ્કારના કેન્દ્રો પણ બનાવી શકશે.

## સમ સત્તાવાળા સંબંધો

સારા સંબંધો સમસત્તામાં જ રહી શકે છે. જો રશિયા અને અમેરિકાની વચ્ચે સારા સંબંધ ઉત્પન્ન કરવા હોય તો રશિયાએ અમેરિકાના જેવાં સંસ્કાર રાખવા જોઈએ અથવા અમેરિકાએ રશિયાના જેવા સંસ્કાર રાખવા જોઈએ. આપણે બધાને સરખા હક આપવા હોય તો સારા સંસ્કારવાળા જે થોડા માણસો છે તેમણે હલકા સંસ્કારવાળી બહુમતિની હારમાં ઉભા રહેવું પડશે. તેના પરિણામમાં બધા પ્રજાસત્તાક રાજ્યોનું

જીવન હલકા પ્રકારનું થઈ ગયું છે. આપણો હેતુ એવો હોવો જોઈએ કે નાનાને મોટા બનાવવા, હલકા સંસ્કારવાળાને ઉત્તમ સંસ્કાર આપવા, તે માટે સમાજમાં ઉત્તમ સંસ્કારવાળી જ્ઞાતિનો એક નમુનો સમાજ પાસે રહેવો જોઈએ, અને તે જ્ઞાતિને સરકાર તરફથી ઉત્તેજન મળવું જોઈએ. સમાજના સંસ્કારમાં જે કુદરતી ભેદ રહેલ છે, તેની અવગણના કરી શકાય નહિ તેથી ઉપર કહ્યા પ્રમાણે બે ત્રણ વર્ગ સંસ્કાર પ્રમાણે પાડવાની જરૂર છે. પ્રજાસત્તાક રાજ્યોમાં હલકા સંસ્કારવાળી બહુમતિ રહે છે. તેથી એકંદરે સમાજના સંસ્કાર સારા થતા નથી. જો વ્યકિતના હિત કરતાં દેશના હિતને વધારે કિંમત આપવામાં આવે, તો વ્યક્તિનો વિકાસ થઈ શકશે નહિ અથવા દેશની ભાવના કરતાં વધારે ઉત્તમ ભાવના તેનામાં આવશે નહિ. હાલના વેપારીઓની મંડળીઓ અને કંપનીઓથી ધન વધારે ઉત્પન્ન થાય છે પણ તેનાથી સંસ્કાર સારા થતા નથી. મજુરો કોઈ સારા અને ઉંચા વિચાર કરી શકતા નથી. ગુન્હા ઓછા થાય એવું કરવું હોય, મૂર્ખતા ઓછી કરવી હોય તો લગ્ન પ્રથા પણ સુધારવી પડશે, કેળવણીમાં ફેરફાર કરવો પડશે અને સમાજના ભાગ સંસ્કાર પ્રમાણે કરવા પડશે.

સાપેક્ષવાદના સિદ્ધાંત પ્રમાણે કોઈપણ જાતના કર્મ વારંવાર કરવા પડે તેમાંથી પ્રમાણ નક્કી કરી શકાય છે. તેથી માણસના જીવનમાં કયા કયા સુખો છે અને તેમાં કયું સુખ સાચું છે તે પહેલાં નક્કી કરી લેવું જોઈએ. દેશની ભાવનાના સુખ કરતા વધારે મોટું સુખ આત્મામાં રહેલું છે. તેમાં સ્વાર્થ નથી પણ પરમાર્થ છે. જો માણસને આત્માનું સુખ મળી શકે તો તે ભોગ ઉપર અંકુશ લાવી શકે અને તેથી ઉત્પાદન ઓછું કરી શકાય, વસ્તી ઓછી કરી શકાય અને સારા વિચાર માટે પુરતી ફુરસદ રહી શકે. તેથી રાજ્યના પ્રધાનોને પહેલાં તત્વજ્ઞાની બનાવવા જોઈએ અથવા તત્વજ્ઞાનીને પ્રધાનપદ આપવું જોઈએ હાલના પ્રધાનો કહે છે કે દરેક માણસના હાથ અને પગ માત્ર તેના દેશને માટે જ વાપરવા જોઈએ અને બધા માણસોએ એક જ જાતના વિચાર કરવા જોઈએ તેને સામાજીક સ્વાર્થ કહે છે અને તે વ્યક્તિના વિકાસમાં બહુ વિઘ્નકર્તા છે. જો સારા સંસ્કારવાળી જ્ઞાતિ સમાજમાં ઉત્પન્ન કરવી હોય તો તેનો નમૂનો સમાજમાં કાયમ રહેવો જોઈએ. માણસને નવો બનાવવો જોઈએ. સુધારાનો અર્થ એવો છે કે માણસમાં વિશ્વભાવના આવવી જોઈએ.



પ્રો. આઈન્સ્ટાઈને એક જગ્યાએ લખેલ છે કે "નીતિ માટે પહેલાં જો ચોક્કસ સિદ્ધાંતો નક્કી કરી શકાય તો પાછળના જીવનની રીત પણ બરાબર નક્કી કરી શકાય. જેવું ગણિતમાં બને છે તેવું સમાજમાં બને છે. ગણિતમાં કેટલાક મૂળ સિદ્ધાંતોને નક્કી કરવામાં આવે તો તેમાંથી બીજા સિદ્ધાંતો મેળવી શકાય છે. સમાજને માટે પણ એવી રીતે કેટલાક મૂળ સિદ્ધાંતો નક્કી કરવા જોઈએ." તે માટે હિંદુઓની વર્ણાશ્રમ

ધર્મની પદ્ધતિમાંથી કેટલીક અમુલ્ય સુચનાઓ મળી શકે તેવું છે. તેમાંથી થોડીક હકીકત ઉપર આપેલી છે, એ રીતે સામાજીક માયા જીતી શકાય તેમ છે.

## પ્રકરણ : ૫

## કર્મ અને જ્ઞાન

કર્મ એ વિકારી તત્ત્વ છે અને જ્ઞાન એ અધિકારી તત્ત્વ છે. વળી કર્મના ખંડ થઈ શકે છે પણ જ્ઞાનના ખંડ થઈ શકતા નથી પણ કર્મ અને જ્ઞાન બંને ભેગા થાય ત્યારે જ્ઞાનમાં વિકારીત્વનો અને ખંડત્વનો ભાસ થાય છે,. તે માયા છે. તેથી બંનેનું ખરૂં રહસ્ય જાણવાની જરૂર છે. આત્માના સ્વરૂપમાં જ્ઞાન એ મુખ્ય તત્ત્વ છે. એ ધર્મ કોઈ બહારના નિમિત્તથી આવતો નથી, પણ પોતાના સ્વભાવમાંથી જ પ્રગટે છે.

જેઓ એમ માને છે કે મને કર્મ નડે છે, તેને આત્માની સ્વતંત્રતાની ખબર નથી. જો સ્વપ્નાના કર્મ જાગ્રતમાં નડતા નથી તો જાગ્રતના કર્મમાં વિશેષ સત્તા ક્યાંથી આવે ! માણસની ભૂલના કારણે રાગ, દ્વેષ, વિકારરૂપ સંસાર પ્રતીત થાય છે. માણસ પોતાની ભૂલથી પોતાને વિપરીત માને પણ તેથી આત્માનો સ્વભાવ ફરી જતો નથી. જેને બીજાની મદદની જરૂર પડે તે સ્વાધીન કહેવાય નહિ.

છતાં માણસના સંસારમાં કર્મની જરૂર પડે છે તેથી કર્મનો વિચાર પણ કરવો જોઈએ, જ્ઞાન અને કર્મ વચ્ચે કેવો



સંબંધ છે તે પણ જાણવું જોઈએ. કર્મ બે પ્રકારના હોય છે. સકામ અને નિષ્કામ. સકામ કર્મવાળો રાગ દ્વેષમાં બંધાય છે અને કર્મના ફળમાં બંધાય છે. તેનામાં અજ્ઞાન હોય છે અને કર્તાપણું હોય છે. નિષ્કામ કર્મ કરવાવાળામાં કોઈ ઈચ્છા હોતી નથી. તેમાં પણ બે પ્રકાર છે. (૧) નિષ્કામ થવા માટે જે કર્મ કરવામાં આવે છે અને (૨) નિષ્કામભાવ પ્રાપ્ત થયા પછી જે કર્મ કરવામાં આવે છે તે. નિષ્કામકર્મ જ્ઞાનની ઈચ્છા ઉત્પન્ન કરે છે. બીજા પ્રકારના કર્મ જ્ઞાનનો ઉપદેશ આપવામાં ઉપયોગી થાય છે. પહેલા કર્મમાં જ્ઞાનની ઈચ્છા રહે છે, બીજા કર્મમાં ઉપરતીનો ભાવ રહે છે. ગીતામાં કહેલ છે કે :—

आरुरुक्षो र्मुने योंगं कर्म कारणमुच्यते ।
योगारुढस्य तस्यैव शमः कारणमुच्यते ॥

અર્થ :— આત્મજ્ઞાનની ઈચ્છાનું કારણ કર્મ છે. જ્યાં સુધી કર્મનું અનુષ્ઠાન જરૂરી લાગે છે ત્યાં સુધી જ્ઞાન થતું નથી, જ્ઞાન થયા પછી કર્મ કરવાનો અધિકાર જ રહેતો નથી પણ કર્મ ત્યાગપૂર્વક કેવળ શમ, દમ વગેરે સાધનયુક્ત પુરૂષને મુક્તિનું કારણ જ્ઞાન-નિષ્ઠામાં અધિકાર છે.

જે મહાપુરૂષોનું ચિત્ત પહેલાના જન્મના પુણ્યકર્મથી શુદ્ધ થયેલ છે તેને માટે આ જન્મમાં કર્મના અનુષ્ઠાનની જરૂર નથી. ચિત્ત શુદ્ધ હોઈ સંસારમાં આવતાં જ તેને સંસારના અસલ સ્વરૂપનું જ્ઞાન થાય છે. તેનાથી તેને વૈરાગ્ય થાય છે અને બ્રહ્મ જીજ્ઞાસા ઉત્પન્ન થાય છે. તેને કર્મ કરવાની

આવશ્યકતા રહેતી નથી.

સામાન્ય માણસોને માથે ત્રણ ઋણ રહે છે. તેને દેવઋણ, પિતૃઋણ અને ઋષિઋણ કહે છે. એ ત્રણ ઋણ ચુકવી દેવાય નહિ ત્યાં સુધી મોક્ષનો અધિકાર મળતો નથી. એ ત્રણ ઋણ પુરા કરવા માટે ગૃહસ્થાશ્રમ સ્વીકારવો પડે છે. વિદ્યાભ્યાસથી ઋષિનું ઋણ પુરૂં થાય છે, પણ હાલના જેવો અભ્યાસ નહિ, આત્મજ્ઞાન થાય તેવો અભ્યાસ કરવો જોઈએ. દેવનું ઋણ યજ્ઞ વગેરે કર્માનુષ્ઠાનથી પુરૂં થાય છે. એવા કર્મમાં સ્ત્રીની મદદની જરૂર પડે છે. પિતૃઋણની નિવૃત્તિ સંતાનની ઉત્પત્તિથી થાય છે. તેથી લગ્ન કરવાની જરૂર પડે છે. છતાં શુદ્ધ ચિત્તવાળાને બ્રહ્મચર્ય આશ્રમમાંથી સંન્યાસ આશ્રમમાં જવાની છૂટ છે. તેને માટે વૈરાગ્ય આવે કે તરત ચાલી નીકળવાની આજ્ઞા છે. જે મોક્ષનો અધિકારી થયો તેનો કર્મનો અધિકાર સમાપ્ત થઈ જાય છે.

હાલના કાળમાં વર્ણ વ્યવસ્થા અને આશ્રમ વ્યવસ્થા તુટી ગયેલ છે. તેને બદલે પૈસાની ઉત્પત્તિ, વહેંચણી અને ભોગ એવી વ્યવસ્થા ઉત્પન્ન થયેલ છે અને તે સાથે દેશની વ્યવસ્થા માટે પણ નવી જવાબદારી માણસોને માથે આવેલ છે. તેમાંથી મજૂરીના ધર્મ, વેપારીઓના સંસ્કાર અને ક્ષત્રિયોના સંસ્કાર ઉત્પન્ન થયા છે. પણ બ્રાહ્મણના જેવા સંસ્કાર ઉત્પન્ન થતા નથી.



કોઈપણ રીતે ઋણમાંથી છુટવું જોઈએ. ઋણનો બીજો અર્થ 'કર્મનો ભાર' એવો થાય છે, તે માટે દૃષ્ટિ અથવા દર્શન અથવા જ્ઞાન ઠીક કરવાની જરૂર છે. તે માટે કેટલાક માણસો ડાકોરમાં રણછોડરાયજીના દર્શન કરવા માટે જાય છે. રણછોડરાયજીનો અર્થ જે ઋણ મુક્ત કરે તે એવો થાય છે.

જેનામાં વિચારશક્તિ છે એવા માણસો વિચાર દ્વારા કર્મનો ભાર ઓછો કરી શકે છે. શ્રુતિમાં પણ કહેલ છે. <u>क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे</u> એટલે આત્મજ્ઞાનથી કર્મનો ક્ષય થાય છે. ગીતામાં પણ કહેલ છે કે <u>ज्ञानाग्निः सर्व कर्माणि भस्मसात् कुरुतेऽर्जुन</u> એટલે જ્ઞાન રૂપી અગ્નિ સર્વ કર્મને ભસ્મ કરે છે. જ્ઞાનથી દ્વૈતનો અભાવ થાય છે. તે વખતે સાધ્ય - સાધન ભાવ રહેતો નથી તો કર્મનું અંગ શી રીતે મળી શકે !

અસંગ આત્મામાં અનાત્મ વસ્તુનો સંબંધ સ્વાભાવિક બની શકતો નથી, તેથી માત્ર અવિદ્યાથી સંબંધ બને છે. અ-પ્રાપ્ત વસ્તુમાં ક્રિયા-કારક ભાવની અપેક્ષા રહે છે, નિત્ય પ્રાપ્ત આત્મામાં રહેતી નથી. જેનામાં વૈરાગ્ય નથી તેને આત્મજ્ઞાન માટે જીજ્ઞાસા ઉત્પન્ન થતી નથી. એવા પુરૂષો કર્મના અધિકારી છે. હાલના કાળમાં મજુરોનું બહુ જોર છે. તેનામાં વૈરાગ્ય ઓછો હોય છે, તેથી તેમને માટે નિષ્કામ ભાવે કર્મની જરૂર છે. જે પ્રમાણ પરાગ્વિષયક છે તે પ્રત્યગ્વિષયક થઈ શકતું નથી.

આત્મા આનંદરૂપ હોવાથી ઈચ્છા વગેરે આત્માથી ઉત્પન્ન થતા નથી પણ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. આત્મજ્ઞાનની પહેલાં વિષયોનો બાધ નથી, તેથી કર્મનો ભાર રહે છે. જ્ઞાન થયા પછી વિધિ વગેરે પ્રમાણ નથી, છતાં જ્ઞાની પુરૂષનો જે અલ્પ વ્યવહાર થાય છે તે પ્રત્યક્ષાદિ પ્રમાણને સાચું માનીને થતો નથી, તેથી તેમને કર્મનો ભાર લાગતો નથી. અજ્ઞાનનો નાશ થાય તેની સાથે કર્મના હેતુરૂપ વર્ણ, આશ્રમ અને શરીર વગેરેના અભિમાનનો નાશ થાય છે, તેથી કર્મનું વિધાન રહેતું નથી.

જેઓ કર્મના અધિકારી છે તેમના મનમાં હંમેશા એવી ચિંતા રહે છે કે "આટલું કર્યું, હવે આટલું કર્મ કરવાનું બાકી રહ્યું." એવા વિચારની ધારા રહે છે, તેણે પાંચ વર્ષ સુધીની યોજના ઘડી રાખી હોય છે. જ્યાં ભેદ રહે છે ત્યાં અભેદ રહેતો નથી. વાસ્તવમાં ભેદ અને અભેદ એક વસ્તુમાં રહેતા નથી. અભેદને પારમાર્થિક માનવામાં આવે અને ભેદને કલ્પિત માનવામાં આવે તો કોઈ વિરોધ નથી. જો ભેદ વાસ્તવિક માનવામાં આવે તો તે વસ્તુતંત્ર થાય અને ભેદ-બુદ્ધિ પ્રમાણવાળી થાય અને ભેદ પ્રમાણ થાય તો અભેદ બુદ્ધિ ઉત્પન્ન થાય નહિ. જો અભેદ પારમાર્થિક હોય તો તે વસ્તુતંત્ર હોવાથી અભેદ બુદ્ધિ પ્રામાણિક થશે, અને વિરોધથી ભેદ બુદ્ધિ થશે નહિ. સંસાર બ્રહ્મમાં કલ્પિત છે, તેથી સંસારમાં રહેલ કર્મ વગેરે પણ કલ્પિત છે, તેથી બ્રહ્મ-જીજ્ઞાસુ માટે કર્મનો અધિકાર રહેતો નથી. જેને આલોકના અને પરલોકના



સુખમાં વૈરાગ્ય છે તેવા જીજ્ઞાસુને જ્ઞાન સિવાય બીજા કર્મ વગેરેની અપેક્ષા નથી.

જે માણસ ધર્મનું અનુષ્ઠાન કરે છે તે ક્રિયા વગેરેથી શૂન્ય આત્માની ભાવના કરી શકતો નથી, તેમ કરે તો તેનાથી કર્મનું અનુષ્ઠાન જ બની શકતું નથી, તેથી કર્મથી ઉપરામ વૃત્તિ એજ જ્ઞાનનું સાધન છે! ત્યાગી પુરૂષ જ ક્રિયા ફળ સંબંધ શૂન્ય આત્માની ભાવના કરી શકે છે. વેદાન્તનું પ્રમેય બ્રહ્મ સ્વયં પુરૂષાર્થ છે. તે વિધિના બળથી પુરૂષાર્થ નથી. કોઈ રાજપુત્રને કોઈ રાજખટપટને લઈને કોઈ ભીલને ત્યાં રાખવામાં આવ્યો, ત્યાં તેને ખબર નથી કે પોતે રાજપુત્ર છે. પછી કોઈ આપ્ત પુરૂષના વાક્યથી તેના જાણવામાં આવ્યું કે હું રાજપુત્ર છું તો ઘણા કાળની વ્યાધ ભાવના તેનામાંથી નિવૃત્ત થઈ જાય છે, તેવી જ રીતે શ્રુતિ જીજ્ઞાસુને કહે છે કે "તું સંસારી નથી, પણ સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ છો." એવું સાંભળતા તેનામાં નવા વિચારો સ્ફૂરવા લાગે છે. તત્ત્વમસિ-વાળું વેદવાક્ય જીજ્ઞાસુને કેવળ આત્માને સમજાવવાનો પ્રયત્ન કરે છે, પણ કોઈ કાર્યવિશેષમાં પ્રેરિત કરતું નથી.

ચિત્તની શુદ્ધિ વૈરાગ્યથી થાય છે અને ભગવાનની કથાઓ સાંભળવાથી થાય છે. બીજા સામાજીક કર્મોથી ચિત્તની શુદ્ધિ બરાબર થતી નથી કારણકે તે વિજાતીય પ્રત્યય ઉત્પન્ન કરે છે. જેના ચિત્તમાં રાગ વગેરે દોષ હોય છે તે તત્ત્વજ્ઞાની થઈ શકતા નથી. જેમ વિષયો મિથ્યા છે તેમ તેમાં રાગ પણ મિથ્યા છે. જેમ સ્વપ્નાનો રાગ મિથ્યા છે, તેમ જાગૃતનો રાગ

પણ મિથ્યા છે.

જે માણસો શાસ્ત્ર દ્વારા આત્મતત્ત્વ નથી જાણતા તેમને અનેક જન્મ જણાય છે. અજ્ઞાનકૃત જન્મ છે અને જ્ઞાનકૃત મોક્ષ છે, એ વેદાન્તનો સિદ્ધાંત છે. એટલે આત્માનો વાસ્તવિક જન્મ થતો નથી. જન્મ તો શરીર અને ઈંદ્રિયો વગેરેનો થાય છે. જેને શરીર અને ઈંદ્રિયો વગેરેમાં તાદાત્મ્યાધ્યાસ થાય છે તેને શરીર તથા ઈંદ્રિયો વગેરેની ઉત્પત્તિથી આત્માની ઉત્પત્તિ ભાસે છે. તેઓને અનેક જન્મ માનવા પડે છે પણ જેને એમ લાગે છે કે "આત્મા કૂટસ્થ, નિત્ય, નિર્વિકાર છે" તે સંસારી થતો નથી.

બ્રહ્મજ્ઞાનની પહેલાં જ સંસારના દોષ જોવાની જરૂર હોવાથી સંસારથી માણસ વિરક્ત થાય છે, છતાં કોઈવાર જન્માન્તરીય પાપથી રાગદ્વારા ફરીથી સંસારની પ્રવૃત્તિ તરફ વળી જાય છે, તેથી તેના પ્રતિકારના ઉપાય માટે ઉપદેશની જરૂર છે. જો રાગાદિની અનુવૃત્તિ ન હોય તો ઉત્તમ છે, તે વખતે પ્રતિકારની જરૂર નથી, પરંતુ બધાના સમાન કર્મ હોતા નથી, તેથી જન્માન્તરીય કર્મથી મુમુક્ષુને રાગની અનુવૃત્તિ થઈ જાય તો પણ બ્રહ્મજ્ઞાનની ઉત્પત્તિમાં સંદેહ કર્યા વગર રાગ વગેરેની પ્રતિક્રિયામાં તત્પર રહેવું જોઈએ. વિષયદોષ દર્શન અને બ્રહ્મનિષ્ઠા એ બંને મહાઔષધ છે. જો પ્રારબ્ધ કર્મોથી ભોગોમાં ઉપર્યુક્ત રાગાદિ પ્રવૃત્તિ હશે તો તે ભોગથી જ નિવૃત્ત થશે કારણ કે ભોગજનક અદષ્ટ કર્મ વધારે પ્રબલ હોય છે.



ભક્તિ માર્ગવાળા માટે બધા કર્મ ભગવાનને અર્પણ કરવા જોઈએ. એજ ભક્તનું ભજન છે. બધા કર્મ ભગવાનને અર્પણ કરવાથી ભજન ઠીક થાય છે. ભગવાનને કર્મ અર્પણ કર્યા પછી કર્મની સાથે કાંઈ સંબંધ રહેતો નથી.

હાલના કેટલાક વિચારકો એમ માને છે કે જ્ઞાની પુરૂષોએ કર્મ કરવા જ જોઈએ, તેને જ્ઞાન-કર્મનો સમુચ્ચય પક્ષ કહે છે. એ પક્ષમાં નીચે પ્રમાણે ત્રણ પ્રકારનો વિચાર બની શકે છે.

૧. જ્ઞાનની ઉત્પત્તિ પછી જે કર્મ થાય છે તેની સાથે સંબંધ છે ?

૨. પૂર્વ જન્મના કર્મો સાથે સંબંધ છે ?

૩. વર્તમાન જન્મના કર્મો સાથે સંબંધ છે ?

તેમાં પહેલો પક્ષ ઠીક નથી કારણકે બ્રહ્માત્માની એકતાનું જ્ઞાન થયા પછી જાતિ વગેરેના અને દેશ વગેરેના અભિમાનનો બાધ થવાથી કર્મોનું અનુષ્ઠાન થઈ શકતું નથી અને અનુષ્ઠાન ન હોવાથી જ્ઞાનીને માટે ભાવી કર્મ નથી, તેથી તેવા કર્મ થઈ શકતા નથી. બીજો પક્ષ પણ ઠીક નથી કારણકે જ્યારે એવો નિશ્ચય થઈ જાય કે આત્મા અક્રિયા છે, ત્યારે આત્મામાં વાસ્તવિક ક્રિયા થઈ શકતી નથી, તો કર્મ ક્યાંથી આવે ! આત્માના અપરોક્ષ જ્ઞાનથી અજ્ઞાનની નિવૃત્તિ થઈ જતાં તેના મૂળમાં રહેલ કર્તૃત્વ વગેરે ધર્મની નિવૃત્તિ થઈ જાય છે. ગીતામાં પણ કહેલ છે કે :– જ્ઞાનાગ્નિઃ સર્વ કર્માણિ

ભસ્મસાત્ કુરુતે જ્ઞાનરૂપી અગ્નિ બધા કર્મને બાળી નાંખે છે.

કોઈ એમ માને કે અજ્ઞાનની નિવૃત્તિ થતાં અજ્ઞાનનું કાર્ય નિવૃત્ત થાય છે, અને કર્મ તો અજ્ઞાનનું કાર્ય નથી, માટે જ્ઞાન અને કર્મનો સમુચ્ચય બની શકે છે, તો તે વાત સાચી નથી. રજ્જુમાં સર્પનું જ્ઞાન એ અજ્ઞાન છે, કારણકે રજ્જુ સર્પ કોઈ વાસ્તવિક પદાર્થ નથી. અને બીકથી ભાગવાનું કારણ અજ્ઞાન છે, વાસ્તવિક રજ્જુનું જ્ઞાન થતાં, રજ્જુમાં સર્પનું જ્ઞાન, રજ્જુનું અજ્ઞાન અને તે નિમિત્તથી થતું પલાયન વગેરે કર્મ નિવૃત્ત થઈ જાય છે એવો લોકોનો અનુભવ છે. તેજ પ્રમાણે આત્મજ્ઞાન થતાં આત્માનું અજ્ઞાન અને તેના મૂળમાં રહેલ કર્મની નિવૃત્તિ થઈ જાય છે. અજ્ઞાની માણસ અમુક અમુક ફળની કામનાથી તે તે જાતનું કર્મ કરે છે, તેથી કર્મનું મૂળ અજ્ઞાન છે.

હવે ત્રીજો પક્ષ લઈને વિચાર કરીએ. જે જન્મમાં ઉત્પત્તિ થાય છે, તે જ જન્મમાં જ્ઞાનની ઉત્પત્તિના પહેલાં જે કર્મ કર્યા હોય તેનો જ્ઞાનથી બાધ થાય છે. દોરડી એ સર્પ નથી એવું જ્ઞાન થતાં વિદ્વાન પુરૂષ સર્પ-જ્ઞાનની નિવૃત્તિની પહેલાં અર્થાત્ સર્પ-જ્ઞાનની અવસ્થામાં ભય, પલાયન વગેરે જે કાર્ય કર્યા હોય તેને માટે અનુતાપ અથવા પશ્ચાતાપ કરે છે, તે જ પ્રમાણે તત્વજ્ઞાનથી અજ્ઞાનની નિવૃત્તિ પછી, આટલો સમય વ્યર્થ કર્મ કર્યા એ પ્રમાણે પરિતાપ કરે છે, તેથી જ્ઞાનની ઉત્પત્તિના પહેલાં આ જન્મમાં અનુષ્ઠિત કર્મોની સાથે પણ જ્ઞાનનો સમ્મુચય થતો નથી. વળી જ્યાં કાંઈક ઉત્પત્તિ,



પ્રાપ્તિ, સંસ્કૃતિ કે વિકૃતિ કરવાની હોય ત્યાં કર્મની જરૂર પડે છે પણ એ ચારે આત્માના ધર્મ નથી, તેથી જ્ઞાન અને કર્મનો સમ્મુચય થતો નથી. ન્યાયથી પણ પ્રબળ જ્ઞાનની સાથે દુર્બલ કર્મનો સમુચ્ચય થઈ શકતો નથી.

જીવ અને જગતમાં બ્રહ્મદૃષ્ટિ કરવી એ ભક્તિ માર્ગ છે અને તે કાંઈક સહેલો છે, પણ બ્રહ્મદશામાં જીવ અને જગત જોવા એ બની શકે તેવું નથી તેથી વેદાન્તનો વિવર્તવાદ સિદ્ધ થાય છે. સ્વપ્નામાંથી ઉઠયા પછી સ્વપ્નના જીવ-જગત મળી શકતા નથી. જો લેવા જાય તો ફરીથી જીવ બનવું પડે અને મુક્તિ મળે નહિ.

જ્ઞાન અંતરંગ છે, તે યથાવસ્તુરૂપ છે, નિત્ય પ્રાપ્ત છે, મહાફળવાળુ છે અને એકરૂપ હોવાથી બળવાન છે. કર્મ બહિરંગ છે, યથાર્થ વસ્તુ બનાવતું નથી, અનિત્ય છે, અલ્પ ફળવાળું છે અને અનેકરૂપ છે. વળી જ્ઞાન અને કર્મ ભેગા રહી શકે નહિ. તત્ત્વજ્ઞાન વખતે કર્મ રહેતું નથી, તો બંને ભેગા શી રીતે રહી શકે ? જે લોક કર્મ-સાધ્ય છે, તે ક્ષયી છે. બ્રહ્મજ્ઞાન માત્ર સ્વરૂપ હોવાથી નિત્ય અને સ્વાનંદતુષ્ટ છે. આત્મજ્ઞાનીની વાસના ક્ષીણ થઈ જાય છે. જ્ઞાની સ્વાત્માથી અતિરિકત કાંઈ જોતા નથી, અજ્ઞાની માણસ જાગ્રત વગેરે અવસ્થાઓની કલ્પનાં કરે છે, પણ કલ્પિત અવસ્થાઓથી જ્ઞાનીના આત્મામાં સંસ્કાર પડતાં નથી. જેમ મૃગજળથી જમીન ભીની થતી નથી તેમ તત્ત્વજ્ઞાની પુરૂપમાં કલ્પિત જાગ્રત, સ્વપ્ન વગેરેના સંસ્કાર પડતા નથી. જ્ઞાનીને બધો

પ્રપંચ આત્મસ્વરૂપ જ પ્રતીત થાય છે, તેને માટે માયા નથી.

જીજ્ઞાસુને માટે તત્ત્વજ્ઞાન, વાસનાક્ષય અને મનોનાશ એ ત્રણેની જરૂર પડે છે. પુરૂષ સ્વતઃ અસંગ છે. તેનામાં કર્તૃત્વ વગેરેનો અનર્થસંગ અવિદ્યાથી જ થાય છે. અવિદ્યા અને વાસના એ કર્તૃત્વાદિ અનર્થના આરોપમાં કારણ છે. અવિદ્યા કારણ હોવાથી અવિદ્યાના નાશથી મોક્ષ થાય છે. વાસનાક્ષય અને મનોનાશ અવિદ્યાના નાશમાં સહકારી કારણ છે. સ્વપ્નામાં અજ્ઞાનથી કલ્પિત ચોર દેખાય છે, જાગ્યા પછી સ્વપ્નના અજ્ઞાનની નિવૃત્તિની સાથે કલ્પિત ચોરની નિવૃત્તિ પણ થઈ જાય છે. જાગ્યા પછી ચોરના અદર્શનમાં જાગ્રત બોધ કારણ છે, બીજાું કારણ નથી. તે પ્રમાણે અજ્ઞાન-કલ્પિત શરીર વગેરેના અદર્શનમાં આત્મબોધ એ કારણ છે.

આત્મજ્ઞાનથી બાધિત પ્રપંચની પૂર્વ, સંસ્કારવશ પ્રતીતિ થવા છતાં જન્માન્તરના આરંભરૂપ અનર્થનું કારણ થતી નથી, જેમ શેકેલું બી ઉગતું નથી તેમ બાધિત પ્રપંચથી બીજો જન્મ આવતો નથી.

વળી એક આત્મા યથાર્થ વસ્તુ છે. એક આત્મા જ દ્વૈત જેવો દેખાય છે. વાસ્તવિક આત્મા જ એક તત્ત્વ છે. તે પણ સાંખ્ય વગેરે દ્વૈતવાદીઓની માફક અનેક નથી પણ એક છે. તેના સાક્ષાત્કાર માટે વિધિ નથી કારણ કે ઘટાદિ પ્રત્યક્ષની માફક દ્વિતીયના અભાવવાળો બ્રહ્મ-વિષયક માનસ વૃત્તિરૂપ સાક્ષાત્કાર વિષયાધીન અથવા પ્રમાણાધીન છે, પુરૂષાધીન નથી. જે પુરૂષાધીન હોય તે વિધેય થઈ શકે છે. બ્રહ્મસ્વરૂપ



સાક્ષાત્કાર તો બ્રહ્મથી અભિન્ન હોવાથી નિત્ય છે, સાધ્ય નથી તેથી તેનું વિધાન બનતું નથી.

વેદાન્તના શ્રવણ પછી મનનની જરૂર માનેલી છે. મનનથી ધ્યાન થાય છે. ધ્યાનથી બે પ્રકારનું જ્ઞાન થાય છે. ભ્રમાત્મક અને પ્રમાત્મક. પ્રથમ જ્ઞાનના નિરંતર અભ્યાસથી વસ્તુનો નિશ્ચયાત્મક સાક્ષાત્કાર થતો નથી. સ્થાણુ છે કે પુરૂષ છે એવા સંશયાત્મક જ્ઞાનના નિરંતર અભ્યાસથી સ્થાણુ વિષયક અથવા પુરૂષ વિષયક સાક્ષાત્કાર પ્રમાત્મક થતો નથી, તેથી ભ્રમાત્મક જ્ઞાનની આવૃત્તિરૂપ ધ્યાન અદ્વૈત બ્રહ્મના દર્શનનો ઉપાય નથી. પ્રમાત્મક ધ્યાનના અભ્યાસના સંગ્રહને માટે, મનન વિશેષણ આપેલ છે. મનનથી સાંભળેલ જ્ઞાનમાંથી સંશય વગેરે નીકળી જાય છે. તેથી મનન પૂર્વક ધ્યાન એ આત્મ-સાક્ષાત્કારનો મુખ્ય ઉપાય છે. તેનાથી મોક્ષના પ્રતિબંધરૂપ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે.

અધિષ્ઠાન તત્ત્વના જ્ઞાનથી અધ્યસ્ત ઉપાદાન અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. ઉપાદાનની નિવૃત્તિથી ઉપાદેયની નિવૃત્તિ થાય છે, સંસારનું નિમિત્ત છે આત્માનો અયથાર્થ અનુભવ. શાસ્ત્રથી આત્માનો યથાર્થ અનુભવ થતાં ઉપાદાનભૂત અજ્ઞાનની નિવૃત્તિથી સંસાર નિવૃત્ત થાય છે. તેને માટે બીજા સહકારી કારણની જરૂર નથી. વિવર્તવાદમાં સંસારનું કારણ અજ્ઞાન છે અને તેની નિવૃત્તિ જ્ઞાનથી થાય છે, બીજાું કોઈ સાધન નથી.

દ્વૈત કલ્પિત હોવાથી આત્મ-સાક્ષાત્કારથી નિવૃત્ત થઈ જાય છે, પછી કોઈ નિયોગ અથવા યુક્તિની અપેક્ષા નથી. બીજી વસ્તુ હોય તો અપેક્ષા અથવા અનપેક્ષાનો વિચાર થાય છે, અન્યથા નથી. સંદેહની નિવૃત્તિ માટે પ્રમાણતર્કની અપેક્ષા કરે છે, અર્થની સિદ્ધિને માટે નહિ. ચિત્તમાં સ્થિરતા આવે એ મહાન પુણ્યનું ફળ છે. સ્થિરતા આવવાથી ધ્યાન સારૂં થાય છે. આંહી ધ્યાન એટલે માનસી ક્રિયા સમજવી નહિ પણ જ્ઞાનમાં સાવધાનતા માત્ર સમજવાનું છે. નિદિધ્યાસનનો અર્થ પણ એ છે કે પ્રત્યયાન્તર અવ્યવહિત નિરંતર નિશ્ચયાત્મક આત્મભાવના.

માણસોને મુખ્ય મુશ્કેલી એ નડે છે કે સચ્ચિદાનંદ રૂપ બ્રહ્મમાંથી અજ્ઞાનયુક્ત અને દુઃખવાળું જગત થયું શી રીતે ? જો જગત ભ્રાંતિથી દેખાતું હોય તો પણ જે કોઈ દિવસ જોયું ન હોય તેની ભ્રાંતિ થતી નથી. આકાશપુષ્પની ભ્રાંતિ થતી નથી. વાંઝણીના દિકરાની ભ્રાંતિ થતી નથી તેથી એવો નિયમ રહે છે કે જે કાંઈ પહેલા પ્રમાણથી પ્રમિત હોય તેનો ભ્રમ દૃષ્ટિદોષથી થઈ શકે છે. છીપમાં રૂપું દેખાય છે તેમાં રૂપું પહેલા કોઈ જગ્યાએ જોયેલું હોય છે. તેવી જ રીતે કોઈ જગ્યાએ જગત પહેલાં જોયું હોય તો બ્રહ્મમાં જગત જોઈ શકાય. એવો આક્ષેપ અન્યથા ખ્યાતિવાદવાળા વેદાન્તીના ઉપર મુકે છે. તેનો જવાબ વેદાન્તી નીચે પ્રમાણે આપે છે :–

અપૂર્વ અવિદ્યાવાળા રૂપાનું ભાન ભ્રાંતિથી છીપમાં થાય



છે. રજ્જુ-સર્પને કોઈએ ક્યાંય જોયો નથી, છતાં પ્રત્યક્ષ વર્તમાન અને સંનિકૃષ્ટ વિષય રૂપે દેખાય છે. કાલાન્તર અથવા દેશાન્તરમાં સ્થિત સર્પવિષયક ભ્રમ રજ્જુમાં થઈ શકતો નથી, પણ અવિદ્યા પોતે જ સર્પાકારથી અથવા રૂપાના આકારથી દેખાય છે અને તદાકાર દેખાવનું ભાન માયાની વૃત્તિથી થાય છે. આરોપિત સર્પ ચક્ષુનો વિષય નથી, તેનું શરીર પ્રતિભાસ માત્ર હોવાથી ભાનની પહેલાં નથી. તે ઈન્દ્રિયથી અસંન્નિકૃષ્ટ હોવાથી ઈન્દ્રિયગ્રાહ્ય નથી પણ સાક્ષી ભાસ્ય છે. તેવી જ રીતે અવિદ્યા સ્વયં જગતાકારથી પરિણત જેવી થાય છે અને તદાકાર પરિણત માયાવૃત્તિથી જગતનું ભાન થાય છે. સમારોપિત જગત ચક્ષુનો વિષય નથી, તેનું પ્રતિભાસ માત્ર શરીર હોવાથી ભાનની પહેલાં નથી, તેથી ઈંદ્રિય - અસંનિકૃષ્ટ હોવાથી ઈંદ્રિયગ્રાહ્ય નથી પણ સાક્ષિ-ભાસ્ય છે. આ સર્પ નથી, પણ રજ્જુ છે એવા અધિષ્ઠાનના જ્ઞાનથી સર્પની સાથે અજ્ઞાનની નિવૃત્તિ થઈ જાય છે.

વળી પ્રમાણ જનિત પ્રમિતનો બધે ઠેકાણે આરોપ થાય છે એવો નિયમ નથી, પણ જ્ઞાતનો આરોપ થાય છે, અજ્ઞાતનો નહિ એવો નિયમ છે. તે જ્ઞાન ભ્રમ હોય અથવા પ્રમા હોય તેમાં આગ્રહ નથી. જો કે પૂર્વ દ્રષ્ટ-ભેદમાં મિથ્યાત્વનો અનુભવ થતો નથી. તથાપિ વસ્તુતઃ મિથ્યાત્વ-વિશિષ્ટ ભેદનું જ્ઞાન તો અવશ્ય હોય છે. તાત્પર્ય એવું છે, કે જેમ પૂર્વ દ્રષ્ટ સત્ય સર્પના સજાતીય સર્પનું જ્ઞાન રજ્જુમાં થાય છે, તેવી જ રીતે પૂર્વ દૃષ્ટ મિથ્યા ભેદથી સજાતીય ભેદમાં સત્યત્વજ્ઞાન ભ્રમાત્મક હોય છે. ભ્રમ પ્રમા સાધારણ પૂર્વજ્ઞાન ભ્રમમાં

અપેક્ષિત છે. પ્રમોત્તર ભ્રમની માફક ભ્રમોત્તર પણ ભ્રમ થઈ શકે છે. લાઘવથી પૂર્વજ્ઞાન માત્ર આરોપમાં કારણ છે, પ્રમા કારણ નથી.

સંસાર દશામાં વ્યવહારને માટે માયિક ભેદને શ્રુતિ સ્વયં પ્રતિપાદન કરે છે. પારમાર્થિક ભેદનું શ્રુતિ નિરાકરણ કરે છે, માયિક ભેદનું નહિ; માયિક ભેદ તો સ્વાર્થ બોધને માટે અને સંસાર ચલાવવા માટે ઉપયોગી હોવાથી માયાળુ માણસોને માટે આદરણીય છે. જેમ શ્રુતિ અજ્ઞાત અદ્વૈતબ્રહ્મનું જ્ઞાન આપે છે તેમ પુરૂષોને અજ્ઞાત ભેદમાં માયિકત્વ પણ બોધન કરે છે. ભેદમાં માયિકતાનુ જ્ઞાન થતાં ભેદ મિથ્યા છે એવો નિશ્ચય થાય છે, તે પછી બ્રહ્મમાં અદ્વૈત્તત્વનો નિશ્ચય થાય છે. માયિક જ્ઞાન કલ્પિત છે. જ્ઞાન અજ્ઞાનનું વિરોધી છે. જ્ઞાનથી અજ્ઞાનની નિવૃત્તિ થતાં, અજ્ઞાનથી કલ્પિત સંસારની નિવૃત્તિ રૂપ અશેષ દુઃખની નિવૃત્તિ થાય છે. તેથી ભેદ પારમાર્થિકત્વની નિવૃત્તિ પણ પુરુષાર્થ છે, અને અજ્ઞાત છે, તેથી અજ્ઞાત પુરુષાર્થની જ્ઞાપક શ્રુતિ તે અર્થમાં પ્રમાણ છે. ભેદમાં માયિકત્વ બતાવવાથી બ્રહ્મજ્ઞાન સરળ થાય છે. ભેદમાં માયિકત્વના જ્ઞાન વિના અદ્વૈતબ્રહ્મને જાણી શકાતું નથી કારણ કે વિશેષણ જ્ઞાન પૂર્વક જ વિશિષ્ટ બુદ્ધિ થાય છે.

બ્રહ્મમાં સંસારનો આરોપ કરીને આરોપિત સંસારમાં સત્યતાનો સંબંધ માયાથી થાય છે. તેથી ભ્રાંતિકાળે સંસાર સાચો લાગે છે, વાસ્તવમાં સંસાર છે નહિ, સંસાર હોય તો બ્રહ્મજ્ઞાનથી તેની નિવૃત્તિ થાય નહિ. માયા દ્વૈતની પ્રતીતિ કરાવે છે અને દ્વૈતમાં રજ્જુ-સર્પના સત્યત્વની સમાન



અધિષ્ઠાન બ્રહ્મમાં સત્યત્વનો આરોપ કરે છે, તેથી મૂઢ પુરૂષો દ્વૈતરૂપી સંસારને સાચો માને છે.

આ ઘટ છે, આ પટ છે, વગેરે જ્ઞાનોમાં જે ભેદ પ્રતીત થાય છે તે જ્ઞાનનો સ્વાભાવિક ભેદ નથી, પરંતુ સ્વ-વિષય, ઘટ પટાદિ ઉપાધિઓના ભેદથી સ્વતઃ અભિન્ન જ્ઞાનમાં ભેદ પ્રતીત થાય છે. ઘટાકાશ, મઠાકાશ વગેરે સ્થળમાં, આકાશમાં ભેદ ભાન હોય છે, કિન્તુ ઘટાકાશ મઠાકાશમાં સ્વતઃ ભેદ માની શકાતા નથી, પણ ઘટ મઠરૂપ ઉપાધિમાં જે ભેદ છે તે ઉપધેય આકાશમાં આરોપિત પ્રતીત થાય છે. ઘટાદિ ઉપાધિનો નાશ થતાં વસ્તુતઃ આકાશમાં ભેદ નથી. રજ્જુ-સર્પ કલ્પિત હોવાથી તેનું ગમન પણ કલ્પિત હોય છે, તેમ ઘટાદિથી કલ્પિત પટાદિ ભેદ પણ કલ્પિત છે અને તેના મૂળમાં રહેલ સંવિત ભેદ પણ કલ્પિત છે, સત્ય નથી. વાસ્તવમાં સંસારના ધર્મ અંતઃકરણમાં છે, આત્મામાં નથી. સુષુપ્તિમાં અંતઃકરણ નથી તો સંસાર પણ નથી. નિરપેક્ષ આત્મા જો સંસારનો પ્રકાશક માનવામાં આવે તો સદા સંસારનો પ્રકાશ રહેવાથી મોક્ષ મળે નહિ. જો ઈન્દ્રિય વગેરે સાપેક્ષ સંસારના પ્રકાશક મનાય તો ઈંદ્રિય વગેરેના સદ્ભાવમાં સંસાર અને તેનો લય થતાં મોક્ષ સિદ્ધ થાય. ઘટાદિ વિષયોનો પુરૂષ (આત્મા) સાથે સાક્ષાત સંબંધ બની શકતો નથી, પરંતુ ઈંદ્રિય દ્વારા જ વિષયનો એ સ્વભાવ માની શકાય છે. સાક્ષાત સંબંધ માનવાથી, આ જોયું, આ નહિ જોયું, એવો દૃષ્ટ અદૃષ્ટ વ્યવહાર રહે નહિ. વિષય જ્યાં સુધી વ્યવહિત (દૂર) રહેશે ત્યાં સુધી તેનું ભાન રહેશે. ચેતનનું પ્રતિબિંબ પડવાથી અચેતન બુદ્ધિ

ચેતનની માફક જણાય છે અને ઈંદ્રિય દ્વારા બુદ્ધિનું વિષયાકાર પરિણામ એ જ વિષયનું જ્ઞાન છે. બુદ્ધિ વિષયનો પ્રકાશ કરી શકે છે પણ આત્માનો પ્રકાશ કરી શકતી નથી. ઘટ જેમ આત્મગ્રાહ્ય છે, તેથી આત્મગ્રાહક થઈ શકતો નથી તેમ બુદ્ધિપણ આત્મગ્રાહ્ય છે, તેથી આત્મસ્વરૂપ ગ્રાહક થઈ શકતી નથી.

વસ્તુતઃ પ્રત્યગાત્મા સદ્વિતીય નથી, પણ, દ્વૈતમાત્ર તેમાં કલ્પિત છે, કલ્પિત ધર્મ ઐક્યમાં બાધક થતો નથી, કારણ કે ઐક્ય સમયમાં કલ્પિત ધર્મોની નિશ્ચય નિવૃત્તિ થઈ જાય છે. જો તે છે જ નહિ તો બાધક શી રીતે થશે ? આત્મામાં ભાવાત્મક પ્રમાત્રાદિત્રય, કર્તૃત્વાદિત્રય, તથા ભોક્તૃત્વાદિત્રય બધો સંસાર વિવર્ત રૂપથી પ્રતીત થાય છે. સાક્ષ્યના સંબંધથી સાક્ષિમાં સાક્ષિત્વ છે. સાક્ષ્ય અવિદ્યાથી કલ્પિત છે, તેથી સાક્ષિત્વ પણ કલ્પિત છે. કલ્પિત ધર્મ વાસ્તવિક અવિશેષત્વનો વિરોધી થતો નથી. કલ્પિત સર્પ વાસ્તવિક રજ્જુનો વિઘાતક થતો નથી.

તેથી કર્મ નિરપેક્ષ જ્ઞાન મોક્ષનો હેતુ છે અને તેથી વિરક્ત સન્યાસીઓનો કૂટસ્થ પ્રત્યેક તત્ત્વ-સાક્ષાત્કારમાં અધિકાર છે, બહિર્મુખ પુરૂષોનો અધિકાર નથી. તેથી ઘણા માણસો બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી અને સંસારથી છૂટી શકતા નથી.

જ્ઞાત વિષય પ્રમાણથી ભિન્ન નથી અને અજ્ઞાતની સત્તા જ સિદ્ધ થતી નથી. વળી કલ્પિતનું તત્ત્વ અધિષ્ઠાન છે. જે



અતાત્વિક વસ્તુ છે તે તાત્ત્વિક વસ્તુનું અતિક્રમ કરી શકતી નથી. દૃષ્ટાંતમાં રજ્જુ તાત્ત્વિક છે, તેથી રજ્જુ-સર્પ રજ્જુનું અતિક્રમણ કરી શકતો નથી. તેવી જ રીતે સંસાર બ્રહ્મનું અતિક્રમ કરી શકતો નથી.

દેશ-કાળ અને દૃશ્ય જડ હોવાથી સ્વયં સિદ્ધ નથી. તે નિત્ય ચૈતન્યના અનુભવ દ્વારા જ સિદ્ધ થાય છે તે ચૈતન્ય અવિકારીસ્વરૂપ અનુભવ સ્વયંસિદ્ધ છે. અજ્ઞાત રજ્જુ કાર્ય સર્પમાં જ્ઞાતતા આવી શકતી નથી, તેથી જ્ઞાતત્ત્વ અને અજ્ઞાતત્ત્વ અધિષ્ઠાન ગત છે, પણ ભ્રાંતિથી અધ્યસ્તમાં પ્રતીત થાય છે. સંસાર તો સ્વયમ્ અનભિવ્યક્ત સ્વરૂપ છે, તે અપ્રકાશાત્મક છે. તેનું તિરોધાન કેમ થાય ? તિરોધાન તો વાસ્તવિક પ્રકાશનું આવરણ છે, જેમાં પ્રકાશ ન હોય તેનું આવરણ શી રીતે થાય ? એટલે સંસારનું આવરણ બને નહિ. સંસારનું જ્ઞાન થાય ત્યારે જેવું જ્ઞાન હોય તેવો સંસાર દેખાય. સંસારનું રૂપ પ્રતીતિ માત્ર છે. પ્રતીતિ હોય ત્યાં સુધી દેખાય, અધિષ્ઠાનનું જ્ઞાન થતાં તેનો ત્રૈકાલિક નિષેધ થાય છે. શુક્તિ-રજત જ્ઞાનના પહેલાં શુક્તિ-રજતની સત્તા જેમ માનવામાં આવતી નથી તેમ ઘટાદિ સત્તા ઘટાદિની પ્રતીતિ પહેલાં મનાતી નથી, તે જ રીતે સંસારની સત્તા પણ પ્રતીતિ પહેલાં માનવામાં આવતી નથી. તેથી અજ્ઞાત સંસાર બની શકતો નથી. અદ્વૈત બ્રહ્મનું જ્ઞાન અદ્વૈત જ્ઞાન વગર બની શકતું નથી. અદ્વૈત જ્ઞાનમાં ઘટ, પટ વગેરે દ્વૈતમાં સત્યત્વ ગ્રહણ

કરાવવાવાળું પ્રત્યક્ષ પ્રમાણ બાધક છે. બધાનું કારણ બ્રહ્મ છે તેથી સંસારમાં બ્રહ્મની સત્તા માનેલી છે, છતાં બ્રહ્મની અંદર સંસાર મળી શકતો નથી. બ્રહ્મજ્ઞાનમાં દ્વૈત નિષેધજ્ઞાન ઉપયોગી છે, પણ તે જ્ઞાન ઉપાદેય નથી. ફળની પ્રાપ્તિના પૂર્વમાં સાધન ઉપાદેય હોય છે, તે પછી તે મિથ્યા હોવાથી ત્યાજ્ય છે. મિથ્યા જ્ઞાન કલ્પિત વિષયક હોય છે, તેથી તેનો વિષય પારમાર્થિક થઈ શકતો નથી. કેવળ અનાત્મજ્ઞને સંસારની અનુવૃત્તિ ઉત્તરોત્તર હોય છે. આત્મજ્ઞને હોતી નથી. આત્મજ્ઞાનીને પરમાર્થતઃ પ્રપંચ ભાસતો નથી. વસ્તુતઃ સંસાર અવિદ્યાથી કલ્પિત છે. કલ્પિત પદાર્થ સાવયવ હોતો નથી, તેથી તેમાં અમુક અંશ ગ્રાહ્ય છે અને અમુક અંશ ત્યાજ્ય છે એવું કહી શકાતું નથી. કલ્પિત સર્પમાં કોઈ અંશ ત્યાજ્ય કે ગ્રાહ્ય માની શકાતો નથી, તે પ્રમાણે જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિથી સંસાર હેય અને ઉપાદેય છે, અંશ ભેદથી નહિ.

નેત્ર વગેરે દુષ્ટ સામગ્રીથી જે રૂપાદિનું જ્ઞાન થાય છે તે ભ્રાંતિ છે, તો પણ ભ્રાન્ત પુરૂષ શુક્તિ-રજત જ્ઞાનને પ્રમાણ માને છે. ભ્રાંતિ જ્ઞાન બાધ્ય વિષયક હોય છે. દ્વૈતનું ભાન અજ્ઞાનથી થાય છે. જો કે અજ્ઞાનની નિવૃત્તિ માટે બુદ્ધિ પ્રવૃત્ત થાય છે, તથાપિ તત્પ્રતિકુલ નેત્રાદિ સામગ્રી તે બુદ્ધિમાં રૂપાદિ વિષયનું શીઘ્ર આરોપણ કરી દે છે. તેથી અવિદ્યા કાર્ય-વિષયક થઈ જાય છે, તેથી બુદ્ધિ પણ બંધ હેતુવાળી થઈ જાય છે. જો વૈરાગ્ય અને અભ્યાસના સાધનથી બુદ્ધિ સ્વચ્છ થઈ જાય તો રૂપાદિનો આરોપ ન થવાથી મોક્ષને અનુકૂળ થાય છે, અન્યથા



બન્ધને દૃઢ કરે છે. વ્યવહારિક બુદ્ધિ નેત્રાદિ દુષ્ટ સામગ્રીજન્ય હોવાથી અને કલ્પિત રૂપાદિ વિષયની ભાસક હોવાથી અપ્રમાત્મક છે, વ્યવહાર દશામાં તેનું વ્યવહારિક પ્રામાણ્ય છે, વાસ્તવિક નથી. દ્વૈતનું સત્ય રૂપથી દર્શન નિષિદ્ધ છે. સંસ્કારનું વૃત્તિ વશ જીવન્મુક્તિ દશામાં કલ્પિત દ્વૈતદર્શનમાં અનુમતિ છે. તેમ ન હોય તો જીવન્મુક્ત પુરૂષની શરીર યાત્રા પણ થઈ શકશે નહિ તેથી કાલ્પનિક દ્વૈત-દર્શન મોક્ષમાં બાધક નથી. કલ્પિત દ્વૈત અંગીકાર ન થાય તો તત્ત્વનો ઉપદેશ પણ બનશે નહિ. જ્યાં સુધી વિવેક બરાબર થયો ન હોય ત્યાં સુધી મનના ધર્મથી આત્મામાં વિક્ષેપ લાગશે. વિવેક થયા પછી મનની કલ્પનાથી આત્મામાં કાંઈ હાની થતી નથી. વસ્તુતઃ ઔપાધિક ભ્રમની નિવૃત્તિ ઉપાધિની નિવૃત્તિથી થાય છે.

આત્મ-તત્ત્વની અજ્ઞાન દશામાં જે જે પ્રતીતિ થાય છે તે વસ્તુ-તત્ત્વની અવભાસક થતી નથી. જેમ નિદ્રાકાલે સ્વપ્ન આવે તો તે યથાર્થ વસ્તુ વિષયક હોતું નથી પણ કલ્પિત વસ્તુ વિષયક હોય છે, તેમ જાગ્રત કાળમાં ઘટ પટ વગેરે વિષયોનું અવગાહન કરવાવાળા જે પ્રત્યય ઉત્પન્ન થાય છે તે બધા સ્વપ્ન પ્રત્યયની સમાન પરમાર્થ વિષયક હોતા નથી.

કર્મ પ્રતિપાદક પૂર્વમીમાંસા અને જ્ઞાન પ્રતિપાદક ઉત્તરમીમાંસામાં ખાસ ફેર એ છે કે પહેલું દર્શન સ્વાર્થજ્ઞાન પછી કર્માનુષ્ઠાન દ્વારા ફળ આપે છે અને ઉપનિષદ સ્વાર્થજ્ઞાન માત્રથી પુરૂષને નિત્ય નિરતિશય ફળ આપે છે, તેમાં કર્તવ્ય વિશેપની આવશ્યકતા નથી. મરૂભૂમિમાં પ્રતિફલિત સૂર્યના

કિરણોમાં જલ દેખીને તે પીવાને માટે તરસ્યો માણસ દોડે છે, તેને તત્ત્વ જાણવા વાળો પુરૂષ કહે છે કે જે મરૂભૂમિ છે તે જલાશય નથી, તમારે તરસ છીપાવવા માટે દોડવાની જરૂર નથી, એ સાંભળી તે ભ્રાંત માણસને એવો નિશ્ચય થઈ જાય છે કે તે મરૂભૂમિ છે, જળ નથી. એ પ્રમાણે અજ્ઞાનની નિવૃત્તિ થઈ જાય છે અને તે સાથે જલની પણ નિવૃત્તિ થઈ જાય છે, તેથી પ્રવૃત્તિ શાંત થઈ જાય છે. પ્રવૃત્તિનું કારણ વિષય છે. વિષય ન રહેતા પ્રવૃત્તિ ક્યાં રહેશે ? એ દષ્ટાંત પ્રમાણે આત્મામાં અજ્ઞાનથી કર્તૃત્વ ભોકતૃત્વ વગેરેનું અભિમાન અજ્ઞાનથી થાય છે. તેના દ્વારા કર્મમાં પ્રવૃત્ત પુરૂષને તત્ત્વમસિ વગેરે વાક્ય જન્ય આત્મ-યથાર્થ જ્ઞાન થાય છે, તેનાથી અજ્ઞાનની નિવૃત્તિ થતાં બધી પ્રવૃત્તિઓથી વિરક્ત તત્ત્વજ્ઞાની થાય છે. જ્યાં કર્તા-ભોક્તા પણું રહેતું નથી ત્યાં લૌકિક અને વૈદિક બંને પ્રકારના કર્મ બાધિત થાય છે. અજ્ઞાનની નિવૃત્તિ થતાં કર્મોની સમાપ્તિ થાય છે. તત્ત્વજ્ઞાન પછી દ્વૈત માત્રમાં મિથ્યાજ્ઞાન થવાની કર્મમાં અશ્રદ્ધા થાય છે. ફળની કામના મુમુક્ષુને હોતી નથી, તો કર્મમાં પ્રવૃત્તિ શી રીતે થાય ?

આત્મજ્ઞાની માટે આત્મજ્ઞાન અને તેની સ્મૃતિના સંતાન સિવાય ચિત્તવૃત્તિના નિરોધનો બીજો ઉપાય નથી. તુરીય આત્મા અમાત્ર છે અને અવ્યવહાર્ય છે. સાચું દર્શન વસ્તુ સ્થિતિને આધીન છે, કર્તાને આધીન નથી. પ્રારબ્ધ કર્મ કોઈવાર જ્ઞાનીના ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન કરી દે, પણ



આત્માની નિત્ય-પ્રાપ્તિમાં કોઈ પ્રકારનું વિઘ્ન આવતું નથી. જેમ અજ્ઞાનીને દેહાત્મ ચિંતા નિત્ય પ્રાપ્ત છે તેમ વિદ્વાનોને બ્રહ્મ-ચિંતા નિત્ય પ્રાપ્ત છે. જેમ ભાડુતી ઘરમાં રહેવાવાળાને, તેમાં મારાપણાનું અભિમાન રહેતું નથી તેમ દેહના સંબંધના પ્રયોજક અજ્ઞાનની નિવૃત્તિ પછી શરીરમાં રહેલ આત્માને મારો દેહ એવું અભિમાન રહેતું નથી. તેથી સાક્ષી અશરીર કહેવાય છે.

દેવદત્ત ઊભો છે, દેવદત્ત બેસ છે, દેવદત્ત ચાલે છે આવી દેવદત્તની બધી સ્થિતિઓ દેવદત્ત કરતાં જાુદી નથી, એ બધી ક્રિયાઓમાં દેવદત્ત કાંઈ અન્ય વસ્તુ બની જતો નથી, તેવી જ રીતે જાગ્રતની બધી ક્રિયાઓથી દષ્ટાના વાસ્તવિક સ્વરૂપમાં વિભાગ થતા નથી. આત્માનો ધર્મ પ્રકાશ કરવાનો છે, ગ્રહણ કરવાનો નથી. અંતઃકરણનો ધર્મ ગ્રહણ કરવાનો છે, પ્રકાશ કરવાનો નથી. તેથી જે અંતઃકરણમાં જ્ઞાન પરિછિન્ન થઈને પ્રકાશ કરે છે તે અંતઃકરણ તે ક્રિયાને ગ્રહણ કરે છે, તેથી દેવદત્તનું જ્ઞાન વિષ્ણુદત્તને થતું નથી.

બ્રહ્મજ્ઞાન તો બ્રહ્મનિષ્ઠ પુરૂષો પાસેથી જ મળી શકે. ભેદભાવમાં રહેલ સંસારી માણસોના સંગથી કોઈને લાભ થતો નથી. તેથી સંસારના વિષયોમાં રહેલ માણસને માટે શાસ્ત્રમાં મોક્ષ માનેલ નથી. તેવા ધર્મોમાં રહેલ પુરૂષ બ્રહ્મજ્ઞાનનો અધિકારી થઈ શકતો નથી. વાસના સમીપમાં દૂરપણાનો ભ્રમ ઉત્પન્ન કરે છે. અને ક્ષણમાં કલ્પપણાનો ભ્રમ ઉત્પન્ન કરે છે. આત્મજ્ઞાન થયા પછી ભૂગોળ નથી અને ઈતિહાસ નથી.

# પરિશિષ્ટ

## માયાશક્તિ

કોઈ દેશપતિ મહારાજાએ પોતાની પતિવ્રતા પ્રિય સ્ત્રીને આજ્ઞા કરી સત્તા આપી હોય કે હું અંતઃપુરમાં છું, અને મને મળવાને કોઈપણ પ્રાણી આવે તો તેને આવવાનું પ્રયોજન પૂછવું અને જો તે ક્ષુદ્રાભિલાષી હોય તો તેને તે તે પદાર્થ આપી તૃપ્ત કરીને વિદાય કરવો અને ખાસ મને જ નિરેપક્ષપણે મળવા ઈચ્છે તો તેને મારા પ્રતિ આવતા રોકવો નહિ. પછી તે રાજા સમીપ ઘણા પ્રકારના કાર્યની ઈચ્છાવાન પ્રાણીઓ આવવા ઈચ્છતાં હોય તેમને જે જે પદાર્થથી સંતોષરૂપ તૃપ્તિ થાય તે તે પદાર્થ આપી પ્રસન્ન કરી તે સ્ત્રી વિદાય કરે અને પોતાની સત્તાના પ્રમાણમાં પદાર્થ આપ્યા છતાં સંતોષને ન પામે તો તેને રાજાપ્રતિ જવા દેવાય. આવી આજ્ઞા અવિરોધી થાય તેમાં તે રાજા અથવા રાણીનો દોષ કયો વિચારવાન પુરૂષ અંગીકાર કરશે ? કોઈજ નહિ, હજાર રૂપિયાની ઈચ્છાવાળાને હજાર રૂપિયા આપે, લાખ રૂપિયાની ઈચ્છાવાળાને લાખ આપે, અને તેજ પ્રમાણે જે જે પ્રકારે જે સંતોષ માને તેને તે જ પ્રમાણે સંતોષને પમાડે, એમાં જેમ તે સ્ત્રી નિર્દોષ છે તેમજ આ સર્વ લોકપતિ મહારાજા શ્રી ઈશ્વર પોતાની માયા શક્તિદ્વારા પોતાના પ્રતિ આવનારને સંતોષ પમાડે છે. અને તે રાણીરૂપ માયા-શક્તિ પોતાની મર્યાદાના પ્રમાણ સુધીના પદાર્થો આપ્યા પછી અસંતોષને પ્રાપ્ત રહેલા પ્રાણીને સાક્ષાત ઈશ્વર સન્મુખ થવા કિંચિત પણ વિરોધ કરતી નથી. તેથી ઈશ્વર પ્રાપ્તિમાં પ્રાણીનો અનધિકાર જ કારણ હોય છે, માયાનો દોષ નથી.



ટુંકમાં ઈચ્છાનું સ્વરૂપ સમજીને તેની નિવૃત્તિ કરવાની જરૂર છે.

પોતાનો જે મત હોય તે પ્રમાણે બીજાને જીવવું જોઈએ એ પણ એક ન ઈચ્છવા જેવી ઈચ્છા છે. એવી ઈચ્છાથી સંસારમાં ઘણાં વિઘ્નો ઉત્પન્ન થાય છે. રાજ્ય પ્રકરણમાં જેની અંદર સત્તા હોય તેની મરજી પ્રમાણે બીજા ચાલે એ સારૂં વર્તન માની શકાય છે, છતાં તેમાં ભૂલો થવાનો સંભવ છે અને તેમાંથી લડાઈઓ પણ થાય છે. એક વખત એવો હતો કે હિંદમાં ધોળી ટોપી પહેરનારનું ઘણું માન હતું, ફરી એવો વખત આવ્યો કે ધોળી ટોપી બાળી નાંખવામાં આવતી હતી.

માયાની રમત બહુ વિચિત્ર છે. એકવાર સાદું જીવન બહુ વખણાતું હતું. તે પછી માણસોને સંચાનો મોહ લાગ્યો અને માણસો ફેન્સી કપડાં પહેરવાં લાગ્યા. તે પછી ખાદીનો સંપ્રદાય શરૂ થયો, પણ તે લાંબો વખત ચાલ્યો નહિ, ફરીથી હિંદમાં સંચાના ઉદ્યોગો વધવા લાગ્યા છે. તેનાથી ઝડપથી સારું કામ થાય છે પણ એક સંચો ઘણા માણસનું કામ કરે છે, તેથી ઘણા માણસો બેકાર થાય છે. એ એક કારણ છે - બેકારીનું બીજું કારણ વસ્તીનો વધારો છે, કારણ કે ઈચ્છા વધતી જાય છે અને તેમાં સિનેમા ઈચ્છાઓનો વધારો કરે છે. જેઓ સિનેમા જોઈને પાછા આવે છે તે બીજા માણસો સાથે વાતો કરે છે અને સિનેમા જોવાની ઈચ્છા વધારી મૂકે છે. ઘણા સિનેમામાં વિષયોના ચિત્રો વધારે આવે છે, કારણ કે એ રીતે સિનેમાવાળાને વધારે પૈસા મળે છે. જ્યાં સુધી જીવનનું લક્ષ્ય બરાબર થશે નહિ ત્યાં સુધી આવા સંચાઓ માણસનું જીવન બગાડવાનું સાધન થશે. જેઓ પાંચ વર્ષની

યોજના ઘડે છે તેઓ આખા જીવનની યોજના આપી શકતા નથી, તેથી માણસનું આખું જીવન સુધરતું નથી. જો જીવનનો હેતુ ફરે તો જીવનની જરૂરિયાતો પણ ફરે. હાલ જીવનનો હેતુ પોતાના દેશની સેવા અથવા પોતાના પ્રાંતની સેવા અથવા પોતાના દેશની સેવા છે. આવા માણસોને જે શિક્ષણ આપવામાં આવે છે તેનાથી બીજા દેશોમાં જે સારો ભાગ હોય છે તેની તુલના થઈ શકતી નથી. તેથી માણસ હલકા પ્રકારનો શહેરી બને છે. તે પોતાના દેશની બહારના સંસ્કાર સમજી શકતો નથી. જ્યારે માણસ આવા મંડળોમાં કામ કરે છે ત્યારે મંડળના જેવા થવાની તેની ઈચ્છા થાય છે અને મંડળની બહારના તત્ત્વો તે સમજી શકતો નથી. મંડળની ઈચ્છા તેજ તેની ઈચ્છા બની જાય છે.

આપણે સંચા વધારીએ છીએ અને સંચાની મદદથી ગામડાના માણસોનો ઉદ્ધાર કરવા માગીએ છીએ, પણ સંચાથી શહેરી વાતાવરણ બને છે, અને તે નવી જાતની માયા ઉત્પન્ન કરે છે.

પહેલાં જીવનનું લક્ષ્ય નક્કી કરવું જોઈએ અને તે પછી સાધન વસાવવા જોઈએ. હાલના કાળમાં લક્ષ્ય નક્કી કર્યા વગર સાધન વસાવવામાં આવે છે તે ભૂલ છે. જ્યાં સુધી તત્ત્વજ્ઞાનની ભૂખ ઉત્પન્ન થઈ નથી ત્યાં સુધી સામાન્ય વ્યવહાર ઠીક લાગે છે, પણ તત્ત્વજ્ઞાનની ભૂખ લાગ્યા પછી વ્યવહારમાં ફેર પડી જશે.

માણસ પોતે શોધેલા સંચામાં પોતે બંધાઈ ગયો છે. જેવું સ્વપ્નમાં બને છે તેવું જાગ્રતમાં બને છે. માયાનું જ્ઞાન તેને માયામાં બાંધે છે. તેમાંથી છૂટવા માટે આત્માનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન જોઈએ અને તે દઢ કરવા માટે એકાન્ત પણ જોઈએ.